૭૦

# પરિવર્તન પામતાં ગુજરાતનાં આદિવાસી ગામો

## ૯. લવકર (વલસાડ જિલ્લો)

: અહેવાલ લેખન :

મુસ્તાઅલી મસવી

: સંપાદન :

ઠા. ભા. નાયક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૩૮૦૦૧૪

૧૯૮૧

79

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | વિગત | પાનનંબર |
| --- | --- | --- |
| ૧. | પ્રકરણ - ૧ પ્રાસ્તાવિક | ૧ |
| ૨. | પ્રકરણ - ૨ ભૌતિક સંસ્કૃતિ | ૬ |
| ૩. | પ્રકરણ - ૩ લવકર : ૧૯૬૯ | ૧૯ |
| ૪. | પ્રકરણ - ૪ લવકર : ૧૯૬૯-૧૯૭૯ તુલાનાત્મક સ્થિતિ | ૪૧ |
| ૫. | પ્રકરણ - ૫ સામાજિક સંરચના | ૫૪ |
| ૬. | પ્રકરણ - ૬ સામાજિક રીત રિવાજ | ૬૪ |
| ૭. | પ્રકરણ - ૭ ધાર્મિક જીવન | ૮૨ |
| ૮. | પ્રકરણ - ૮ સારાંશ | ૯૩ |

પ્રકરણ : ૧

## પ્રાસ્તાવિક

આદિવાસી કેન્દ્ર તરફથી ૧૯૬૯-૭૦ ના વર્ષમાં ગુજરાતની મુખ્ય આદિવાસી જાતિઓ પર અભ્યાસ ગ્રંથ રચવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ તપાસ માટે જુદા જુદા આદિવાસી વિસ્તારોમાંથી જુદી જુદી આદિવાસી જાતિઓની વસતિ ધરાવતાં ગામો પસંદ કરવામાં આવ્યાં હતા. કોકણા જાતિ માટે વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાંથી "લવકર" ગામ પસંદ કરવામાં આવ્યું હતું. ૧૯૭૯ માં ફરીથી કેન્દ્ર તરફથી આ બધાં ગામોની પુનઃ તપાસનું કાર્ય હાથ પર લેવાયું હતું. કોકણા જાતિ માટેના -લવકર- ગામની પુનઃ તપાસનું કાર્ય ,પણ ૧૯૭૯ માં કરવામાં આવ્યું હતું.

### તપાસનો ઉદ્દેશ્ય :

૧૯૬૯ માં જે ગામો પસંદ કરવામાં આવ્યાં હતાં, અને જે તે ગામમાંથી પહેલી તપાસ વખતે જે કુટુંબોની તપાસ કરવામાં આવી હતી તે જ કુટુંબો પુનઃ મોજણી (૧૯૭૯) સમયે તપાસવામાં આવ્યાં હતાં. આ તપાસનો મુખ્ય હેતુ દસ વર્ષના ગાળા દરમ્યાન આ ગામોમાં કેવા પ્રકારનું પરિવર્તન આવ્યું છે, ગામમાં કેવા પ્રકારનાં સામાજિક-આર્થિક ફેરફારો થયા છે, ગામમાં વસતા લોકોના જીવન ધોરણમાં કોઇ ફેરફાર નોંધાયો છે કે કેમ, વિષે જાણકારી મેળવવાનો હતો.

### તપાસ પધ્ધતિ :

આ ગામની તપાસ સર્વેક્ષણ પધ્ધતિ ધ્વારા હાથ ધરવામાં આવી હતી. સાથો સાથ માનવશાસ્ત્રીય સંશોધન પધ્ધતિમાં સહભાગી નિરીક્ષણ પધ્ધતિનો ઉપયોગ કરી માહિતી એકત્ર કરવામાં આવી હતી. આ તપાસમાં માત્રાત્મક પાસાઓની સાથો સાથ ગુણાત્મક પાસાને પણ મહત્વ આપવામાં આવ્યું હતું. આ તપાસ માટે અગાઉની જેમ એક પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી અને તે ધ્વારા જીવનનાં દરેક પાસાઓ વિષે

માહિતી એકત્ર કરવામાં આવી હતી. તે પ્રથમ તપાસ સમયે લેખકે પોતે ગામનું ક્ષેત્રકાર્ય કરી માહિતી એકઠી કરી હતી. જયારે પુનઃ તપાસ સમયે ગામનું ક્ષેત્રકાર્ય કેન્દ્રના સંશોધન મદદનીશ શ્રી ચંપકભાઇ ચાૈધરીએ કર્યું હતું અને માહિતી એકઠી કરી હતી.

પહેલી તપાસ સમયે ગામમાંથી ગામનાં ૬૭ કુટુંબોમાંથી ૫૮ કુટુંબોની મોજણી કરવામાં આવી હતી. જયારે પુનઃ તપાસ સમયે તે સમયના ૫૮ કુટુંબોમાંથી ૧૦ કુટુંબોના વડા ગુજરી જવાને લીધે અને ૩ કુટુંબો સ્થળાંતર કરી ગયા હોવાને લીધે ૪૫ કુટુંબો પાસેથી માહિતી મેળવવામાં આવી હતી. આ બધાં કુટુંબો કોકણા જાતિના હતાં.

<u>વિસ્તાર પરિચય :</u>

લવકર ગામ વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકામાં આવેલું છે. ધરમપુર તાલુકો ગુજરાત રાજયમાં મોટામાં મોટો તાલુકો છે. તેમાં ૨૩૭ ગામોનો સમાવેશ થાય છે. જેનો વિસ્તાર ૬૩૮ ચો.માઇલનો છે. તાલુકાનું મુખ્ય મથક ધરમપુર તાલુકાની હદે આવેલું હોઇ તાલુકાના દક્ષિણ અને અગ્નિ દિશાનાં ગામોથી લગભગ ૯૦ થી ૧૦૦ કિ.મી. દૂર પડે છે. આથી તાલુકાના મુખ્ય મથકે સહેલાઇથી પહોંચી શકાતું નથી. તેમજ કટોકટીના સમયે રોગ-ચાળો કે દુકાળના સમયે લોકોને ઘણું સહન કરવું પડે છે. તાલુકાનો વિસ્તાર ડુંગરાળ છે. તેમાં થોડો ભાગ તલાટ વિસ્તાર છે તાલુકામાં ઉત્તર ભાગમાં તાન અને માન નદીઓ વહે છે. જે બે મળી ઔરંગા બને છે. મધ્યમાં કોલક નદી વહે છે અને દક્ષિણમાં દમણગંગા નદી વહે છે. જે દક્ષિના થોડા ગામોને અસર પહોંચાડે છે. તાલુકાના વિસ્તારમાં સામાન્ય રીતે ૮૦ થી ૧૨૦ ઇંચ જેટલો વરસાદ પડે છે. પરંતુ વિસ્તાર ડુંગરાળ હોઇ પાણી ઠરતું નથી. આથી તાલુકામાં વારંવાર દુષ્કાળની પરિસ્થિતિ ઊભી થાય છે. જેથી તાલુકાની પ્રગતિ રૂંધાય છે.

ધરમપુર તાલુકાની વસતી ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે ૧,૯૩,૭૧૬ ની હતી. તેમાં હરિજનોની સંખ્યા ૧,૨૧૧ ની હતી જયારે આદિવાસીઓની સંખ્યા ૧,૭૯,૧૮૧ ની હતી. આમ આદિવાસીઓની વસતિ કુલ વસતિના ૯૩ ટકા જેટલી હતી. હરિજનોમાં મુખ્ય જાતિ મહાર, ચમાર લોકોની છે. જયારે આદિવાસીઓમાં મુખ્ય વસતિ કુકણા, વારલી, ધોડિયા અને નાયકાની છે. ૧૯૬૧ થી ૧૯૭૧ ના દાયકા દરમ્યાન વસતિમાં ૪૧,૦૧૨ માણસોનો વધારો થયો છે.



ધરમપુર તાલુકો ડુંગરાળ અને પછાત હોવાથી પ્રગતિ સાધી શકયો નહોતો. આથી તાલુકાની પ્રગતિને વેગ આપવા માટે નામદાર સરકારશ્રી તરફથી ૧-૪-૧૯૫૭ થી બહુલક્ષી વિકાસ ઘટક યોજના નાનાપોંઢામાં શરુ કરવામાં આવી હતી. જેમાં ૨૫,૦૦૦ ની વસતિ સાથે ૩૯ ગામોને આવરી લેવામાં આવ્યા હતાં. ધરમપુર રાષ્ટ્રીય વિસ્તરણ સેવા ઘટક ૧-૪-૧૯૫૭ થી શરૂ થયો હતો. ધરમપુર રાષ્ટ્રીય વિસ્તરણ ઘટકમાંથી ૧-૧-૧૯૬૧ થી આદિવાસી ઘટક નાની વહિયાળ છૂટો પાડવામાં આવ્યો હતો. જેમાં ૯૧ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તા. ૧-૪-૧૯૬૩ થી આદિવાસી વિકાસ ઘટક આંબાજંગલ ધરમપુર રાષ્ટ્રીય વિસ્તરણ સેવા ઘટકમાંથી છૂટો પાડવામાં આવ્યો હતો, જેમાં ૪૨,૦૦૦ માણસોની વસતિ હતી. ધરમપુર રાષ્ટ્રીય વિસ્તરણ સેવા ઘટક તારીખ ૧-૪-૧૯૬૪ થી આદિવાસી ઘટક તરીકે ફેરવવામાં આવ્યો હતો, જેમાં ૪૨ ગામોનો સમાવેશ થયેલ. જેની વસતિ ૪૨,૦૦૦ ની હતી. ધરમપુર તાલુકામાં વાહન વ્યવહાર ક્ષેત્રે પ્રગતિ ઘણીજ ઓછી છે જેને લીધે વિકાસ યોજનામાં ધાર્યો વિકાસ થયો નથી. ધરમપુર તાલુકામાં શિક્ષણ ક્ષેત્રે નહિવત પ્રગતિ થઇ છે. જેમાં વાહન વ્યવહારનો અભાવ, શિક્ષકોના રહેઠાણનો પ્રશ્ન અને લોકોની ગરીબીને કારણે શિક્ષણ એળે ગયું છે. ખેતી ક્ષેત્રે પાણીની અછત વર્તાય છે. વરસાદ સારો પડે છે. તેમ છતાં પ્રદેશ ડુંગરાળ અને પથ્થરાળ હોવાથી પાણી ઠરતું નથી. અને તરત વહી જાય છે. આથી વરસાદ વધુ પડતા છતાં આ વિસ્તાર દુષ્કાળનો વારંવાર ભોગ બને છે.

<u>ગામ પરિચય :</u>

લવકર ગામ તાલુકાના મુખ્ય મથકથી ૩૫ માઇલ દૂર ઉંડાણના વિસ્તારમાં આવેલું છે. ગામ પર જવા માટે કોઇ પાકો રસ્તો નથી તેમજ કોઇ સીધો બસ વ્યવહાર નથી. ધરમપુર-નાસિક અને વલસાડ-નાસિકને જોડતો એક કાચો રસ્તો છે. આમ ધરમપુર-નાસિક અને વલસાડ-નાસિક જતી બસમાં ડાબલખ બસ-સ્ટોપ પર ઉતરવું પડે છે. ડાબલખ બસ-સ્ટેંડથી લવકર ગામ લગભગ ૮ કિ.મી. જેટલું થાય છે. આમ ડાબખલથી લવકર પગપાળા જઇ શકાય છે. આ માર્ગ કાચો છે તેથી ચોમાસામાં વધુ વરસાદના કારણે ધોવાઇ જાય છે. છેલ્લા બે વર્ષથી ધરમપુરથી સીધી બસ લવકર ગામ પર સાંજે જાય છે. જે બીજે દિવસે પાછી ફરે છે. ૧૯૬૯ ની તપાસ સમયે લવકર ગામ આંબાજંગલ વિકાસ ઘટકમાં આવેલું હતું. લવકર ગામની બાજુમાં જ આંબાજંગલ ગામ આવેલુ છે. આંબાજંગલ વિકાસ ઘટકની કચેરી નાનાપોંઢામાં

આવેલી હતી. લવકર ગામની આજુબાજુ ડુંગરો આવેલા છે. જંગલ ગીચ નથી. ગામનો વિસ્તાર ૧.૯ ચો.મા.નો છે ગામની ઉત્તર-પશ્ચિમ દિશામાં વરવટ ગામની હદ છે. જ્યારે ઉત્તર દિશામાં ગામના એક ફળિયા ( સોળિયાપાણી ) અને નીલોશી ગામની હદ લાગે છે. જ્યારે પૂર્વમાં આંબાજંગલની હદ લાગે છે. દક્ષિણમાં દિવસી અને દિનબારી ગામની હદ લાગે છે. ગામમાં પંચાયત ઘર કે ચોરો નથી. ગામની આગવી પંચાયત નથી. ગામ વરવટ સંયુક્ત પંચાયતમાં આવે છે. ગામમાં મુખ્ય વસતિ કુંકણા જાતિના લોકોની છે. કેટલાંક કુટુંબો ઢોરકોળી ( કોલચા ) જાતિના લોકોનાં છે. એક મુસ્લિમ વેપારીનું કુટુંબ રહે છે. ગામની વસતિ - પારસપાડા, હાટસરી, ખટકીપાડા, તાડપાડા, સોળિયાપાણી અને કરવળપાડા એમ કુલ ૬ ફળિયામાં વહેંચાયેલી હતી. કુંકણા લોકો છૂટાછવાયાં ઘરો બાંધીને રહેતા નથી. જુદા જુદા ફળિયામાં તેમના ઘરો થોડે થોડે અંતરે બાંધેલા જોવા મળે છે. હાટસરી ફળિયું ગામની મધ્યમાં છે. જ્યાં દર રવિવારે હાટ ભરાય છે. હાટસરી થી કરવળપાડા અને સોળિયાપાણી ફળિયું લગભગ ૩ કિ.મી.ને અંતરે આવેલું છે. આમ એક ફળિયાથી બીજા ફળિયે પગપાળા જવાય છે.

ગામમાં બે પીવાના પાણીના કૂવાઓ, આંબાજંગલ ઘટક તરફથી બાંધવામાં આવેલ આ કૂવાઓનો ઉપયોગ ગામનાં લોકો પીવાના પાણી માટે કરે છે. ગામ કોલક નદીના કિનારે આવેલું છે. આ નદીમાં બારે માસ પાણી રહે છે. આથી ન્હાવા-ધોવા માટે તથા પશુઓને પાણી પીવા માટે નદીનો ઉપયોગ કરવામાં આવે છે. ગામમાં પીવાના પાણીના કૂવાની સગવડ હોવા છતાં દૂર ડુંગરાળ પ્રદેશ હોવાને કારણે ઉનાળામાં પાણી રહેતું નથી. અને ઉનાળાના છેલ્લા બે-એક માસ પાણીની મુશ્કેલી રહે છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આવેલું છે. વળી ૪ ધોરણ સુધીની પ્રાથમિક શાળા છે તેમજ ગામની સરહદે વળવટમાં ૭ ધોરણની આશ્રમશાળા ચાલે છે. ગામનાં બે-ચાર છોકરાઓ આ આશ્રમશાળામાં ભણે છે ગામથી ૧૮ કિ.મી.દૂર બીજી કપરાડા આશ્રમશાળા આવેલી છે. ગામની નજીકમાં હાઈસ્કૂલની સગવડ નથી. ગામથી ૨૫ કિ. મી. દૂર નાનાપોંઢા ઉત્તર બુનિયાદી વિદ્યાલય આવેલું છે. આ સિવાય તાલુકા મથકે માધ્યમિક શાળાની સગવડ છે. ગામમાં પોસ્ટ કચેરીની સગવડ નથી. કપરાડામાં ટપાલની સગવડ છે. કપરાડાથી દર રોજ સવારે ટપાલ લાવવા લઈ જવાની સગવડ કરવામાં આવેલી છે. ગામમાં ૧૯૬૯માં મુસ્લિમ વેપારીની દુકાન હતી. જે પુનઃ તપાસ સમયે જાણવા મળ્યું હતું કે તે બંધ થઈ ગઈ છે. અત્યારે તેનો બધો વ્યવહાર



બાજુના ગામ વરવટ સાથે છે. આ સિવાય દર રવિવારે ગામમાં હાટ ભરાય છે.ત્યાંથી તેઓ પોતાની જરૂરી ચીજ વસ્તુઓ ખરીદે છે. ગામ વરવટ સહકારી મંડળી સાથે જોડાયેલું છે.

૧૯૫૧ ની વસતિ ગણતરી મુજબ ગામની વસતિ ૨૦૮ માણસોની હતી. જ્યારે ૧૯૬૧ ની વસતિ ગણતરી મુજબ ૨૮૫ માણસોની હતી. અને ૧૯૬૯માં પ્રથમ તપાસ સમયે ગામની વસતિ ૩૫૨ ની હતી. ૧૯૫૧ થી ૧૯૬૧ સુધીમાં ગામમાં વસતિમાં ૩૭.૧ ટકાનો વધારો થયો હતો. આમ આ દાયકા દરમ્યાન ગામમાં વસતિ વધારાનો દર ૩.૭ ટકા જેટલો હતો. ગામમાં મુખ્યત્વે કુકણા, ઢોરકોળી અને વારલી આદિવાસી જાતિની વસતિ છે. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ગામની વસતિ ૩૭૩ માણસોની હતી. આમ ૧૯૬૧ થી ૧૯૭૧ ના ગાળા દરમ્યાન ગામની વસતિમાં ૩૦.૯ ટકાનો વધારો નોંધાયો હતો. ૧૯૭૧ ની વસતિ ગણતરી મુજબ ગામનો વિસ્તાર ૧,૨૦૮ એકરનો છે જેમાંની ૭૦૨ એકર (૫૮.૨ ટકા) જંગલ, ૨૪૨ એકર બિન પિયત ખેતી (૨૦.૧ ટકા), ૨૨૫ એકર ખેડાણ લાયક પડતર, (૧૮.૬ ટકા) અને ૩૮ એકર (૩.૧ ટકા) ઉપયોગમાં ન આવે તેવી જમીન છે. ગામની કુલ વસતિમાંની એટલે કે ૩૭૩ માણસોમાંથી ૧૧૪ (૩૦.૬ ટકા) માણસો કમાનાર છે. અને કુલ વસતિમાં માત્ર ૨૪ (૬.૪ ટકા) વ્યક્તિઓ, ૧૭ પુરુષો અને ૭ સ્ત્રીઓ શિક્ષિત છે. આમ તાલુકાની જેમ ગામમાં પણ શિક્ષણનું પ્રમાણ નહિવત છે. તાલુકામાં ૧૯૭૧ ની વસતિ ગણતરી પ્રમાણે શિક્ષણનું પ્રમાણ કુલ વસતિમાં માત્ર ૧૨.૪ ટકાનું છે. અને તાલુકામાં કમાનાર વ્યક્તિઓનું પ્રમાણ કુલ વસતિના ૪૨.૫ ટકા છે. આમ લવકર ગામમાં શિક્ષણ અને કમાનાર વ્યક્તિઓની ટકાવારીનું પ્રમાણ તાલુકા કરતાં નીચું હતું.

પ્રકરણ : ૨

## ભૌતિક સંસ્કૃતિ

### ઉદ્ભવ અને ઉત્પત્તિ :

કોંકણાની વસતિ મુખ્યત્વે વલસાડ જિલ્લામાં છે. તેઓ મૂળ કોંકણપટ્ટીમાંથી આવ્યાં હોઇ કોંકણા કહેવાય છે. તેમના પહેરવેશમાં, તેમની ભાષામાં કોંકણની અસર આજે પણ સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. કેટલાંક કોંકણા પોતાને કુનબી પણ કહેવડાવે છે. પણ બન્નેનો રિવાજ એકજ છે. કુનબીઓ મૂળ નાસિક કે થાણા જિલ્લામાંથી પોતે આવ્યા એમ માને છે. કેટલાંક કોંકણા બળદને અભાવે હાથે હળ ખેંચે છે તે હાથોડિયા તરીકે ઓળખાય છે.

કોંકણાનો મૂળ વસવાટ કોંકણપટ્ટી છે. તેઓ સ્થળાંતર કરીને દક્ષિણ ગુજરાતમાં (સુરત અને વલસાડ જિલ્લામાં) શા માટે આવ્યાં તે માટે એક દંતકથા પ્રચલિત છે. તેમની દંતકથા મુજબ એમના મૂળ વસવાટના પ્રદેશમાં એક કાળે ભયંકર દુકાળ પડયો. ત્યાંના લોકોએ દુકાળનું કારણ શોધવા પ્રયત્ન કર્યો. તે કાળે લોકોમાં દેવદેવીઓનાં ચમત્કારમાં ભારે આસ્થા હતી. તેમણે શોધી કાઢયું કે એક દેવીની અવકૃપાને કારણે દુકાળ પડયો હતો પરંતુ દેવીની અવકૃપા શા કારણથી ઉતરી એ જાણ્યા વિના નિવારણ શકય ન હોઇ છેવટે અનેક પ્રકારનાં વાદ વિવાદને અંતે સ્થાનિક વસવાટ કરતી જાતિમાંથી કોંકણા પર એનું આરોપણ કરવામાં આવ્યું. જે જાતિના કૃત્યને કારણે દેવી કોપ્યાં અને સમગ્ર પ્રદેશ પર દુકાળની આફત ઉતરી તે જાતિની સલામતી તે પ્રદેશમાં શકય નહોતી. લોકોએ એ જાતિ પર જુલમોની ઝડી વરસાવી અને એ જાતિને વહાલું વતન છોડવું પડયું. આ લોકોએ પોતાના વસવાટ માટે સુરત જિલ્લાનો દક્ષિણ ભાગ પસંદ કર્યો. આ ડુંગરાળ એકાંત પ્રદેશ એમને પોતાના વસવાટ માટે યોગ્ય લાગ્યો. જેમ જેમ વસતિ વધતી ગઇ તેમ તેમ તેઓ ડુંગરાળ પ્રદેશમાં ઉંડાણમાં ખસતા ગયા. પાછળથી ભદ્ર ગણાતી જાતિઓ આ ડુંગરાળ ભૂમિમાં વસવાટ કરવા આવી ત્યારે એમને પૂર્વના ડુંગરાળ પ્રદેશ તરફ જવાનું યોગ્ય ધાર્યું. એ પ્રદેશમાં

એમના રીત-રિવાજો અને સંસ્કારોની જાળવણી સારી રીતે થઇ શકતી હતી. આજે ધરમપુર, વાંસદા, ચીખલી અને વ્યારા તાલુકામાં એમની વસતિ નજરે પડે છે.

દંતકથા એ ભલે દંતકથા હોય છતાં આ પ્રજા કોંકણ પ્રદેશમાંથી આવી છે એ હવે નિર્વિવાદ છે. એમના અને કોંકણ પ્રદેશના લોકોમાં વિશેષ ભિન્નતા દેખાતી નથી. એમના કેટલા રીત-રિવાજોનું મૂળ કોંકણમાં છે. તેમની ભાષા અને પહેરવેશમાં કોંકણની અસર આજે પણ સ્પષ્ટ પણે જોઇ શકાય છે.

ઘર :
------

કોંકણા લોકોના ઘર શંકુ આકારનાં હોય છે. તેમનાં ઘરો અન્ય આદિવાસીઓની જેમ છૂટા છવાયા હોતા નથી. તેઓ જુદા જુદા પાડામાં ( ફળિયામાં ) થોડા થોડા અંતરે ઘરો બાંધીને રહે છે. ઘર પોતે જાતે જ બનાવે છે. ઘર બનાવવામાં સગા-સંબંધીઓ તેમજ જાતિના ભાઇઓ એક-બીજાને મદદ કરે છે. તેમનું ઝૂપડું ઘણું નાનું હોય છે. તેમના ઝૂંપડા સામાન્ય રીતે ૧૫ થી ૨૦ ફૂટ પહોળા અને ૧૦ થી ૧૨ ફૂટ લંબાઇ વાળા હોય છે. ઉંચાઇ પણ ૧૫ ફૂટની હોય છે. કેટલાંક સુખી કુટુંબોનાં ઘરો મોટા હોય છે. બાકી મોટા ભાગના ઝૂંપડા નાના હોય છે. લવકર ગામમાં તેમનાં ઘરો પાંચ ફળિયામાં વહેંચાયેલા છે. ( ખટકી પાડા, પારસપાડા, હાટસરી, કરવત પાડા અને સોળીયા પાંણી ) આ પાડાઓમાં તેમનાં ઘરો એકજ હરોળમાં કે થોડાક થોડાક અંતરે જોવા મળે છે. કેટલાંક પાડામાં ઘરો સામસામી હરોળમાં આવેલાં છે.

દરેક ઝૂંપડું સ્વતંત્ર રીતે બાંધવામાં આવે છે. નજીક નજીકમાં ઘરો હોય છે. પરંતુ તેમની દિવાલો સ્વતંત્ર હોય છે. બે ઘરની દિવાલ સહીયારી હોતી નથી. ઘરની ભીંતો છૂંદેલા વાંસની બનાવવામાં આવે છે. વાંસની ખપાટોની ઉપર લીંપણ કરવામાં આવે છે. કેટલાંક ખાપટોને લીંપણ કરતા નથી. ઘરોની છત પલાશના પાનથી સીવવામાં આવે છે. પાન પર ઘાસ પાથરી એને લાકડાથી દબાવવામાં આવે છે. કેટલાંક ઘરની છત ઉપર દેશી નળિયાં અથવા મેંગલોરી નળિયાં જોવા મળે છે. નળિયા પોતે જાતે બનાવી લે છે. મેંગલોરી નળિયા ધરમપુરથી ખરીદી લાવીને નાખે છે. ઝૂંપડાની નજીકમાં એકાદ માંડવો બાંધે છે. તેમાં ઢોર રાખે છે. ઘરમાં એકાદ ઓરડો હોય છે. બારણાં પણ વાંસનાં હોય છે.



કેટલાંક ઘરોમાં ઉપર માળિયું બનાવેલું હોય છે. જેના ઉપર અનાજ ભરવાની વાંસની કોઠીઓ અને ખેતીના ઓજારો વગેરે મૂકી રાખે છે. માળિયા નીચે દેવની જગ્યા રાખવામાં આવે છે. તેને ઘરના દેવ કહેવામાં આવે છે. કોઇને ઘેર દેવ ન હોય પરંતુ પ્રસંગો-પાત કોઇ બીજાના ઘેરથી દેવની પૂજા માટે લાવે ત્યારે આ માળિયા નીચે મૂકે છે. આ સિવાય બીજી ઘરવખરીની ચીજો વગેરે આ જ ઓરડામાં મૂકી રાખે છે. એક ખાંચામાં ચૂલો હોય છે. જયાં રાંધવામાં આવે છે. એક જગ્યા પર ઘંટી મૂકવામાં આવે છે. ઘરની એક બાજુએ લાકડાનું ઢાળિયું બનાવી તેના ઉપર પાંણી પીવાનાં માટલાં મૂકે છે.

ઘરની આગળ ચાર થાંભલા ઉભા કરી માંડવો બાંધેલો હોય છે. જેના ઉપર ઘાસ મૂકે છે. આ સિવાય ઘરની સામે પાછળ કે બાજુમાં બળતણના લાકડાને વરસાદથી બચાવવા માટે નાની છાપરી બનાવે છે. છાપરાની છત ઘાસથી ઢાંકવામાં આવે છે. જયારે કેટલીક છાપરીની છત દેશી નળિયાથી ઢાંકે છે. ઘરમાં ઘણીવાર બે થી ત્રણ વાંસનાં બારણાં જોવા મળે છે. પરંતુ ઘરની આગળ કે પાછળના ભાગમાં એકેય બારી જોવા મળતી નથી. અમુક કુટુંબોને બાદ કરતાં તેમના ઘરોની સ્થિતિ ઘણીજ નબળી જોવા મળી હતી. સામાન્ય રીતે ઘર પાછળ રૂા.૧,૦૦૦ થી રૂા.૧,૨૦૦ નો ખર્ચ થાય છે. જો મેંગલોરી નળિયાં ઢાળવામાં આવે તો ખર્ચ રૂા.૨,૫૦૦ સુધીનો થાય છે. આ વિસ્તારમાં વધુ વરસાદ પડતો હોઇ દરેક ઘરનાં છાપરાં ઢાળ વાળા રાખવામાં આવે છે.

દેખાવ :
------

કુંકણા લોકો રંગે કાળા, કદમાં પાંચ સાડા પાંચ ફૂટ ઉંચા અને પહોળા નાક વાળા હોય છે. સ્ત્રીઓ પુરૂષો કરતાં ખુલતા રંગની હોય છે. પુરૂષોના મોંએ ખાસ વાળ હોતા નથી. સ્ત્રીઓનું કદ પણ પુરૂષો જેટલું જ જોવા મળે છે. બોમ્બે ગેઝેટિયર મુજબ તેઓ વારલીને ઘણાં મળતાં આવે છે. કુંકણાઓનો વસવાટ મોટે ભાગે વારલીને સાથે જ જોવા મળે છે.

કુંકણા લોકો સ્વભાવે ખૂબજ ભોળા અને મળતાવડા છે. જરાએ અતડા પડતા નથી. સ્ત્રીઓ પણ સ્વભાવે મિલનસાર હોય છે. સ્ત્રીઓ પણ પોતાના પતિની સાથે તેમજ બહારની વ્યકિત જોડે ખુલ્લા દિલથી વાત કરે છે. ઘણીવાર સ્ત્રીઓ મશ્કરી પણ કરતી જોવા

મળી હતી. (જેમકે વાત વાતમાં યુવાન સ્ત્રીઓ કોઇ યુવાન છોકરીને કહે કે આ તારો નવરો છે. ક્ષેત્રકાર્ય દરમ્યાન ઘણીવાર મને પણ કહેતી કે આ તારી નવરી છે. તેને લઇ જા.) આમ લવકર ગામની કુંકણા સ્ત્રીઓ ઘણી મળતાવડા સ્વભાવની જોવા મળી હતી.

પહેરવેશ :
-------

તેમનો પોષાક સાદો છે. પુરૂષો ઘરમાં માત્ર લંગોટી પહેરે છે. બહાર જાય ત્યારે શરીરે બંડી પહેરે છે. અને માથે ફેંટો વીંટે છે. હવે યુવાન પુરૂષો પાટલૂન અને ખમીસ, તેમજ ગંજીફરાક પહેરતા થયા છે. નાની ઉંમરના બાળકો ઉઘાડા પણ ફરે છે. આઠ થી બાર વર્ષના છોકરાઓ ખમીસ, ગંજીફરાક અને હાફ-પેન્ટ પહેરે છે. સ્ત્રીઓ ઘૂંટણ સુધી કાછડો મારી પહેરેલું કપડું ઓઢે છે. જેનો એક છેડો છાતી પર ઓઢી માથે નાખે છે. ઘરમાં હોય ત્યારે ચોળી પહેરતી નથી. બહાર જતી વખતે ચોળી પહેરે છે. વૃધ્ધ સ્ત્રીઓ ચોળી પહેરતી નથી. યુવાન સ્ત્રીઓ હવે ઘરમાં પણ ચોળી પહેરેલી નજરે પડે છે. નાની વયની છોકરીઓ પણ સાડી પહેરે છે. સ્ત્રીઓ ઘૂંટણની નીચે પહેરેલ કપડાંને લૂગડું કહે છે. માથે ઓઢેલાને "ફડકી" કહે છે. સ્ત્રીઓ સાડી ઘણી સારી જાતની ખરીદે છે. તેમની લગ્નની સાડીઓ રૂ.૭૫ થી રૂ.૧૦૦ ની હોય છે.

ઘરેણાં :
------

સ્ત્રી પુરૂષ બન્ને ઘરેણાનાં ઘણાં શોખીન હોય છે. પરંતુ પુરૂષો જવલ્લે જ ઘરેણાં પહેરે છે. અગાઉ તેઓ શંખ કે છીપલાંની માળા પહેરતાં હતાં. હવે તેઓ કથીર કે ચાંદીના દાગીના પહેરે છે. કીડિયાંની માળાઓ પણ પહેરે છે. ફૂલનાં ખૂબ શોખીન છે. સ્ત્રીઓ બહાર જવું કે હાટમાં જવું હોય ત્યારે માથામાં તેલ બરાબર નાખીને સરસ રીતે અંબોડે ફૂલ ખોસીને નીકળે છે. પુરૂષો કાનમાં રૂપાની કે ચાંદીની કડી પહેરે છે. જેને તેઓ "ગોલ" કહે છે. તેમની સ્થિતિ સારી નહિ હોવાને કારણે ચાદીનાં કે કથીરનાં ઘરેણાં બનાવી શકતા નથી. હવે યુવાન સ્ત્રીઓ શહેરીકરણની અસરને લીધે રોલગોલ તેમજ હલકી ધાતુનાં દાગીના પહેરે છે. બજારમાંથી કે હાટમાંથી કાન, નાક કે ગળામાં પહેરવાના બનાવટી દાગીના ખરીદીને પહેરે છે.



સ્ત્રીઓ હાથમાં કાચની બંગડીઓ, રૂપાના પાટલા અને રૂપાની ગોઠ પહેરે છે. પગમાં ચાંદીના સાંકળા પહેરે છે. સ્ત્રીઓ ગળામાં ગોઠલા કે ગોઠી (કાચના કે બનાવટી મણકાની માળાઓ) ચાદીની સાંકળી, એડવર્ડના રૂપિયા સાથે જડેલી પહેરે છે. નાકમાં ચાંદીની ફૂલકી પહેરે છે. કાનમાં "રાંગલુ" કાનમાં ઉપર અને નીચે ચાંદીની કડીઓ કે બનાવટી મોતીના ઝુમખાં પહેરવામાં આવે છે. દાગીના ચાંદીના કે કથીરનાં હોય છે. પરંતુ હવે બનાવટી ધાતુનાં દાગીનાનો ઉપયોગ વધ્યો છે. સૌંદર્ય માટે સ્ત્રીઓ તથા નાની બાળકીઓ તરેહ તરેહનાં છૂંદણાં છૂંદાવે છે. સ્ત્રીઓ પગે, હાથે અને કપાળે છૂંદણાં ગોદાવે છે. પુરૂષો કપાળમાં અને લમણાં પર છૂંદણાં ગોદાવે છે. પુરૂષો પોતાનાં હાથ પર પોતાનું, પોતાની બહેનનું કે દેવ દેવીનું નામ ગોદાવે છે. હવે તેમની સ્ત્રીઓમાં પણ આધુનિકરણની અસર જોવા મળે છે. સ્ત્રીઓ માથામાં બો-પટ્ટીઓ ખોસે છે. કેટલીક સ્ત્રીઓ લગ્ન તેમજ ખુશીના પ્રસંગે કપાળે ચાંદલો અને આંખમાં કાજલ નાખે છે. આમ તેઓ કાજળ અને ચાંદલાનો ઉપયોગ પણ કરતા થયા છે.

સ્ત્રીઓ તથા બાળકો માથામાં નાખવા માટે કોપરેલ અને સુગંધીદાર તેલનો ઉપયોગ કરે છે. તેઓ ન્હાવા તથા ધોવા માટે સાબુનો ઉપયોગ કરે છે. તેઓ ઉઘાડા પગે ફરતા હોય છે. અને પગમાં બુટ-ચંપલનો ઉપયોગ ઓછો કરે છે. લવકર ગામમાં સ્ત્રી કે પુરૂષો પોતાના પગમાં જોડા પહેરતાં ન હતાં. જોડા નહિ પહેરવાનું કારણ પૂછતાં તેઓ કહેતાં કે જે ઢોરનું દૂધ પીએ તેના ચામડામાંથી જોડા બનાવેલ હોય તે પહેરાતાં હશે?

ભાષા :
-------

અહીના "કોકણા" ઓની કોઇ લિપિ નથી. માત્ર બોલીના સ્વરૂપે છે. તેમની બોલી કોંકણા બોલી તરીકે ઓળખી શકાય કારણ કે આ બોલી એ તેમની આગવી બોલી છે જેને લિપિ નથી. તે બોલી મરાઠી ભાષાને વધારે મળતી આવે છે. અને મરાઠી ભાષાનાં શબ્દો પણ તેમની બોલીમાં ગુજરાતી કરતાં ઘણાં વધારે છે. તે સામ્યનો કદાચ મહારાષ્ટ્રની સરહદનાં કે પછી મહારાષ્ટ્રની સાથે વધારે સંબંધો રાખતા હોવાથી શકય છે. તેમજ પહેલાં અહીં ગુજરાતી નિશાળને બદલે મરાઠી શાળાઓ કયાંક કયાંક હતી તે બતાવે છે કે આ પ્રદેશમાં મરાઠી ભાષાનો પ્રભાવ વધારે રહ્યો હોવાથી મરાઠીની અસર વધારે છે.

તે બોલીના કેટલાંક ઘર વપરાશનાં અને બીજા કેટલાક શબ્દો નીચે આપેલા છે જે જોતાં તુરત ખ્યાલ આવી જશે :-

"લવકર - જલદી"

પાળા - લોટ બાંધવા માટેની લાકડાની કથરોટ

ઘડવાલ - પાણીનાં માટલાં મુકવાનું (પાણીયારૂ) સ્ટેન્ડ

ગાડગર - માટલાં

ડાલખી - ટોપલી (વાંસની)

વટા - ઘરની આગળનો ઓસરી જેવો ભાગ

કુડ - ભીંત

હાર - બારણું

ઓસરી - ઓંદરનો રૂમ

સુપ - સુપડુ

ગોઠા - ઢોર બાંધવાની જગ્યા

ઉખળ - ખાણીયો

પાળા - માળિયુ

પુસકા - વાંસની કોઠી

ઝાવટી - ચટાઇ

સીરાવ - સાવરણી

ડાલપુ - ટોપલી

સીકુ - સીંકુ

ગેલેસાલ - ગઇ સાલ

કવલા - નળિયા

કોમડા - મરઘાં

બાહસ - બાપ

આઇ - મા

બેનુસ - બેન

ભાઉસ - ભાઇ

માંડળી - ચોમાસામાં નાગલી સુકવવા માટે દેવતા પર ઉંચે રાખવાનું સ્ટેન્ડ

અવરા - રસોડું

ડગર - મરચુ, મીઠુ વાટવાનો પથ્થર

ચુલા - ચુલો

આંકડી - ભાત ભેગા કરવાનું લાકડાનું સાધન (૮)

પેટીએ - સાગના પાનનો મોટો કરંડીઓ જેમાં મરચુ કે બીજી વસ્તુઓ મુકી રાખી હોય તે

ઝીલા - મોટી ટોપલી

રતી - રતૈયો (દારૂ બનાવવા માટે)

હીંડોળા - ઝુલો

માંજર - બિલાડી

કહટી - કંજુસ

પદરચા - પોતાનું

ઇકત - વેચાતી

કોડાન - કેટલી

આઉટ - હળ

અરવત - સમાર

શરીરના અંગો :

આંગઠ - અંગુઠો

એંગઠી - આંગળીઓ

પાય - પગ

નળા - ઢીંચણથી ઉપરનો ભાગ

જાંગ - જાંગ



કાકા - પિતાના નાના ભાઇ

ફુઇ - પિતાની બેન

જીજી - માની બેન

પાંખરા - પક્ષીઓ

કાવરા - કાગડો

ધાડા - ઘરડો બળદ

મોહર - વાંસળી

ઘરતાન - ઘરજમાઇ

મુલગી - દીકરી

પોશો - છોકરો

ભગુના - તપેલી

બાસના - વાસણ

બાજ - ખાટલો

ખાટ - ખાટલા

ભારી - માછલા પકડવાની જાળ

કાડીલ - ફાનસ

પોરગીયા - છોકરી

બાન્ડગી - ઉંમર લાયક છોકરી

પોસો - છોકરો

નવરી - વધૂ

નવરો - વર

બાયકુ - પત્ની

જાતા - ઘેટી

ડોબર - ભેંસ

બીલ - બળદ

ગુડગી - ઘુંટણ

કમ્મર - કેડ

પોટ - પેટ

છેતી - છાતી

ડોકી - માથુ

ડોળા - આંખ

નાક - નાક

કાન - કાન

તોડ - મોં

પાઠ - પીઠ

કેશ - વાળ

મીશ - મુંછ

ચાવલે - દાઢી

ગાલ - ગાલ

કાતખી - ચાપડી

બાખુન - ખભો

આમા - સ્તન (સ્ત્રીના)

નેસ્તા - પુરૂષનું લિંગ

## આતિથ્ય સત્કાર :

આતિથ્ય સત્કાર ખૂબજ સારી રીતે કરે છે. તેમનો કોઇ સગો આવે તો પ્રથમ દારૂ પાય છે. પછી ખાવા આપે. તે સિવાય બહારનો કોઇ જાય તો પણ તેને સારી રીતે સત્કારે છે. બેસવા માટે પાથરી આપે (ઘાસની સાદડી) અને દારૂ પીનાર હોય તો તેને દારૂ પણ પાય. કેટલીક વખત મંગફળી પણ શેકીને ખવડાવે છે. (જે દારૂ ન પીએ તેને) મહેમાનને બીડી બનાવવા માટે તમાકુ, પાન આપે. નજીકનો સગો આવે તો તેને મરઘું ખવડાવે કે માછલીઓ લાવીને ખવડાવે.

## આત્મ નિર્ભરતા :

પોતાનું જીવન બને ત્યાં સુધી ઓછામાં ઓછી વસ્તુઓ અને એ પરિસ્થિતિમાં ઉપલબ્ધ થતી કુદરતી વસ્તુઓનો પણ જીવનમાં બરાબર તેનો ઉપયોગ કરે છે. જીવન - જરૂરિયાતની લગભગ બધીજ વસ્તુઓ જાતેજ બનાવી લે છે અને તેનાથી જીવન વધારે સરળ બનાવે છે. જેમ કે ખેતીના સાધન, ઘર, ઘરની જરૂરિયાતની કેટલીક વસ્તુઓ જાતે જ બનાવે છે અને ત્યાં ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર તેને મળતી ત્યાંની દરેકે દરેક વસ્તુને તે પોતાના ઉપયોગમાં વધારેમાં વધારે કેમ આવે તે પ્રમાણે તેનો ઉપયોગ કરે છે.

## ખોરાક :

કોંકણી જાતિના લોકો દિવસમાં ત્રણ ટંક ભોજન લે છે. તેમનો મુખ્ય ખોરાક નાગલીના રોટલા, ભાત અને અડદ અથવા તો તુવરની દાળ છે. તેઓ સવારના બિન-આદિવાસી લોકોની જેમ ચહા પીતા નથી. સવારમાં તેઓ જુવાર અથવા તો બરઇની રાબ બનાવીને પીએ છે. પરંતુ રાબ સવારમાં સુખી કુટુંબોમાં જ પીવાય છે. બાકી તો તેઓ સવારમાં કશું લેતા નથી. બપોરે ખોરાકમાં તેઓ નાગલીના રોટલા તથા મરચું અથવા તો અડદની દાળ ખાય છે. જ્યારે સાંજે લૂખો ભાત અથવા તો ભાત અને અડદ કે તુવરની દાળ લે છે. ઘઉંનો ઉપયોગ નહિવત છે. વાર તહેવારે સુખી કુટુંબો ઘઉંનો ઉપયોગ કરે છે. દૂધ-ઘીનો વપરાશ તેઓ બિલકૂલ કરતા નથી. જેમની પાસે દૂધાળા ઢોર હોય છે અને તેનું જે કાંઇ દૂધ મળે છે તેનો ખાવામાં ( ખાસ કરીને બાળકોના ખોરાક માટે ) ઉપયોગ કરે છે. ઘીનો વપરાશ બિલકૂલ થતો નથી. મીઠા તેલનો તેઓ ઉપયોગ કરતા નથી. ખાસકરીને



તેઓ ખુરશાનીનું તેલ વાપરે છે. ખુરશાનીનું પોતે વાવેતર કરે છે અને ખુરશાનીમાંથી તેલ પીલાવે છે. શાકભાજીનો ઉપયોગ કરે છે પરંતુ શાકભાજીમાં ખાસકરીને બટાકા, ડુંગળીનો ઉપયોગ કરે છે. બટાકા-ડુંગળી હાટમાંથી નાગલીના બદલામાં મેળવે છે. મરચાંનો ઉપયોગ વધુ પ્રમાણમાં કરે છે. અને મરચાંનું વાવેતર પોતે કરતા હોય છે. દારૂનો છૂટથી ઉપયોગ કરે છે. પોતે દારૂ મહુડામાંથી અથવા તો હલકી જાતના ગોળમાંથી બનાવતા હોય છે. મોટે ભાગે દારૂ પોતે ગાળીને જ પીતા હોય છે. વાર તહેવાર તથા ધાર્મિક ઉત્સવો અને લગ્ન પ્રસંગે છૂટથી દારૂનો ઉપયોગ કરે છે.

## ઘરવખરીના સાધનો :

ઘરવખરીના મુખ્ય સાધનોમાં રાંધવા માટ એલ્યુમિનિયમના એક-બે વાસણ દરેક કુટુંબ રાખે છે. ધાતુના વાસણોનો ઉપયોગ છેલ્લા દશેક વર્ષથી શરૂ કરવામાં આવ્યો છે. માટીના વાસણોનો ઉપયોગ પણ રાંધવા માટે કરે છે. દારૂ બનાવવા માટે મોટું એલ્યુ-મિનિયમનું તપેલું રાખે છે. પિત્તળનું પવાલું તથા લોટા પણ ખરા. થાળી માટે માટીની ડીશનો ઉપયોગ કરે અથવા તો પાનનો ઉપયોગ કરે. પાણી લાવવા માટે લોખંડની ડોલ યા તો પિત્તળનો દેગડો રાખે છે. કેટલાંક કુટુંબોમાં ખાવા માટે એલ્યુમિનિયમની ડીશ રાખે છે. જો કે ધાતુના વાસણોનું પ્રમાણ ખૂબ જ ઓછું. રોટલો તો હાથમાં લઇને પણ ખાય. ચહા પીતા નથી એટલે કપ-રકાબીની પણ જરૂર નહિ. દારૂના શીશા દરેક ઘરમાં હોય. અનાજ દળવાની ઘંટી પણ દરેક ઘરમાં ખરી જ. અનાજ દળવાની ઘંટી તથા દાળ પાડવાની ઘંટી પણ જોવા મળતી. દરરોજ જરૂર જેટલો ઘંટી પર દળીને આટો તૈયાર કરવાનો. રોટલાના થોડા સમય પહેલાં દળીને લોટ તૈયાર કરે.

ભાત ખાંડવા માટે સાંબેલુ રાખે છે અને જયારે જયારે ભાતનો ઉપયોગ કરવાનો હોય ત્યારે ત્યારે ડાંગર ખાંડીને જરૂર જેટલા ચોખા મેળવી લે છે. આમ લોટ અને ચોખા માટે તેઓ સ્વાશ્રયી છે અને દળવાની કે ખાંડવાની ઘંટી પર તેમને આધાર રાખવો પડતો નથી. આ તેમનાં રોજીંદા ઉપયોગના ઘરવપરાશના સાધનો છે.

આ સિવાય લોટ બાંધવા માટેની લાકડાની કથરોટ, મસાલો પીસવા માટેનો પથ્થર, દહી બનાવવાનો રવૈયો, માટીનાં કેટલાંક વાસણ વગેરે પણ દરેક કુટુંબમાં જોવા મળે.

અનાજ ભરવા માટેની વાંસની કોઠી યા મોટી ટોપલીઓ, સૂપડું વગેરે પણ દરેક કુટુંબમાં હોય. રાત્રે દીવા માટે કેટલાંક કુટુંબો ફાનસનો ઉપયોગ કરે છે. જ્યારે મોટા ભાગનાં કુટુંબો ચિમનીનો ઉપયોગ કરે છે. થોડાં કુટુંબ એવાં પણ ખરાં કે જેમની પાસે ફાનસ કે ચિમની બેમાંથી કંઇ પણ ન મળે. માત્ર રાત્રે લાકડાં સળગાવી તેનો જ પ્રકાશ માટે ઉપયોગ કરે.

## શિકારનાં સાધનો :

શિકારનાં સાધનો કેટલાંક અમુક કુટુંબોમાં જોવા મળે. માછલાં પકડવાની નાની જાળ દરેક કુટુંબ રાખે. પરંતુ મોટી જાળ કે જેની કિંમત ૪૦ થી ૫૦ રૂા. જેટલી છે તેવી બહુ જ ઓછા કુટુંબો રાખેછે. તીર-કામઠું કે એવાં બીજા શિકારનાં સાધનો રાખતા નથી. મરઘાં ઉછેરવા માટે વાંસનું પાંજરુ રાખે છે તથા ઈંડા માટે વાંસની લાકડીના ઉપરના ભાગથી કાળી તથા ત્યાં ટોપલી જેવો આકાર બનાવે અને ઘરનાં ખૂણામાં રાખી મૂકે છે. કેટલાંક કુટુંબોમાં થોડાં વાછંવો પણ ખરાં.

## ખેતીનાં સાધનો :

ખેતીનાં સાધનોમાં હળ, સમાર, વાંસલો, દાતરડું, કોદાળી, ધારિયું વગેરે રાખે છે. આપુ અને છરા એ તેમનાં મહત્વનાં સાધનો છે. (છરા - દાતરડું) કેડ ઉપર આપુ બાંધી તેમાં છરા નાખી બહાર નીકળે. જંગલમાંથી ડાળાં કાપવા, ઢોર માટે ઘાસ કાપી લાવવું વગેરેમાં છરા ઉપયોગમાં આવે. દરેક કુટુંબ ત્રણ-ચાર છરા અને એક-બે આપુ રાખે. ખેતીના અન્ય સાધનમાં દતાળી પણ રાખે.

મોંઢળી નામનું સાધન પણ દરેક કુટુંબમાં હોય. આ સાધનનો ઉપયોગ ચોમાસામાં અનાજ સૂકવવા માટે કરે. ચોમાસામાં નાગલીમાં ભેજ આવવાથી સહેલાઇથી દળી શકાય નહિ અને જમીન ઉપર સૂકવવાથી પણ ભેજ ઉડે નહિ. આ માટે મોંઢલી ઉપર સૂપડું મૂકી તેમાં નાગલી નાખે. મોઢલીની નીચે ગરમી આપે. આગની ગરમીથી નાગલીનો ભેજ ઉડી જાય અને સરળતાથી દળી શકાય. આ સિવાય ઘરવખરીમાં અન્ય કોઇ મહત્વના સાધનો તેમની પાસે હોતાં નથી.



કોંકણાના ઘરમાં જોઇતી વસ્તુઓ હોય છે. તેમનાં ઘરમાં રાંધવા માટેનાં એલ્યુમિનિયમનાં બે-ચાર વાસણો, પાણી પીવા માટે તૂંબડીમાંથી બનાવેલી ડોલી, અનાજ ભરવા માટે વાંસની કોઠીઓ, મરઘાં રાખવા માટે વાંસનાં ટોપલા, ચોખા ખાંડવા માટે ઉખલમૂશળ, રોટલા કરવાની કથરોટ અને કલેડાં અને પાણી ભરવાનાં એક-બે બેડાં હોય છે. કેટલાંકની પાસે છત્રી કે બેટરી પણ જોવા મળે છે.

તપાસમાં આવરી લીધેલ ૪૫ કુટુંબો પાસે ૧૯૬૯ અને ૧૯૭૯ ના વર્ષમાં કોઠા ૨:૧ અને કોઠા ૨:૨ માં દર્શાવ્યા મુજબ ઘરવખરીના સાધન હતાં.

કોઠા ૨:૧ અને ૨:૨ પરથી સ્પષ્ટ જણાઇ આવે છે કે મોટા ભાગનાં કુટુંબો માટીના વાસણો ધરાવતા હતાં. ઘણાં ઓછા કુટુંબો પાસે ફાનસ, બેટરી, ખાટલાં વગેરે જોવા મળતા હતાં. તપાસનાં બન્ને વર્ષોમાં ઘરવખરીના સાધનોની બાબતમાં લગભગ યથાવત સ્થિતિ જોવા મળી હતી.

## કોઠો ૨:૧

### ઘરવખરીનાં સાધનો ધરાવનાર કુટુંબોની સંખ્યા

| વિગત | ૧૯૬૯ કુલ કુટુંબ | ૧૯૬૯ સંખ્યા | ૧૯૬૯ નહિ ધરાવનાર કુટુંબ | ૧૯૬૯ સરેરાશ | ૧૯૭૯ કુલ | ૧૯૭૯ સંખ્યા | ૧૯૭૯ નહિ ધરાવનાર કુટુંબ | ૧૯૭૯ સરેરાશ |
|---|---|---|---|---|---|---|---|---|
| માટીનાં વાસણો | ૪૫ | ૨૦૭ | ૩ | ૪.૬૦ | ૪૫ | ૧૨૮ | ૪ | ૨.૮૪ |
| પિત્તળનાં વાસણો | " | ૩૦ | ૨૮ | ૦.૬૭ | " | ૬૬ | ૯ | ૧.૪૭ |
| એલ્યુમિની-યમનાં વાસણો | " | ૧૫૭ | ૧ | ૩.૪૯ | " | ૩૪૪ | ૨ | ૭.૬૪ |
| તાંબાનાં વાસણો | " | ૨૧ | ૨૪ | ૦.૪૭ | " | ૩૩ | ૨૧ | ૦.૭૩ |
| ખાટલા | " | ૫ | ૪૦ | ૦.૧૧ | " | ૧૦ | ૩૬ | ૦.૨૨ |
| ફાનસ | " | ૯ | ૩૬ | ૦.૨૦ | " | ૪ | ૪૧ | ૦.૦૯ |
| ચિમની | " | ૨૫ | ૨૦ | ૦.૫૬ | " | ૩૬ | ૧૦ | ૦.૮૦ |
| ટોપલા | " | ૧૧૨ | ૧૩ | ૨.૪૯ | " | ૨૨૯ | ૪ | ૫.૦૯ |
| ઘંટી | " | ૬૩ | ૧ | ૧.૪૦ | " | ૫૫ | ૩ | ૧.૨૨ |
| બેટરી | " | ૧ | ૪૪ | ૦.૦૨ | " | ૩ | ૪૨ | ૦.૦૭ |
| અન્ય | " | ૧૯ | ૨૧ | ૦૪૨ | " | ૧૫ | ૩૦ | ૦.૩૩ |

## કોઠો ૨:૨

કુટુંબદીઠ સરેરાશ ઘરવખરીના સાધનોની સંખ્યા (૧૯૬૯) ૧=કુટુંબ સંખ્યા ૨=વસ્તુની સંખ્યા

| માટીના વાસણો ૧ | માટીના વાસણો ૨ | પિત્તળનાં વાસણો ૧ | પિત્તળનાં વાસણો ૨ | એલ્યુમીનીયમનાં વાસણો ૧ | એલ્યુમીનીયમનાં વાસણો ૨ | તાંબાના વાસણો ૧ | તાંબાના વાસણો ૨ | ખાટલા ૧ | ખાટલા ૨ | ફાનસ ૧ | ફાનસ ૨ | ચિમની ૧ | ચિમની ૨ | ટોપલા ૧ | ટોપલા ૨ | ઘંટી ૧ | ઘંટી ૨ | બેટરી ૧ | બેટરી ૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૮ | ૧ | ૧ | ૧ | ૨૧ | ૧ | ૫ | ૧ | ૯ | ૧ | ૨૫ | ૧ | ૩ | ૨ | ૨૫ | ૧ | ૧ | ૧ |
| ૧૫ | ૪ | ૬ | ૨ | ૯ | ૨ | ૨૪ | - | ૪૦ | - | ૩૬ | - | ૨૦- | - | ૧૦ | ૩ | ૧૯ | ૨ | ૪૪ | - |
| ૨૧ | ૫ | ૨ | ૩ | ૧૧ | ૩ | | | | | | | | | ૧૩ | ૪ | ૧ | - | | |
| ૧ | ૬ | ૧ | ૪ | ૧૫ | ૪ | | | | | | | | | ૬ | ૫ | | | | |
| ૧ | ૮ | ૨૮ | - | ૬ | ૫ | | | | | | | | | ૧૩ | - | | | | |
| ૧ | ૧૦ | | | ૧ | ૬ | | | | | | | | | | | | | | |
| ૧ | ૧૨ | | | ૧ | ૭ | | | | | | | | | | | | | | |
| ૩ | - | | | ૧ | - | | | | | | | | | | | | | | |
| ૪૫ | ૨૦૭ | ૪૫ | ૩૦ | ૪૫ | ૧૫૭ | ૪૫ | ૨૧ | ૪૫ | ૫ | ૪૫ | ૯ | ૪૫ | ૨૫ | ૪૫ | ૧૧૨ | ૪૫ | ૬૩ | ૪૫ | ૧ |

(૧૯૭૯)

| માટીના વાસણો ૧ | માટીના વાસણો ૨ | પિત્તળનાં વાસણો ૧ | પિત્તળનાં વાસણો ૨ | એલ્યુમીનીયમનાં વાસણો ૧ | એલ્યુમીનીયમનાં વાસણો ૨ | તાંબાના વાસણો ૧ | તાંબાના વાસણો ૨ | ખાટલા ૧ | ખાટલા ૨ | ફાનસ ૧ | ફાનસ ૨ | ચિમની ૧ | ચિમની ૨ | ટોપલા ૧ | ટોપલા ૨ | ઘંટી ૧ | ઘંટી ૨ | બેટરી ૧ | બેટરી ૨ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧ | ૨૪ | ૧ | ૨ | - | ૧૭ | ૧ | ૮ | ૧ | ૪ | ૧ | ૩૪ | ૧ | ૧ | ૧ | ૩૧ | ૧ | ૩ | ૧ |
| ૧૧ | ૨ | ૭ | ૨ | ૨ | ૩ | ૫ | ૨ | ૧ | ૨ | ૪૧ | - | ૧ | ૨ | ૫ | ૩ | ૯ | ૨ | ૪૨ | - |
| ૯ | ૩ | ૧ | ૩ | ૨ | ૪ | ૨ | ૩ | ૩૬ | - | | | ૧૦ | | ૨ | ૪ | ૨ | ૩ | | |
| ૧૮ | ૪ | ૩ | ૬ | ૫ | ૫ | ૨૧ | - | | | | | | | ૫ | ૫ | ૩ | - | | |
| ૧ | ૫ | ૧ | ૭ | ૬ | ૬ | | | | | | | | | ૧૭ | ૬ | | | | |
| ૪ | - | ૯ | - | ૬ | ૭ | | | | | | | | | ૧૦ | ૭ | | | | |
| | | | | ૫ | ૮ | | | | | | | | | ૧ | ૮ | | | | |
| | | | | ૪ | ૯ | | | | | | | | | ૪ | - | | | | |
| | | | | ૩ | ૧૦ | | | | | | | | | | | | | | |
| | | | | ૪ | ૧૧ | | | | | | | | | | | | | | |
| | | | | ૩ | ૧૨ | | | | | | | | | | | | | | |
| | | | | ૨ | ૧૩ | | | | | | | | | | | | | | |
| | | | | ૧ | ૧૫ | | | | | | | | | | | | | | |
| ૪૫ | ૧૨૮ | ૪૫ | ૬૬ | ૪૫ | ૩૪૪ | ૪૫ | ૩૩ | ૪૫ | ૧૦ | ૪૫ | ૪ | ૪૫ | ૩૬ | ૪૫ | ૨૨૯ | ૪૫ | ૫૫ | ૪૫ | ૩ |

પ્રકરણ : ૩

લવકર : ૧૯૬૯

કોંકણા જાતિના લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે. તેમનું એક માત્ર આજીવિકાનું સાધન ખેતી છે. ખેતી એ જ તેમની જીવનદોરી હોઇ ખેતી ક્ષેત્રે જે કંઇ ઉથલપાથલો થાય છે તેની તેમની આર્થિક સ્થિતિ પર અસર થયા વિના રહેતી નથી. તેઓ બારે માસ એક યા બીજા પ્રકારે ખેતીના કામમાં રોકાયેલા રહે છે. આ ઉપરાંત ખેતીના કામમાં સ્ત્રીઓ અને બાળકો પણ મદદ કરે છે. ખેતી સિવાય ગૌણ ધંધામાં તેઓ જંગલમાં મજૂરી માટે જાય છે. અથવા તો સારી ૠતુમાં ખેતમજૂરીના કામમાં જાય છે. તપાસનાં વર્ષ દરમ્યાન ગામમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનનું બાંધકામ થતું હતું જેની થોડી ઘણી મજૂરી મળેલી. આમ તેઓ ખેતી અને મજૂરીમાંથી પોતાનું ભરણ-પોષણ કરે છે. ગામમાં કોઇ ગૃહઉદ્યોગ અથવા તો નાનો ઉદ્યોગ નથી જેથી કોઇ વ્યકિત આવા ઉદ્યોગમાં રોકાયેલ નથી.

ગામનાં લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે. દરેક કુટુંબ વત્તાઓછા પ્રમાણમાં થોડી ઘણી જમીન ધરાવતું હતું. કેટલાંક કુટુંબોની જમીન પોતાના નામ પર ચઢેલ નથી અને હજુ સુધી પણ પોતાના મોટા ભાઇ અથવા તો સંબંધીઓના નામે ચાલતી હતી. મોટા ભાગનાં કુટુંબો ગામમાં જમીન ધરાવતા હતા. બહારગામની જમીન ખેડતા હોય તેવા કુટુંબો નહિવત હતાં. જયારે કેટલાંક બહારના માણસો ગામમાં જમીન ધરાવતા હતાં. જેમાંથી ખાસ કરીને બે પારસીભાઇઓ, એક વણિક અને એક મુસલમાન કટુંબના હતાં. બે પારસી ભાઇઓ અને વણિકની જમીન આદિવાસી કુટુંબોએ વેચાણ રાખેલ છે. જયારે મુસલમાન કુટુંબ બાજુના ગામ વરવટમાં રહે છે. અને તેમની જમીન તે પોતે ખેડે છે. કેટલાંક કોળી કુટુંબો પણ લવકરમાં સારી એવી જમીન ધરાવતા હતાં. તપાસ સમયે ગામમાં કુલ ૩૯ ખાતેદાર હતાં અને કુલ ખાતેદારોની જમીન ૩૭૧.૧૮ ગૂંઠા હતી. આમ ખાતેદાર દીઠ જમીન ૯ એકર અને ૨૧ ગૂંઠા હતી. જમીનનાં કદ પ્રમાણે ખાતેદારોની સંખ્યા નીચે પ્રમાણે હતી.

| જમીનનું કદ | ટકા | કુટુંબ સંખ્યા | ટકા | ધારણ કરેલ વિસ્તાર |
|---|---|---|---|---|
| ૦૧.૫ એકર સુધી | ૪૮.૭ | ૧૯ | ૧૩.૦ | ૪૮.૩૬ |
| ૫.૧૫ | ૩૦.૮ | ૧૨ | ૩૪.૮ | ૧૨૯.૦૪ |
| ૧૫.૨૫ | ૧૫.૪ | ૬ | ૩૧.૮ | ૧૧૮.૦૭ |
| ૨૫.૫૬ | ૫.૧ | ૨ | ૨૦.૪ | ૭૫.૧૧ |
| | ૧૦૦.૦ | ૩૯ | ૧૦૦.૦ | ૩૭૧.૧૮ |

ઉપરના કોઠા પરથી જણાય છે કે ૫ એકર સુધી જમીન ધરાવતા ખેડૂતોની સંખ્યા ૧૯ હતી જે કુલ ખાતેદારોનાં લગભગ ૪૯ ટકા જેટલી હતી. જયારે ૫ થી ૨૫ એકર સુધીની જમીન ધરાવતા ખાતેદારોની ટકાવારી ૪૬ ટકા હતી, જયારે ૫ ટકા ખાતેદારો પાસે ૨૫ એકરથી ૫૬ એકર સુધી જમીન હતી. આમ નાના ખેડૂતોની સંખ્યા કુલ ખાતેદારોના અડધા જેટલી હતી. પાંચ એકર સુધી જમીન ધરાવતા ખેડૂતો પાસે ખેડૂત દીઠ ૨.૨૩ એકર જમીન હતી. ૫ થી ૧૫ એકર જમીન ધરાવતા ખાતેદારો પાસે ખેડૂત દીઠ ૧૦.૩૦ એકર જમીન હતી. ૧૫ થી ૨૫ એકર જમીન ધરાવતા ખાતેદારો પાસે ખેડૂત દીઠ જમીન ૧૯.૨૭ એકર હતી જયારે ૨૫ થી ૫૬ એકર જમીન ધરાવતા ખાતેદારોમાં ખેડૂત દીઠ ૩૭.૨૫ એકર જમીન હતી. ઉપરના કોઠા ઉપરથી જોઇ શકાય છે કે ૪૯ ટકા કુટુંબો કુલ જમીનના માત્ર ૧૩ ટકા જમીન ધરાવતા હતાં જયારે ૫૧ ટકા કુટુંબો કુલ જમીનનાં ૮૭ ટકા જમીન ધરાવતા હતાં. એમાંયે ૨ કુટુંબો કુલ જમીનનાં પાંચમાં ભાગની જમીન ધરાવતા હતા.

આમ ઉપરનાં આંકડાઓ પરથી જોઇ શકાય છે કે નાના ખેડૂતો સંખ્યાની દૃષ્ટિએ વધારે હતાં જયારે તેમની પાસે જમીન થોડી હતી જયારે મોટા ખેડૂતો મોટા ભાગની જમીન ધરાવતા હતાં.

આ ઉપરાંત ગામમાં મોટા ભાગના કુટુંબો જંગલની જમીન ખેડતા હતાં. જંગલની જમીન કેટલાંક કુટુંબોને ખેડવા માટે આપેલ હતી. જયારે કેટલાંક છૂપી રીતે જંગલની જમીન ખેડતા. ગામમાં મોટા ભાગના કુટુંબો પાસે થોડી જમીન હોવાને લીધે આર્થિક રીતે મુશ્કેલી રહે છે. અને પેટ પૂરતું મળી શકતું નથી. આથી તેઓ જંગલની જમીન



એક યા બીજા પ્રકારે ખેડવા માટે હમેશાં તૈયાર હોય છે. આ ઉપરાંત જમીન ફળદ્રુપતાની દૃષ્ટિએ પણ નીચી કક્ષાની હોવાથી જંગલની વધુ જમીન મેળવી ખેડવાના વધુ પ્રયાસો કરતા હોય છે. ગામમાં જમીન ગોરાળુ છે. પરંતુ ડુંગરાળ પ્રદેશ હોવાને લીધે જમીનમાં મોટા ભાગના પથ્થરો હોય છે. જયારે જમીન સપાટ નહોતી. જમીન ઢોળાવવાળી હોવાને લીધે વરસાદનો કાંપ વગેરે ઘસડાઇ જવાથી જમીનનું ધોવાણ પણ વિશેષ થાય છે.

ગામનાં લોકો જંગલની ઘણી જમીનમાં પાળાઓ કરીને કયારી બનાવેલ છે. આ માટે ગામના લોકો સારો એવો ખર્ચ પણ કરે છે. કયારી બનાવવા માટે મજૂરો રોકીને પાળાબંધી વગેરે કરાવે છે. પાળા બાંધવાના કાર્યમાં પોતે અને કુટુંબના સાથીઓ મદદ કરતા હોય છે. આથી તેઓ આ બાબતમાં તો ખરેખર મહેનત કરતા હતાં.

ગામમાં મુખ્યત્વે ચોમાસુ વાવેતર થાય છે. શિયાળુ વાવેતર બિલકૂલ કરતાં નથી. ચોમાસુ વાવેતર માટે પણ વરસાદ પર આધાર રાખે છે. આ ઉપરાંત ગામમાં પિયત બિલ-કૂલ થતું નથી. ગામનાં મુખ્ય પાકોમાં નાગલી, વરઇ, જુવાર, ભાત (ડાંગર), ખુરશાની, તુવર, અડદ વગેરે મુખ્ય પાકો ગણાવી શકાય. તેમનો મુખ્ય ખોરાક નાગલી છે તેથી નાગલીનું વાવેતર વિશેષ કરવામાં આવે છે. જુવાર અને મગફળીનું વાવેતર નાગલી સાથે કરવામાં આવે છે. જયારે તુવર, અડદ, ખુરશાની, ભાત વગેરેનું વાવેતર જુદું કરવામાં આવે છે. આ ઉપરાંત સારી જાતની કયારી જમીનમાં ખાસ કરીને ઢોળાવવાળી જંગલની જમીનમાં કોલમ ભાતનું વાવેતર કરવામાં આવે છે. આ પ્રદેશમાં કોલમ ભાતનું વાવેતર વિશેષ થાય છે. કારણ કે તેઓ કોલમ ભાત વેચીને રોકડ રકમ મેળવે છે. આમ ઉંચી જાતના ભાતનું વાવેતર તેમને માટે રોકડ પાક ગણાવી શકાય. કોલમ ભાત તેઓ ઘર વપરાશ માટે રાખતા નથી. કોલમ ભાત વેચી નાખી તેની આવકમાંથી અન્ય જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદે છે. તેઓ કોલમ ભાતની જમીન માટે કયારી બનાવે છે. અને આ કયારીમાં કોલમ ભાતનું વાવેતર કરે છે. તેઓ નાગલી, ડાંગર અને વરઇનું ધરુ કરે છે. ધરુ કર્યા પછી સારો વરસાદ પડતાં વાવેતર શરૂ કરે છે. જયારે અડદ, તુવરનુ વાવેતર અલગ કરે છે.

ધરમપુર તાલુકામાં મુખ્ય પાકોમાં નાગલીનું વાવેતર વધુ છે. આ પછી ડાંગર, તુવર, અડદ વગેરેનું વાવેતર થાય છે. ગામનો કુલ રકબો ૧,૨૦૭ એકર અને ૩૫ ગૂંઠા છે. જેમાંથી ખેડવા લાયક જમીનનો વિસ્તાર ૪૬૭.૨૩ ગૂંઠા છે. કુલ વિસ્તારનાં ૬૮.૭ ટકા વિસ્તાર ખેતી નીચે હતો. જયારે જંગલ નીચે જમીનનો વિસ્તાર ૭૦૨ એકર ૧૧ ગૂંઠા હતો.

આમ કુલ વિસ્તારનાં ૫૮ ટકા જમીનનો વિસ્તાર જંગલ નીચે હતો. જિલ્લાનો ચોખ્ખો વાવેતર નીચેનો વિસ્તાર તેના કુલ ભૌગોલિક વિસ્તારનાં ૬૪.૩૭ ટકા છે જ્યારે તાલુકાનો ચોખ્ખો વિસ્તાર કુલ વિસ્તારનાં ૩૨.૦૭ ટકા છે. આમ લવકર ગામમાં જિલ્લા અને તાલુકા કરતાં ખેતી નીચેનો વિસ્તાર ઓછો હતો.

ગામમાં કુલ જમીન ખાતેદારો પાસે ૩૭૧ એકર ૧૮ ગૂંઠા હતી. જેમાંથી વાવેતર નીચેનો વિસ્તાર ૩૩૯ એકર ૦૨ ગૂંઠા હતો. આમ કુલ જમીનનાં ૯૧ ટકા જમીનમાં વાવેતર કરવામાં આવ્યું હતું. બાકી ૯ ટકા જમીન ઘર, ગૌચર નીચે હતી.

ગામની તુલવારી નીચે મુજબ હતી

| | | એ.ગૂંઠા | ટકામાં |
|---|---|---|---|
| નાગલી | | ૧૪૮-૩૬ | ૩૯.૯ |
| ભાત | | ૭૮-૦૮ | ૨૧.૦ |
| વરઇ | | ૧૦-૨૮ | ૨.૮ |
| તુવર | | ૧૫-૩૪ | ૪.૧ |
| અડદ | | ૪૩-૦૭ | ૧૧.૬ |
| ખુરશાની | | ૩૧-૦૪ | ૮.૪ |
| મરચાં | | ૧૧-૦૬ | ૨.૯ |
| | | ૩૩૯-૦૩ | |
| ઘર | - | ૧૨-૨૦ | ૯.૩ |
| ઘાસ | - | ૧૯-૩૫ | |
| | કુલ જમીન | ૩૭૧-૧૮ | ૧૦૦.૦ |

ઉપર જણાવેલ તુલવારી પરથી જોઇ શકાય છે કે ગામમાં નાગલીનું વાવેતર મુખ્યત્વે કરવામાં આવે છે. નાગલી, ડાંગર, તુવર અને અડદ નીચેનો વિસ્તાર વધુ છે! કુલ જમીનનાં ૪૦ ટકા જમીનમાં નાગલીનું વાવેતર કરવામાં આવ્યું હતું અને ૨૧ ટકા વાવેતર ભાતનું કરવામાં આવ્યું હતું. લગભગ ૧૬ ટકા વાવેતર નીચેનો વિસ્તાર અડદ અને તુવરની જમીન નીચે હતો. જ્યારે ૧૦માં ભાગની જમીનમાં ઘર અને પડતર હતી. શાકભાજીનું વાવેતર કરવામાં આવતું નથી. શાકભાજીમાં ખાસ કરીને મરચાં કુલ વિસ્તારનાં ૧૦માં ભાગમાં થાય છે.



ગામમાં માત્ર ચોમાસુ વાવેતર કરવામાં આવે છે. રવિ વાવેતર બિલકુલ થતું નથી. જોકે ગામમાં શિયાળુ વાવેતર માટે ઘણી શક્યતાઓ રહેલી છે, છતાં શિયાળામાં જમીન પડતર રાખવામાં આવે છે. ગામમાં ભેલાણનો ત્રાસ હોવાને લીધે શિયાળુ વાવેતર કરવામાં આવતું નથી. જો કે આ અંગે ગામમાં સામુહિક રીતે પ્રયત્ન કરવામાં આવે તો ભેલાણનો ત્રાસ નિવારી શકાય તેમ છે. માત્ર ભેલાણ ત્રાસને લીધે જ શિયાળુ વાવેતર કરવામાં આવતું નથી.

નાગલી, ભાત ઉપરાંત માંડવી (મગફળી), જુવાર વગેરેનું વાવેતર કરે છે. જુવારનું વાવેતર નાગલીની સાથે કરે છે. જ્યારે ભાત, તુવર, અડદ વગેરેનું વાવેતર અલગ કરવામાં આવે છે.

<u>બિયારણ :</u>

બિયારણ મોટે ભાગે ઘરનું નાખે છે. નાગલી, ભાત વગેરેનું બિયારણ જુદુ રાખી મૂકે છે. આ ઉ[illegible]ંત સારું બિયારણ જેમ કે જોલમ ડાંગરનું બિયારણ તેમજ અન્ય જાતોના બિયારણો સહકારી મંડળી પાસેથી મેળવે છે. ઘઉંનું વાવેતર કરવામાં આવતું નથી. મોટે ભાગે ઘરનું બિયારણ રાખી મૂકે છે. જેમની પાસે બિયારણ નથી હોતું તેઓ પોતાના સંબંધીઓ પાસેથી મેળવે છે. ઉત્પાદનના સમયે તેમને ૧½ ગણું પાછું આપે છે, અર્થાત ખરીદીને લાવે છે.

<u>ખાતર :</u>

છાણિયા ખાતરનો ઉપયોગ કરે છે. પરંતુ છાણિયા ખાતરને વ્યવસ્થિત રીતે ખાડામાં નાખી કોહવડાવવામાં આવતું નથી. કેટલાંક કુટુંબો ખાતરને પાથરી દે છે. ખાતર પાથરવાની પ્રથાને તેઓ "આદર" કહે છે. તેઓ વરસાદની શરૂઆત પહેલાં આદર કરે છે. વરસાદ પડે છે એટલે તેઓ આદર કરીને તેમાં નાગલી અને ભાતનું ધરૂ કરે છે. તેઓ નાગલીના ધરૂ માટે આદરનો વધુ ઉપયોગ કરે છે. કારણ કે નાગલીનું ધરૂ કરવા માટે આદર કરવું પડે છે જ. જો આદર ન કરે તો ધરૂ બરાબર થતું નથી. નાગલીનું ધરૂ કરવા માટે આદર કરવું જ પડે છે કારણ કે તેમની પાસે નાગલીનું વાવેતર થઇ શકે

એવી જમીન વધુ પ્રમાણમાં રાખે છે. અને નાગલી એ તેમનો મુખ્ય ખોરાક છે. જેથી નાગલી માટે આદર કરી ધરૂ કરે છે, જેને લઈને ધરૂ જલ્દીથી ફૂટી નીકળે.

જયારે ભાત માટે ખાતરનો ઉપયોગ કરે છે, ભાતના ધરૂ માટે આદર કરીને ધરૂ કરે છે. અને પછી એક વરસાદ પડયા પછી ખેતરને ખેડીને ભાતનું ધરૂ રોપે છે. ધરૂ કરતાં પહેલાં આદર કરેલી જમીનને બે-ત્રણ વાર ખેડી નાખે છે.

તુવર, અડદ વગેરેના વાવેતરમાં ખાતરનો ઉપયોગ કરતા નથી. આ ઉપરાંત રાસાયણિક ખાતરનો ઉપયોગ પણ કેટલાંક ખેડૂતો કરે છે. ખાસ કરીને કોલમ ડાંગરની કયારીમાં રાસાયણિક ખાતર નાખે છે. કોલમ ડાંગર એ તેમને માટે રોકડીયા પાકની ગરજ સારે છે. તેઓ કોલમ ભાત ઘર વપરાશ માટે રાખતા નથી. ઘર વપરાશ માટે કુડા (હલકી જાતનો) ભાતનું વાવેતર કરે છે. ઘટક તરફથી સારુ બિયારણ તેમજ રાસાયણિક ખાતર વગેરે પુરૂં પાડવામાં આવે છે.

ગામમાં પિયત વાવેતર થતું નથી. ગામમાં સિંચાઈની કોઈ સગવડ નથી. ગામમાં માત્ર બે કૂવા છે. જેનો પીવાના પાણીમાં ઉપયોગ થાય છે. સિંચાઈના કામ માટે લેવામાં આવતો નથી. આ ઉપરાંત ગામ નદીના કીનારે જ હોય છે. સિંચાઈની સગવડ ઉપલબ્ધ હોવા છતાં સિંચાઈ થતી નથી. ગામમાં ઉદવહન સિંચાઈ અંગે ઘણી શકયતાઓ રહેલી છે. નદીમાં બારે માસ સારુ પાણી રહે છે જેની ઉદવહન સિંચાઈ દવારા શિયાળુ, ઉનાળુ વાવેતર કરી શકાય. આ અંગે હજુ કોઈ સઘન પયત્નો ઘટક તરફથી થયેલ નથી. પંચાયતની પાસે મશીન છે પરંતુ તેનો ખાસ ઉપયોગ થતો નથી. જો સરકારી ધોરણે મશીનની સગવડ આપવામાં આવે તો ઉદવહન દ્વારા સારી એવી જમીનમાં શિયાળુ વાવેતર થઈ શકે. આ ઉપરાંત કૂવાઓ માટે સબસીડી આપીને કૂવાઓનું બાંધકામ કરવામાં આવે જેથી સિંચાઈની સગવડ કરી શકાય.

કોંકણા જાતિના લોકો મહેનતુ છે અને તેઓ જાત મહેનતે પાળા બાંધીને કયારીઓ કરે છે. અને ખેતરમાં કેટલાક ઠેકાણે પાળા બાંધી, સિંચાઈની સગવડ ઊભી કરીને વધુ ઉપજ માટે પ્રયત્ન કરી શકાય એમ છે.



આમ તેમને સિંચાઈનો કોઈ ખર્ચ કરવો પડતો નથી. બીજ પોતાના ઘરનું નાખે છે. જયારે છાણિયું ખાતર પણ પોતાના ઘરનું નાખે છે. રાસાયણિક ખાતર રોકડેથી મેળવે છે. આ ઉપરાંત

કેટલાંક કુટુંબોને મજૂરીનો ખર્ચ કરવો પડે છે. ડાંગરની રોપણી વખતે મજૂરોને રોકવા પડે છે તેમજ વાવણી અને કાપણી વગેરે સમયે મજૂરોને રોકવા પડે છે. મજૂરી માટે એક દિવસના એક પાયલી (ટોકરી) નાગલી કે ભાત અને બપોરે જમવાનું આપવામાં આવે છે. આમ મોટા ખેડૂતોને મજૂરીનો ખર્ચ ભોગવવો પડે છે જયારે બીજા ખેડૂતો પોતે જાત મહેનત કરતાં હોય છે. મોટે ભાગે કુટુંબના સભ્યો જ ખેતીમાં રોકાયેલાં રહે છે. ખેતીના કામમાં સ્ત્રીઓ તેમજ બાળકો પણ મદદ કરે છે.

ગામની જમીન ફળદ્રુપ નહિ હોવાથી એકર દીઠ ઉત્પાદન સારા એવા પ્રમાણમાં લઈ શકાતું નથી. નાગલીનું ઉત્પાદન એકર દીઠ લગભગ ૫ થી ૧૦ મણ (કોંકણી મણ) આવે છે. જયારે ભાત અને અડદ, તુવર વગેરેની ઉપજ પણ લગભગ એટલી જ રહે છે. આમ પોતાની ઉપજ ઓછી હોવાને લીધે આવક ઓછી રહે છે. આમ લોકોને આખું વર્ષ મહેનત-મજૂરી કરીને ગુજરાન ચલાવવું પડે છે. તેમનો રોકડીયો પાક કોલમ ડાંગર જ છે. તેઓ કોલમ ડાંગર ગામનાં વેપારી અથવા આજુ બાજુના ગામનાં વેપારીઓને વેચી દે છે. જયારે નાગલી, કુડાભાત વગેરે ઘર માટે રાખે છે. અને જયારે કોઈ જીવન જરૂરિયાતની વસ્તુની જરૂર પડે તો નાગલી વેચીને ખરીદ કરે છે.

ખેતી એજ તેમની આવકનું મહત્વનું સાધન છે. જો ખેતી નિષ્ફળ જાય તો તેમને આર્થિક રીતે ઘણું સહન કરવું પડે છે અને દેવું કરવું પડે છે. ખેતી સિવાય અન્ય ગૌણ ધંધાઓમાં મજૂરી ગણાવી શકાય. આ ઉપરાંત પશુપાલન ઉછેર, માદલાંની આવક તેમજ જંગલની પેદાશની આવક છે.

તેઓ ખેતી સિવાય મજૂરીમાંથી આવક મેળવે છે. જો કે આ ગૌણ ધંધામાંથી થતી આવક ઘણી નજીવી હોય છે. ગામમાં બારે માસ મજૂરીનું કામ મળી રહેતું નથી. ચોમાસામાં થોડા દિવસો ખેત-મજૂરીનું કામ મળી રહે છે. જો કે ખેત-મજૂરી બધાંને મળી રહેતી નથી, કારણ કે ગામમાં દરેક કુટુંબ પાસે થોડી થોડી જમીન હોઈ તેઓ કુટુંબના સભ્યો સાથે મળી

ખેતી કરતા હોય છે. જે ગણ્યાં ગાંઠ્યા મોટા ખાતેદારો હોય છે તેમને મજૂરોની જરૂર પડે છે. આમ બારેમાસ મજૂરી મળી રહેતી નથી.

સામાન્ય રીતે ગામમાં ખેત-મજૂરીનો દર લગભગ સરખો છે. આખા દિવસની સ્ત્રી-પુરૂષને મજૂરી ૧ ટોકરી નાગલી અથવા ભાત આપવામાં આવે છે. અને એક વખતનો રોટલો આપવામાં આવે છે. ૧ ટોકરી નાગલી એ લગભગ ૩ થી ૩.૫ કિલો થાય છે. આમ રોકડ સ્વરૂપમાં ગણીએ તો ૧ ટોકરી નાગલી કે ભાત ઉપરાંત ૧ સમય ખાવાનું તે લગભગ રૂા.૨-૫૦ જેટલું થાય. સ્ત્રી-પુરૂષની મજૂરીમાં કોઇ ભેદભાવ રાખવામાં આવતો નથી.

ખેત-મજૂરી ઉપરાંત જંગલમાં મજૂરી મળે છે. જંગલમાં લાકડાં કાપવાની તેમજ અન્ય મજૂરી કરે છે. જંગલ-મજૂરીનો દર દિવસના રૂા.૨-૫૦ થી ૩-૫૦ જેટલો છે. જોકે ગામનાં ઘણાં થોડા લોકો જંગલમાં મજૂરી માટે જાય છે. આ ઉપરાંત જંગલની પેદાશમાંથી કોઇ આવક થતી નથી. તેઓ મહુડાની ઋતુમાં મહુડા જંગલમાંથી વીણી લાવે છે અથવા પોતાના ખેતરમાં હોય તો લાવે છે. મહુડાનો ઉપયોગ દારૂ બનાવવામાં કરે છે. આ ઉપરાંત મહુડાની ડોળી નીકળે છે તેનું તેલ પિલાવે છે. ડોળી વેચતા નથી. ડોળીનું તેલ પિલાવી ખાય છે. આ ઉપરાંત ખેતરોમાં જંગલો ખાસ પ્રકારના હોય છે. પરંતુ તેમાંથી ઉપજ ઘણી ઓછી હોય છે. ઘણાંની પાસે આંબા વગેરેના ઝાડો હોય છે પરંતુ કેરીઓ છોકરાઓ ખાઇ જતાં હોય છે. આ ઉપરાંત ઘણાંને ત્યાં ફણસનું ઝાડ હોય છે અને ફણસના ઝાડમાંથી આવક સારી મેળવી શકાય છે. પરંતુ ફણસના ઝાડની માવજતના અભાવે સારું ઉત્પાદન મેળવી શકાતું નથી.

ગામમાં પશુપાલનનો ધંધો વિકસેલ નથી. ગામમાં કુટુંબો પાસે દૂધાળા ઢોર હોય છે પરંતુ તેમાંથી ગૌચર-ઘાસના અભાવે સારુ દૂધ મેળવી શકાતું નથી. જે કોઇ કુટુંબ પાસે થોડી ઘણી દૂધની ઉપજ થાય છે તે તેઓ ખાવામાં વાપરી નાખે છે. આ ઉપરાંત ગામમાં મરઘાં ઉછેરનો ધંધો વિકસેલ નથી. દરેક કુટુંબો મરઘા-મરઘી રાખતા હોય છે. પરંતુ તેનો ઉપયોગ માત્ર દેવ-દેવીઓને વધેરવામાં જ કરે છે. તેઓ પણ તહેવારોના દિવસે ખાવામાં વાપરે છે. આવકની દ્રષ્ટિએ મરઘાં-ઉછેર કરવામાં આવતો નથી.



આમ એકંદરે તેમનું જીવન ખેતીની આવક પર જ નિર્ભર છે. આ ઉપરાંત થોડી ઘણી મજૂરી મેળવે છે. પશુપાલનનો ધંધો વિકસાત નહિ હોવાને લીધે તેમાંથી સારી આવક મેળવી શકાતી નથી. કેટલાંક લોકો મજૂરી માટે ગામમાંથી વાપી, ઉમરગામ વગેરે નાના મોટા કારખાનાઓમાં નોકરી કરે છે.

**ખેતીના સાધનો :**

કોંકણા જાતિ પાસે ખેતીના સાધનોમાં તેમના પણાલીગત સાધનો છે. સુધરેલ ઓજારોનો ઉપયોગ નથી. ખાસ કરીને તેમની પાસે લાકડાનું હળ (આઉત) અને સમાર (અરવત) મુખ્યત્વે હોય છે. આ ઉપરાંત થોડા ઘણાં નાનાં ઓજારો રાખે છે. તેઓ બે બળદ રાખે છે અને બળદથી ખેતી કરે છે. જેમની પાસે એક બળદ હોય છે તેઓ એક બળદ ભાડેથી લાવે છે. આ માટે ૨૦ કિલો નાગલી કે ડાંગર આપવી પડે છે. આ ઉપરાંત ઢોરોમાં અમુક કુટુંબો પાસે ભેંસો, બકરાં-ઘેટાં વગેરે હતાં. સામાન્ય રીતે આદિવાસી કુટુંબ પાસે મરઘાં હોય છે જ. લોખંડના હળનો ઉપયોગ કરતા નથી.

ખેતી એજ માત્ર આવકનું સાધન છે તેમજ મજૂરી અને અન્ય રોજગારીના સ્થાનોના અભાવે ભરણ-પોષણ માટે ઘણી મહેનત કરવી પડે છે. ઘરખર્ચને પહોંચી ન વળતાં તેમને દેવું કરવું પડે છે. લવકર ગામ જૂથ સહકારી મંડળી નીચે આવે છે. ગામનાં ઘણાં લોકો મંડળીના સભ્યો છે. ઘટક તરફથી ૧૦ રૂા.નો શેર ખરીદીને સભ્યપદ મેળવવામાં આવે છે. માત્ર તેમની પાસેથી રૂા.૧ સભ્ય ફી લેવામાં આવે છે.

હજુ પણ તેઓને પૈસા માટે શાહુકાર પાસે જવું પડે છે. તેમનું મોટા ભાગનું દેવું શાહુકાર – વેપારીનું છે. આ માટે તેમને રૂા.૧૦૦ ના રૂા.૨૫ વ્યાજ આપવું પડે છે. સહકારી મંડળીમાંથી ધીરાણ કોઇએ મેળવ્યુ નથી. આ ઉપરાંત તેમનું દેવું સગાસંબંધીઓનું છે પરંતુ સગાસંબંધીઓનું દેવું રોકડ સ્વરૂપમાં હોતું નથી. સગાસંબંધીઓનું દેવું વસ્તુના સ્વરૂપમાં જોવા મળે છે. મુશ્કેલીના ટાણે તેઓ સગાસંબંધી પાસેથી ખાવા માટે અથવા બી માટે નાગલી અથવા ભાત લાવે છે. અને પછી પાછાં આપી દે છે. તેઓને દેવું ખાસ કરીને નિર્વાહ ખર્ચ માટે વધુ કરવું પડે છે. ખેતીના વિકાસ માટેનું દેવું નજીવું હોય છે. સામાજિક પ્રસંગે – લગ્ન, મૃત્યુ વગેરે માટે દેવું કરવું પડે છે. આ ઉપરાંત જીવન નિર્વાહના માટે દેવું કરવું પડતું હોય છે.

આમ કોંકણા જાતિ પાસે ઓછી જમીન, તેમાંયે કસ વગરની જમીન, હોવાને લીધે ખેતીમાંથી પુરતી આવક મેળવી શકતા નથી. આ ઉપરાંત ગામમાં બારે માસ મજૂરી મળતી નથી. આ ઉપરાંત અન્ય રોજગારીના સાધનોના અભાવને લીધે ભરણપોષણ માટે તળખાં મારવા પડે છે અને દેવું વધતું જાય છે. આમ તેઓ આર્થિક રીતે ઘણાં પછાત રહે છે. તેમની આર્થિક દશા સુધરતી નથી અને એકંદરે પછાત દશામાં રહે છે.

૧૯૬૯ માં લવકર ગામમાંથી ૫૮ કુટુંબોની તપાસ કરવામાં આવી હતી. ૫૮ કુટુંબોમાંથી ૫૬ કુટુંબોનો મુખ્ય ધંધો ખેતી હતો. બે કુટુંબ ખેત-મજૂરી કરતા હતાં. ૫૬ કુટુંબોની કુલ સભ્ય સંખ્યા ૩૨૨ ની હતી, જેમાં ૧૬૫ ( ૪૮.૮ ટકા) પુરૂષો અને ૧૫૭ (૫૧.૨ ટકા) સ્ત્રીઓ હતી. કુલ વ્યક્તિઓમાંથી ૧૯૬ (૬૦.૯ ટકા) વ્યક્તિઓ એક યા બીજા પ્રકારની આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલી હતી. કામ કરતી કુલ ૧૯૬ વ્યક્તિઓમાં ૯૧ પુરૂષો (૪૬.૫ ટકા) ૯૬ સ્ત્રીઓ (૪૮.૯ ટકા) અને ૯ બાળકો (૪.૬ ટકા) હતાં.

કુટુંબની સભ્ય સંખ્યા પ્રમાણે કુટુંબ સંખ્યા કોઠા ૩:૧ માં જણાવ્યા પ્રમાણેની હતી.

| કુટુંબનું કદ | કુટુંબની સંખ્યા | ટકા |
|---|---|---|
| ૧ થી ૪ | ૧૬ | ૨૭.૬ |
| ૫ થી ૧૦ | ૪૧ | ૭૦.૭ |
| ૧૦ થી વધુ | ૧ | ૧.૭ |
| | ૫૮ | ૧૦૦.૦ |

તપાસેલ કુટુંબમાંથી ૩૮ (૬૫.૫ ટકા) કુટુંબો વિભક્ત હતાં જ્યારે ૨૦ (૩૪.૫ ટકા) સંયુક્ત હતાં.

તપાસેલ ૫૮ કુટુંબો જુદા જુદા ૧૬ ગોત્રમાં વહેંચાયેલાં હતાં. સૌથી વધુ ગોત્ર ધરાવતા કુટુંબોમાં માહલા, ગવળી અને ગાવીત હતાં જ્યારે અન્ય ગોત્ર વાળા કુટુંબોની સંખ્યા એક કે બેની હતી. ગોત્રવાર કુટુંબ સંખ્યા અને ગોત્રવાર સભ્યસંખ્યા અનુક્રમે કોઠા ૩:૨ અને ૩:૩ માં આપવામાં આવી છે.



કોઠા :: ૩:૨ ગોત્ર પ્રમાણે કુટુંબ સંખ્યા.

| | માહલા | ગવળી | ગાવીત | જાદવ | ઠાકર્યા | દળવી | ગાયકવાડ | રાવુત | અવતાર | વાધેર | શકરીયા | ધુમ | કુકુ | સવરા | ભુસારા | ભોયે |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સંખ્યા | ૧૫ | ૧૩ | ૬ | ૪ | ૩ | ૨ | ૩ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ |
| ટકા. | ૨૫.૯ | ૨૨.૪ | ૧૦.૪ | ૬.૯ | ૫.૧ | ૩.૫ | ૫.૧ | ૩.૫ | ૩.૫ | ૩.૫ | ૧.૭ | ૧.૭ | ૧.૭ | ૧.૭ | ૧.૭ | ૧.૭ |

કોઠા :: ૩ : ૩. ગોત્ર પ્રમાણે સભ્ય સંખ્યા.

| ગોત્ર | પુ. સંખ્યા | પુ. ટકા | સ્ત્રી સંખ્યા | સ્ત્રી ટકા |
|---|---|---|---|---|
| માહલા | ૪૦ | ૧૨.૪ | ૪૭ | ૧૪.૭ |
| ગવળી | ૩૧ | ૯.૬ | ૩૪ | ૧૦.૬ |
| ગાવીત | ૧૬ | ૪.૯ | ૨૪ | ૭.૪ |
| જાદવ | ૬ | ૧.૯ | ૫ | ૧.૬ |
| ઠાકર્યા | ૧૨ | ૩.૭ | ૬ | ૧.૯ |
| દળવી | ૩ | ૦.૯ | ૯ | ૨.૮ |
| ગાયકવાડ | ૭ | ૨.૮ | ૭ | ૨.૨ |
| રાવુત | ૭ | ૨.૨ | ૬ | ૧.૯ |
| અવતાર | ૭ | ૨.૨ | ૬ | ૧.૯ |
| વાધેર | ૧૧ | ૩.૪ | ૫ | ૧.૬ |
| શકરીયા | ૨ | ૦.૬ | ૨ | ૦.૬ |
| ધુમ | ૨ | ૦.૬ | ૩ | ૦.૯ |
| કુકુ | ૨ | ૦.૬ | ૩ | ૦.૯ |
| સવરા | ૪ | ૧.૨ | ૨ | ૦.૬ |
| ભુસારા | ૩ | ૦.૯ | ૪ | ૧.૨ |
| ભોયે | ૪ | ૧.૨ | ૨ | ૦.૬ |
| કુલ | ૧૫૭ | ૪૮.૮ | | |

વસવાટ :

ગામમાં વસતા કુટુંબો જુદા જુદા સમયે ગામમાં આવીને વસ્યા હતાં. ૪ કુટુંબો ૬ પેઢીથી વસતા હતાં. જયારે ૧૫ કુટુંબોનો વસવાટ માત્ર એક પેઢીથી હતો. ગોત્રવાર કુટુંબો કેટલી પેઢીથી ગામમાં આવીને વસ્યાં હતાં તેની વિગતવાર માહિતી કોઠા ૩:૪ માં આપવામાં આવી છે.

તપાસેલ કુટુંબોમાંથી મોટા ભાગના કુટુંબો આજુબાજુના ગામમાંથી તેમજ મહારાષ્ટ્ર માંથી આવીને અહીં વસ્યા હતાં. તેમનામાંથી ૧૪ કુટુંબોએ તેમના બાપદાદા કયા ગામથી અહીં આવ્યા હતા તે અંગેની જાણકારી નહોતી. ગોત્રવાર અને ગામવાર સ્થાનાન્તર કરી આવેલ કુટુંબોની માહિતી કોઠા ૩:૫ માં આપવામાં આવી છે.

ઘર :

તેમનાં ઘરોની સ્થિતિ સામાન્ય જોવા મળી હતી. કેટલાંકના ઘરો પર દેશી નળિયાં હતાં બાકી મોટા ભાગના ઝૂંપડા પર ઘાસનું છાજ હતું. તપાસેલ કુટુંબમાંથી ૨૪ (૪૧.૪ ટકા) ઘરો બે ઓરડાઓ, બે ઓસરીવાળા જયારે ૩૧ (૫૩.૫ ટકા) એક ઓરડો અને એક ઓસરીવાળા અને ૩ ઘરો માત્ર એક ઓરડાવાળા હતાં.

વસતિ :

તપાસેલ કુટુંબની ૧૯૬૦ માં સભ્ય સંખ્યા ૨૨૫ ની હતી. ૧૯૬૦-૭૦ ના દસ વર્ષના ગાળા દરમ્યાન ૧૧૧ વ્યકિતઓનો જન્મ થયો હતો જયારે માત્ર ૨૬ વ્યકિતઓ મૃત્યુ પામી હતી અને બાર વ્યકિતઓ પત્ની તરીકે કે ઘરજમાઇ તરીકે વધારો થયો હતો. આમ ગામમાં જન્મ દર ઘણોજ ઉંચો હતો. તપાસેલ ૫૮ કુટુંબોમાંથી ૪ કુટુંબના કદમાં કંઇ પણ પરિવર્તન થયું નહોતું. જયારે ૫૪ કુટુંબના કદમાં ફેરફાર થયેલો જોવા મળ્યો હતો.

ગોત્રવાર અને પેઢીવાર ગામમાં વસવાટ. કોઠો ૩:૫

| | માહલા | ગવળી | ગાવીત | જાદવ | ઠાકર્યા | દળવી | ગાયકવાડ | રાવુત | અવતાર | વાઘેર | શહરીયા | ધુમ | કડકુ | સવરા | ભુસારા | ભોયે | કુલ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬પેઢી | ૧ | ૧ | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૪ (૬.૯) |
| ૫પેઢી | ૬ | ૧ | ૨ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧૦ (૧૭.૨) |
| ૪પેઢી | ૩ | ૩ | - | - | - | - | ૨ | - | ૧ | - | ૧ | - | - | - | - | - | ૧૦ (૧૭.૨) |
| ૩પેઢી | ૪ | ૬ | ૨ | ૧ | - | ૧ | ૧ | - | ૧ | - | - | - | - | - | - | - | ૧૬ (૨૭.૭) |
| ૨પેઢી | - | - | - | ૨ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૩ (૫.૧) |
| ૧પેઢી | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | - | - | ૨ | - | ૨ | - | ૧ | ૧ | ૧ | ૧ | - | ૧૫ (૨૫.૯) |
| કુલ. | ૧૫ | ૧૩ | ૬ | ૪ | ૩ | ૨ | ૩ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫૮ |
| ટકા. | ૨૫.૯ | ૨૨.૪ | ૧૦.૪ | ૬.૯ | ૫.૧ | ૩.૫ | ૫.૧ | ૩.૫ | ૩.૫ | ૩.૫ | ૧.૭ | ૧.૭ | ૧.૭ | ૧.૭ | ૧.૭ | ૧.૭ | ૧૦૦ |



કોઠો :: ૩ : ૫ ગોત્રવાર અને સ્થળવાર કુટુંબોની સંખ્યા.

| ક્યાંથી આવ્યા. | માહલા | ગવળી | ગાવીત | જાદવ | ઠાકર્યા | દળવી | ગાયકવાડ | રાઉત | અવતાર | વાઘેર | શહરીયા | ધુમ | કડકુ | સવરા | ભુસારા | ભોયે | કુલ. | ટકા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધામલજ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | ૧ | ૧.૭ |
| કુભાડીયા | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૨ | ૩.૫ |
| વરપા | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧.૭ |
| ારલેટ | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧.૭ |
| ારોટ | - | - | ૧ | ૨ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૩ | ૫.૧ |
| ગરૂડા | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧.૭ |
| વરવત | - | - | - | - | ૨ | - | - | - | - | - | - | ૧ | ૧ | - | ૧ | - | ૫ | ૮.૬ |
| ચૈમોયા | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧.૭ |
| દેવાસ | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧.૭ |
| દીલપરી | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧.૭ |
| આંબા | ૧ | - | - | - | - | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | ૩ | ૫.૧ |
| છાપરા | - | - | - | - | - | - | - | - | - | ૨ | - | - | - | - | - | - | ૨ | ૩.૫ |
| ખબર નથી | ૧૪ | ૧૧ | ૪ | - | ૧ | - | ૨ | - | ૨ | - | ૧ | - | - | - | - | ૧ | ૩૬ | ૬૨.૩ |
| કુલ | ૧૫ | ૧૩ | ૬ | ૪ | ૩ | ૨ | ૩ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫૮ | |
| ટકા | ૨૫.૯ | ૨૨.૪ | ૧૦.૪ | ૬.૯ | ૫.૧ | ૩.૫ | ૫.૧ | ૩.૫ | ૩.૫ | ૩.૫ | ૧.૭ | ૧.૭ | ૧.૭ | ૧.૭ | ૧.૭ | ૧.૭ | | ૧૦૦.૦ |

**કામ કરતી વસતિ :**

૧૯૬૯માં લતકર ગામમાંથી તપાસેલ ૫૮ કુટુંબમાંથી ૫૬ કુટુંબોનો મુખ્ય ધંધો ખેતી હતો. બે કુટુંબો માત્ર મજૂરી પર નિર્ભર હતાં. ૫૮ કુટુંબોની કુલ વસતિ ૩૨૨ ની હતી જેમાં ૧૬૫ (૪૮.૮ ટકા) પુરુષો અને ૧૫૭ (૫૧.૨ ટકા) સ્ત્રીઓ હતી. કુલ વ્યક્તિઓમાંથી ૧૯૬ વ્યક્તિઓ એક યા બીજા પ્રકારની આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલી હતી. ૧૯૬ માંથી ૯૧ પુરુષો (૪૬.૫ ટકા) ૯૬ સ્ત્રીઓ (૪૮.૯ ટકા) અને ૯ બાળકો (૪.૬ ટકા) કામ કરતાં હતાં. આ આંકડાઓ પરથી સ્પષ્ટપણે જોઇ શકાય છે કે આદિવાસી સમાજમાં સ્ત્રીઓ પુરુષોની સહભાગી છે. અહીં તેઓ વધુ પ્રમાણમાં કામ કરતાં હતાં.

તપાસેલ કુટુંબના સભ્યોનું વયજૂથ પ્રમાણે વર્ગીકરણ કોઠા ૩:૬ માં આપ્યું છે.

કોઠો ૩:૬

વયજૂથ પ્રમાણે વસતિનું વર્ગીકરણ

| વયજૂથ | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ૬ વર્ષથી નીચે | ૨૭ (૮.૪) | ૩૧ (૯.૬) | ૫૮ (૧૮.૦) |
| ૬ થી ૧૫ | ૪૦ (૧૨.૪) | ૪૩ (૧૩.૪) | ૮૩ (૨૫.૮) |
| ૧૬ થી ૩૦ | ૪૧ (૧૨.૯) | ૪૦ (૧૨.૩) | ૮૧ (૨૫.૧) |
| ૩૧ થી ૫૦ | ૩૭ (૧૧.૫) | ૩૬ (૧૧.૨) | ૭૩ (૨૨.૭) |
| ૫૦ થી વધુ | ૧૨ (૩.૭) | ૧૫ (૪.૭) | ૨૭ (૮.૪) |
| | ૧૫૭ (૧૦૦.૦) | ૧૬૫ (૧૦૦.૦) | ૩૨૨ (૧૦૦.૦) |

કૌંસમાં જણાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.



ઉપરનાં આંકડાઓ પરથી જણાય છે કે નાનાં બાળકોની તેમજ ૫૦ થી વધુ ઉંમરના લોકોની સંખ્યા ઘણીજ ઓછી છે.

**શિક્ષણ :**

ગામનાં કોંકણા લોકોમાં શિક્ષણનું પ્રમાણ ઘણુંજ ઓછું છે. તપાસેલ કુટુંબની કુલ સભ્ય સંખ્યામાંથી ૫૮ વ્યક્તિઓ ૬૦ વર્ષથી નીચેની હતી. ૨૬૪ વ્યક્તિઓમાંની માત્ર ૨ વ્યક્તિઓ સહી કરી શકે એવી અને ૮ વ્યક્તિઓએ પ્રાથમિક શિક્ષણ લીધું હતું. બાકીની ૨૫૪ વ્યક્તિઓ અભણ હતી. આમ તપાસેલ કુટુંબોમાં માત્ર ૪ ટકા શિક્ષણનું પ્રમાણ હતું. બાકીના ૯૬ ટકા લોકો અભણ હતાં. એમાંયે કુલ ૧૩૪ સ્ત્રીઓમાંથી એકે ભણેલ નહોતી. આમ ૪ ટકા શિક્ષણ પુરુષોમાં જ જોવા મળ્યું હતું.

**વૈવાહિક દરજ્જો :**

તપાસેલ કુટુંબમાંથી કુલ ૩૨૨ સભ્યોમાંથી ૧૫૦ વ્યક્તિઓ પરિણિત હતી જ્યારે ૧૬૪ વ્યક્તિઓ અપરિણિત હતી અને ૭ વ્યક્તિઓ વિધવા અને ૧ વિધુર હતો. આમ પરિણિત કરતાં અપરિણિતનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું. કુલ ૭૬ પરિણિત પુરુષોમાંથી ૨૭ ના ગામમાં જ, ૩૬ ના ૫ માઇલ સુધીના અંતરે, ૮ ના ૬ થી ૧૦ માઇલના અંતરે અને ૪ ના ૧૧ થી ૧૫ માઇલના અંતરે લગ્ન થયાં હતાં. તપાસેલ વ્યક્તિઓમાંથી પરિણિત કયા કયા ગોત્રમાંથી છોકરીઓ લાવ્યા હતાં તેની વિગતવાર માહિતી કોઠા ૩:૭ માં દર્શાવવામાં આવી છે.

તપાસેલ કુલ ૫૮ કુટુંબોમાંથી ૫૬ કુટુંબોનો મુખ્ય ધંધો ખેતીનો હતો જ્યારે બે કુટુંબો મજૂરી પર નિર્ભર હતાં. જમીનનાં કદ પ્રમાણે ૫૬ કુટુંબોનું વર્ગીકરણ નીચેનાં કોઠામાં દર્શાવવામાં આવેલું છે :-

## તપાસતાં કુટુંબની ગોત્રવાર લગ્નની માહિતિ. કોઠો ૩:૭



| લગ્નથયેલ ગોત્ર. | માહલા | ગવળી | ગાવીત | જાદવ | ઠાકર્યા | દળવી | ગાયકવાડ | રાવુત | અવતાર | વાયેર | રાહુરીયા | ધુમ | કડકુ | સવરા | ભુસારા | ભોયે | કુલ | ટકા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| માહલા | - | ૩ | ૧ | ૧ | ૧ | - | - | - | - | ૧ | - | - | - | - | - | - | ૭ | [illegible].૩ |
| ગળવી | ૩ | - | ૧ | ૨ | - | - | ૩ | ૧ | - | - | - | - | ૧ | - | - | - | ૧૧ | ૧૪.૭ |
| ગાવીત | ૨ | ૨ | - | - | ૧ | ૧ | - | - | - | - | ૧ | - | - | - | ૧ | - | ૮ | ૧૦.૭ |
| જાદવ | ૧ | ૨ | ૨ | - | - | ૧ | - | - | ૧ | - | - | - | - | ૧ | ૧ | - | ૯ | ૧૨.૧ |
| ઠાકર્યા | ૪ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૪ | ૫.૩ |
| દળવી | ૨ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | ૧ | ૪ | ૫.૩ |
| ગાયકવાડ | ૧ | ૧ | ૧ | - | ૧ | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | ૫ | ૬.૭ |
| રાવુત | ૪ | ૨ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૭ | ૯.૩ |
| ધુમ | - | - | - | - | - | - | - | ૧ | - | ૧ | - | - | - | - | - | - | ૨ | ૨.૭ |
| કડકુ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | |
| સવરા | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧.૩ |
| ભુસારા | ૨ | ૧ | - | - | - | - | - | ૧ | ૧ | - | - | - | - | - | - | - | ૫ | ૬.૭ |
| ભોય | ૧ | ૧ | ૧ | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૪ | ૫.૩ |
| ચૌધરી | - | ૨ | ૨ | - | - | - | - | - | ૧ | - | - | - | - | ૧ | - | - | ૬ | ૮.૦ |
| વજીર | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧.૩ |
| પડવી | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧.૩ |
| કુલ. | ૨૦ | ૧૭ | ૮ | ૪ | ૩ | ૩ | ૩ | ૩ | ૩ | ૨ | ૧ | ૧ | ૨ | ૨ | ૨ | ૧ | ૭૫ | ૧૦૦૦ |
| ટકા. | ૨૬.૬ | ૨૨.૭ | ૧૦.૭ | ૫.૩ | ૪.૦ | ૪.૦ | ૪.૦ | ૪.૦ | ૪.૦ | ૨.૭ | ૧.૩ | ૧.૩ | ૨.૭ | ૨.૭ | ૨.૭ | ૧.૩ | | |



| જમીનનું કદ (એકર) | કુટુંબ સંખ્યા | કુટુંબ દીઠ જમીન (એકર) |
|---|---|---|
| ૧ થી ૨.૫ | ૯ | ૧.૬૫ |
| ૨.૫ થી ૫ | ૨૩ | ૩.૭૯ |
| ૫ થી ૭.૫ | ૧૬ | ૫.૮૭ |
| ૭.૫ થી ૧૦ | ૪ | ૮.૪૦ |
| ૧૦ થી વધુ | ૪ | ૧૧.૧૧ |
| | ૫૬ | ૪.૨૦ |

ઉપરના આંકડાઓ પરથી જણાય છે કે મોટા ભાગનાં કુટુંબો સીમાન્ત અને નાનાં હતાં. ૧૦ એકરથી વધુ જમીન ધરાવનાર કુટુંબો માત્ર ૪ હતાં. કુટુંબદીઠ જમીનનું પ્રમાણ ૪.૨૦ હતું.

ગામમાંથી તપાસેલ કુટુંબોમાં ખેતીમાં મુખ્યત્વે નાગલી, ડાંગર અને વરઇનું વાવેતર કરતાં હતાં. નાગલી અને ડાંગરની સાથે અડદ અને તુવર પણ ઘણાં થોડા કુટુંબો મુરશાની અને શાકભાજીનું વાવેતર કરતાં હતાં. મોટે ભાગે ખરીફ પાકો લેવામાં આવતાં. પાણીની સગવડને અભાવે દુબારી વાવેતર થતું નહિ. થોડી જમીનની ઉત્પાદકતા, પાણીની સગવડનો અભાવ તેમજ ખાતર અને સારાં બિયારણના થોડા ઉપયોગને લીધે એકર દીઠ ઉત્પાદન ઘણુંજ થોડું હતું. જે નીચેનાં આંકડાઓ જોવાથી, સ્પષ્ટ જણાઇ આવે છે. તપાસ વર્ષના ભાવે ખાદ્યપાકોનું એકર દીઠ ઉત્પાદન (ખર્ચ બાદ કરતાં) રૂ.૧૨૨ નું હતું. જુદા જુદા પાકોનું એકર દીઠ ઉત્પાદન નીચેનાં કોઠામાં દર્શાવવામાં આવ્યું છે :-

પાકવાર એકર દીઠ ઉત્પાદન

| પાક | વિસ્તાર (એકરમાં) | એકર દીઠ ઉત્પાદન (કિલોમાં) |
|---|---|---|
| ડાંગર | ૯૭.૨૫ | ૨૭૭ |
| નાગલી | ૧૦૪.૨૦ | ૬૮૮ |
| વરઇ | ૨૮.૨૭ | ૨૪૫ |
| અડદ | ૧૬.૧૦ | ૮૪ |
| તુવર | ૧૩.૦૦ | ૮૫ |
| ખુરશાની | ૧૨.૩૫ | ૮૫ |
| જુવાર | ૬.૩૫ | ૨૫૮ |
| શાકભાજી | ૪.૦૫ | ૮૫ |
| મગફળી | ૦.૩૩ | ૬૭ |
| | ૨૭૬.૨૦ | - |

આવક :

તપાસેલ કુટુંબો મોટા ભાગની આવક ખેતીમાંથી મેળવતા હતાં. ખેતી સિવાય મજૂરી, પશુપાલન અને વન્ય પેદાશો એકઠી કરી થોડી ઘણી આવક મેળવી જીવન ગુજારતાં હતાં. તપાસેલ કુટુંબની વાર્ષિક કુટુંબ દીઠ આવક રૂ. ૬૭૩ ની હતી જ્યારે માથા દીઠ વાર્ષિક આવક રૂ. ૧૨૧ ની હતી. આવકનું પ્રમાણ જમીનનાં કદ પ્રમાણે જુદું જુદું હતું. સૌથી ઓછી માથા દીઠ આવક રૂ. ૯૮ ખેતમજૂર કુટુંબની હતી. જમીનનાં કદ પ્રમાણે જુદા જુદા સાધનોમાંથી થતી આવકની માહિતી કોઠા ૩:૮ માં દર્શાવવામાં આવી છે.

તપાસેલ કુટુંબોનું આવક જૂથ પ્રમાણે વર્ગીકરણ કરતાં જણાયું હતું કે કુલ ૫૮ કુટુંબોમાંથી ૨ કુટુંબોની વાર્ષિક આવક રૂ.૨૫૦, ૨૭ કુટુંબોની રૂ.૨૫૦ થી ૫૦૦ સુધીની, ૨૦ કુટુંબોની રૂ.૫૦૦ થી રૂ.૭૫૦ સુધીની, ૯ કુટુંબોની રૂ.૭૫૦ થી ૧૦૦૦ સુધીની અને માત્ર ૭ કુટુંબોની વાર્ષિક આવક રૂ.૧૦૦૦ થી વધુ હતી. ખેતમજૂરી પર નિર્ભર બન્ને કુટુંબોની વાર્ષિક આવક રૂ.૨૫૦ હતી.



કોઠો ૩:૮

જમીનના કદ પ્રમાણે અને સાધનવાર કુટુંબદીઠ વાર્ષિક આવક

| જમીનનું કદ | કુટુંબ સંખ્યા | ખેતીની આવક | પશુપાલન | મજૂરી | વન્યપેદાશ | અન્ય | કુલ વાર્ષિક આવક | માથાદીઠ આવક |
|---|---|---|---|---|---|---|---|---|
| ૦ - ૨૫ | ૯ | ૨૯૮.૦૦ | ૨૮.૬૭ | ૧૪૧.૬૭ | ૨૧.૩૩ | ૧૧.૭૭ | ૫૦૧.૪૪ | ૯૪.૦૨ |
| ૨.૫ થી ૫.૦ | ૨૩ | ૫૧૮.૭૮ | ૩૪.૦૦ | ૭૨.૮૭ | ૧૭.૯૬ | ૧૪.૩૫ | ૬૫૭.૯૬ | ૧૨૨.૦૪ |
| ૫.૦ થી ૭.૫ | ૧૬ | ૬૭૯.૯૪ | ૫૦.૫૦ | ૭૧.૪૪ | ૨૨.૭૫ | - | ૮૨૪.૬૩ | ૧૨૮.૧૦ |
| ૭.૫ થી ૧૦.૦ | ૪ | ૩૯૨.૭૫ | ૮.૦૦ | ૮૬.૨૫ | ૮.૨૫ | - | ૪૯૫.૨૫ | ૧૦૪.૨૬ |
| ૧૦.૦ થી ૧૫.૦ | ૪ | ૮૪૧.૨૫ | ૫૦.૦૦ | ૧૫.૦૦ | ૧૬.૨૫ | ૧૫.૦૦ | ૯૩૭.૫૦ | ૧૭૮.૫૭ |
| જમીનવિહોણા | ૨ | - | | ૧૦૧.૦૦ | ૧૧.૦૦ | ૧૩૦.૦૦ | ૨૪૨.૦૦ | ૯૮.૧૪ |
| કુલ | ૫૮ | ૫૨૪.૬૪ | ૩૫.૪૬ | ૮૧.૦૫ | ૧૮.૭૮ | ૧૩.૦૩ | ૬૭૩.૨૬ | ૧૨૧.૨૮ |

વપરાશી ખર્ચ :
-----------

તપાસેલ કુટુંબોનું વપરાશી ખર્ચ તપાસતાં જણાય છે કે કુટુંબદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ રૂ.૬૪૨-૭૪ નું હતું. જમીન કદ પ્રમાણે વાર્ષિક વપરાશી ખર્ચ જુદું જોવા મળે છે. કુલ વપરાશી ખર્ચનાં ૬૦ ટકા અનાજ પાછળ અને કપડાં-જોડાં પાછળ થાય છે. માથાદીઠ વાર્ષિક ખર્ચ રૂ.૧૧૫-૭૭ હતું જેમાંથી રૂ.૭૨ ઘરમાંથી, રૂ.૩૩ રોકડ ખરીદી અને રૂ.૧૦ વિનિમય દ્વારા થતું હતું. તપાસેલ કુટુંબોની વપરાશી ખર્ચની વિગતવાર માહિતી કોઠા ૩:૯ માં આપવામાં આવી છે.

અસ્કયામત :
---------

તપાસેલ કુટુંબોની અસ્કયામતની માહિતી તપાસતાં જણાય છે કે કુલ અસ્કયામતમાં ૫૭ ટકા હિસ્સો જમીન, ૨૦ ટકા મકાન અને ૧૫ ટકા ઢોરનો છે. આ સિવાય અન્ય અસ્કયામતો ઘણાં ઓછા પ્રમાણમાં જોવા મળે છે. જમીન કદ પ્રમાણે સૌથી ઓછી અસ્કયામત અનુક્રમે જમીન વિહોણા અને નાના ખેડૂતો પાસે હતી. જમીનનાં કદ પ્રમાણે અસ્કયામતની માહિતી કોઠા ૩:૧૦ માં દર્શાવવામાં આવી છે.

દેવું :
----

તપાસેલ કુટુંબોમાંથી ૨૪ કુટુંબો દેવાદાર હતાં. ૨૪ કુટુંબોમાંથી ૧૬ જણાએ શાહુકાર પાસેથી અને ૮ જણાએ સંબંધી પાસેથી ધીરાણ મેળવ્યું હતું. દેવાદાર કુટુંબદીઠ રૂ.૩૮૯૯ નું દેવું હતું. ૨૪ દેવાદાર કુટુંબોમાંથી ૧૧ જણાએ ઘર ખર્ચ માટે, ૪ જણાએ સામાજિક કામ માટે, ૨ જણાએ ખેતીના કામ માટે અને ૭ જણાએ જમીન સુધારણાના કાર્ય માટે દેવું કર્યું હતું. આમ મોટા ભાગનું દેવું બિન-સંસ્થાકીય હતું જ્યારે મોટા ભાગનું દેવું નિર્વાહ ખર્ચ તેમજ સામાજિક રીત-રિવાજો માટે કરવામાં આવ્યું હતું.

## કોઠો ૩:૯

### જમીનનાં કદ પ્રમાણે કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ

| માથાદીઠ ખર્ચ | જમીનનું કદ | ૦ થી ૨.૫ | ૨.૫ થી ૫.૦ | ૫.૦ થી ૭.૫ | ૭.૫ થી ૧૦.૦ | ૧૦.૦થી ૧૫.૦ | જમીન વિહોણાં | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭૦.૩૩ | અનાજ | ૩૦૯.૬૭ | ૩૭૬.૯૧ | ૪૭૮.૦૬ | ૨૯૭.૨૫ | ૪૯૦.૨૫ | ૧૯૬.૦૦ | ૩૬૦.૪૭ (૬૦.૦૫) |
| ૨.૩૦ | શાકભાજી | ૧૦.૬૭ | ૧૩.૪૮ | ૧૬.૪૪ | ૫.૫૦ | ૧૨.૫૦ | – | ૧૨.૭૮ (૧.૯૮) |
| ૪.૧૯ | માંસ-ઈંડાં | ૧૯.૪૪ | ૨૫.૭૪ | ૨૯.૯૪ | ૧૦.૭૫ | ૧૩.૦૦ | ૫.૦૦ | ૨૩.૨૯ (૩.૬૨) |
| ૧.૯૮ | દૂધ-ઘી | ૪.૪૪ | ૧૨.૦૦ | ૧૩.૭૫ | ૭.૫૦ | ૧૭.૫૦ | – | ૧૦.૯૬ (૧.૭૦) |
| ૧.૩૬ | ખાંડ-ગોળ | ૨.૬૭ | ૬.૩૪ | ૧૩.૪૯ | ૨.૭૫ | ૧૨.૫૦ | – | ૮.૮૦ (૧.૩૬) |
| ૪.૬૫ | તેલ | ૨૪.૧૧ | ૨૫.૭૦ | ૩૧.૬૩ | ૧૭.૫૦ | ૨૪.૨૫ | ૭.૫૦ | ૨૫.૭૯ (૪.૦૧) |
| ૦.૨૫ | ચા-કોફી | – | ૦.૫૨ | ૩.૬૯ | – | ૨.૫૦ | – | ૧.૪૦ (૦.૨૨) |
| ૪.૦૬ | મસાલા | ૧૮.૫૬ | ૨૩.૯૬ | ૨૫.૧૩ | ૨૧.૦૦ | ૧૫.૫૦ | ૨૦.૦૦ | ૨૨.૫૨ (૩.૫૦) |
| ૬.૬૮ | બીડી-તમાકુ | ૩.૪૯ | ૩૬.૬૧ | ૪૭.૦૦ | ૨૬.૨૫ | ૩૮.૭૫ | ૧૭.૫૦ | ૩૮.૭૬ (૬.૦૨) |
| ૦.૦૭ | બળતણ | – | ૦.૫૨ | ૦.૭૫ | – | – | – | ૦.૪૧ (૦.૦૬) |
| ૧૩.૫૩ | કપડાં-જોડા | ૫૮.૮૯ | ૬૯.૨૬ | ૧૦૬.૨૫ | ૩૮.૭૫ | ૯૦.૦૦ | ૧૦.૦૦ | ૭૫.૧૪ (૧૧.૬૭) |
| ૩.૯૪ | સામાજિક ધાર્મિક | ૩૮.૩૩ | ૧૬.૩૪ | ૩૦.૫૦ | ૫.૦૦ | ૧૦.૦૦ | – | ૨૧.૮૮ (૩.૪૦) |
| ૧.૧૦ | અન્ય | ૧૦.૩૩ | ૧૩.૮૭ | ૧૩.૫૬ | ૩.૨૫ | ૭.૦૦ | ૨.૫૦ | ૧૧.૬૪ (૧.૮૧) |
| ૧૧૫.૭૭ | કુલ | ૫૩૭.૦૦ | ૬૨૧.૨૬ | ૮૧૦.૧૯ | ૪૩૫.૫૦ | ૭૩૩.૭૫ | ૨૫૮.૫૦ | ૬૪૨.૭૪ (૧૦૦.૦૦) |
| ૭૨.૪૨ | ઘરનું | ૨૭૮.૪૪ | ૪૦૩.૦૪ | ૫૦૬.૩૭ | ૩૩૬.૭૫ | ૫૨૦.૭૫ | ૫.૦૦ | ૪૦૨.૦૩ |
| ૩૩.૭૨ | રોકડ | ૧૭૯.૬૭ | ૧૫૬.૮૭ | ૨૬૦.૦૦ | ૮૧.૨૫ | ૧૮૧.૨૫ | ૧૪૭.૫૦ | ૧૮૫.૦૦ |
| ૧૦.૭૩ | વિનિમય | ૬૭.૮૯ | ૫૭.૯૭ | ૨૨.૮૮ | ૧૭.૫૦ | ૩૧.૭૫ | ૬૬.૦૦ | ૫૫.૨૬ |

કૌંસમાં દર્શાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.



## કોઠો-૩:૧૦

### જમીનના કદ પ્રમાણે કુટુંબદીઠ અસ્કયામત

| જમીનનું કદ | જમીન | ઝાડ | પશુ | ખેતીના સાધનો | કુવા |
|---|---|---|---|---|---|
| ૦થી૨.૫ | ૫૮૩.૮૩ (૩૪.૯૦) | ૧૧.૧૧ (૦.૬૬) | ૫૧૧.૫૬ (૩૦.૫૭) | ૧૪.૨૨ (૦.૮૫) | – – |
| ૨.૫થી૫.૦ | ૧૭૩૫-૮૭ (૫૨.૬૦) | ૯૬.૫૨ (૨.૯૨) | ૫૨૭.૯૬ (૧૬.૦૦) | ૨૫.૬૧ (૦.૭૮) | – |
| ૫.૦થી૭.૫ | ૨૮૫૦.૦૦ (૫૯.૪૯) | ૧૩૦.૩૧ (૨.૭૨) | ૫૮૪.૮૬ (૧૨.૨૧) | ૧૮.૮૭ (૦.૩૯) | ૧૫૬.૨૫ (૩.૨૬) |
| ૭.૫થી૧૦.૦ | ૩૪૫૦.૦૦ (૭૮.૯૦) | ૧૨૫.૦૦ (૨.૮૬) | ૩૯૨.૫૦ (૮.૯૮) | ૨૩.૨૫ (૦.૫૩) | – – |
| ૧૦.૦થી૧૫.૦ | ૪૪૫૦.૦૦ (૫૯.૪૬) | ૨૭૫.૦૦ (૩.૬૮) | ૧૧૧૨.૭૫ (૧૪.૮૬) | ૨૪.૫૦ (૦.૩૩) | – – |
| જમીન વિહોણાં | – | – | ૧૨૫.૦૦ (૩૧.૫૩) | – – | – – |
| કુલ | ૨૧૦૯.૯૧ (૫૬.૭૦) | ૧૦૩.૫૩ (૨.૭૮) | ૫૫૮.૧૪ (૧૫.૦૦) | ૨૦.૮૬ (૦.૫૬) | ૪૩.૧૦ (૧.૧૬) |

નોંધઃ- કૌંસમાં દર્શાવેલ ટકા છે.

કોઠો- ૩:૧૦(ચાલુ)                    ૪૦ અ.

| ઘરવખરીનાં સાધનો | અન્ય અસ્કયામત | ઘરેણાં | મકાન | કુલ |
|---|---|---|---|---|
| ૭૦.૧૧ | - | ૧૬.૧૧ | ૪૬૬.૬૭ | ૧૬૭૩.૧૧ |
| (૪.૧૮) | - | (૦.૯૬) | (૨૭.૮૮) | (૧૦૦.૦૦) |
| ૮૬.૧૭ | ૩૫.૬૫ | ૩૭.૮૩ | ૭૫૪.૩૫ | ૩૨૯૯.૯૫ |
| (૨.૬૧) | (૧.૦૮) | (૧.૧૫) | (૨૨.૮૬) | (૧૦૦.૦૦) |
| ૯૪.૯૪ | ૬.૧૩ | ૧૦૧.૨૫ | ૮૪૭.૮૧ | ૪૭૯૦.૪૩ |
| (૧.૯૮) | (૦.૧૩) | (૨.૧૧) | (૧૭.૭૦) | (૧૦૦.૦૦) |
| ૭૪.૨૫ | ૧.૨૫ | ૩૧.૨૫ | ૨૭૫.૦૦ | ૪૩૭૨.૫૦ |
| (૧.૭૦) | (૦.૦૩) | (૦. ૭૧) | (૬.૨૯) | (૧૦૦.૦૦) |
| ૧૦૩.૨૫ | ૧૪.૨૫ | ૧૦૫.૦૦ | ૧૪૦૦.૦૦ | ૭૪૮૩.૭૫ |
| (૧.૩૮) | (૦.૧૯) | (૧.૪૦) | (૧૮.૭૦) | (૧૦૦.૦૦) |
| ૨૧.૫૦ | - | - | ૨૫૦.૦૦ | ૩૯૬.૫૦ |
| (૫.૪૨) | - | - | (૬૩.૦૫) | (૧૦૦.૦૦) |
| ૮૪.૨૩ | ૧૬.૯૦ | ૫૪.૮૩ | ૭૨૯.૫૭ | ૩૭૨૧.૦૭ |
| (૨.૨૬) | (૦.૪૫) | (૧.૪૭) | (૧૯.૬૨) | (૧૦૦.૦૦) |

નોંધ કૌંસમાં દર્શાવેલ ટકા છે.



પ્રકરણ : ૪

## લવકર : ૧૯૬૯-૧૯૭૯ તુલનાત્મક સ્થિતિ

પહેલી તપાસ વખતે ( ૧૯૬૯ ડિસેમ્બર ) લવકર ગામમાં કુલ ૬ કુટુંબો હતાં જેમાં ૫૮ કોંકણા જાતિના, ૭ ઢોરકોળી-કોલધા, ૧ વારલી અને ૧ મુસ્લિમ વેપારી કુટુંબ હતું. પહેલી તપાસ સમયે બધાં કુંકણા જાતિના કુટુંબોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કુલ ૬૭ કોંકણા કુટુંબોમાંથી ૫૮ કુટુંબોને અભ્યાસમાં આવરી લેવામાં આવ્યાં હતાં. બાકીનાં ૯ કુટુંબો તપાસ સમયે મજૂરી માટે સ્થાનાંતર કરી ગયાં હોવાથી તપાસમાં લેવામાં આવ્યા નહોતા. ૫૮ કુટુંબોમાંથી ૫૬ કુટુંબનો મુખ્ય ધંધો ખેતી હતો જ્યારે બે કુટુંબો મજૂરી પર નભતા હતાં. ૧૯૭૯ ના પુનઃતપાસ સમયે ૫૮ કુટુંબોમાંથી ૧૦ કુટુંબો હયાત નહોતા અને ૩ કુટુંબો મજૂરી માટે સ્થાનાંતર કરી ચાલ્યા ગયા હતાં તેથી ૪૫ કુટુંબોનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. ૧૯૬૯ અને ૧૯૭૯ માં આ ૪૫ કુટુંબોની આર્થિક-સામાજિક સ્થિતિ કેવા પ્રકારની હતી તેની ચર્ચા હવે આપણે કરીશું.

૧૯૬૯ અને ૧૯૭૯ માં તપાસેલ ૪૫ કુટુંબોની કુટુંબના કદ પ્રમાણેની સ્થિતિ કોઠા ૪માં દર્શાવવામાં આવી છે.

કોઠો - ૧

કુટુંબના કદ પ્રમાણે કુટુંબોની વહેંચણી :-

| કુટુંબનું કદ (સભ્યોમાં) | કુટુંબોની સંખ્યા ૧૯૬૯ | ટકા | ૧૯૭૯ | ટકા |
|---|---|---|---|---|
| ૧ થી ૩ સભ્યો | ૬ | ૧૩.૩૩ | ૪ | ૮.૮૯ |
| ૪ થી ૬ " | ૨૫ | ૫૫.૫૬ | ૨૨ | ૪૮.૮૯ |
| ૭ થી ૯ " | ૧૨ | ૨૬.૬૭ | ૧૭ | ૩૭.૭૮ |
| ૧૦ અને તેથી વધુ | ૨ | ૪.૪૪ | ૨ | ૪.૪૪ |
| કુલ | ૪૫ | ૧૦૦.૦૦ | ૪૫ | ૧૦૦.૦૦ |

કોઠા ૧ પરથી જણાય છે કે ૧૯૬૯ કરતાં ૧૯૭૯માં ૧ થી ૩ સભ્યો અને ૪ થી ૬ સભ્યો ધરાવતા કુટુંબોની સંખ્યા ઓછી થઇ હતી જ્યારે ૭ થી ૯ સભ્યોવાળા કુટુંબોની સંખ્યા ૧૯૬૯ કરતાં ૧૯૭૯માં વધી હતી જ્યારે મોટા કુટુંબની સ્થિતિ યથાવત રહી હતી.

કુટુંબના પ્રકાર પ્રમાણે તપાસેલ કુટુંબોનું વર્ગીકરણ કોઠા ૨ માં દર્શાવવામાં આવ્યું છે.

કોઠો - ૨

કુટુંબના પ્રકાર પ્રમાણે કુટુંબોની વહેંચણી :-

| કુટુંબનો પ્રકાર | ૧૯૬૯ | ટકા | ૧૯૭૯ | ટકા |
|---|---|---|---|---|
| સંયુકત | ૩૨ | ૭૨.૨૨ | ૪૨ | ૯૩.૩૩ |
| વિભકત | ૧૩ | ૨૭.૮૯ | ૩ | ૬.૬૭ |
| કુલ | ૪૫ | ૧૦૦.૦૦ | ૪૫ | ૧૦૦.૦૦ |



કોઠા ૨ પરથી જણાઇ આવે છે કે ગામમાં ૧૯૬૯ કરતાં ૧૯૭૯માં સંયુકત પરિવારો વધ્યાં હતાં જ્યારે વિભકત કુટુંબોની સંખ્યામાં ઘટાડો નોંધાયો હતો.

૧૯૬૯માં તપાસાયેલ ૪૫ કુટુંબોની સભ્ય સંખ્યા ૨૫૩ હતી જેમાં પુરૂષોની ૧૩૪ અને સ્ત્રીઓની ૧૧૯ હતી. એના એજ કુટુંબોમાં ૧૯૭૯માં સભ્ય સંખ્યા વધીને ૨૭૯ થઇ હતી. પુરૂષોની વસતિ ૧૫૨ અને સ્ત્રીઓની વસતિ ૧૨૭ની હતી. આમ દાયકા દરમ્યાન ૨૬ ની (૧૦ ટકા) સભ્ય સંખ્યા વધી હતી જેમાં ૧૮ પુરૂષો અને ૮ સ્ત્રીઓની સંખ્યા હતી. આ કુટુંબમાં વસતિ વધારાનો દર નીચો રહયો હતો (૧ ટકા જેટલો) વસતિમાં છોકરીઓ કરતાં છોકરાઓનું પ્રમાણ વધુ હતું, એ પણ આંકડાઓ પરથી સ્પષ્ટ જણાય છે.

બન્ને તપાસ સમયની વૈવાહિક સ્થિતિ પણ જુદા પ્રકારની હતી. ૧૯૭૯માં પરિણિત વ્યકિતઓની સંખ્યા ૧૯૬૯ કરતાં વધુ હતી જ્યારે અપરિણિતની ઓછી હતી. વૈવાહિક દરજ્જા પ્રમાણે બન્ને વર્ષોની તુલનાત્મક સ્થિતિ કોઠા ૩ માં આપવામાં આવી છે.

શિક્ષણ :

૧૯૬૯માં તપાસાયેલ કુટુંબોમાં માત્ર ૯ વ્યકિત શિક્ષિત હતી જ્યારે ૧૯૬૯માં ૧૫ વ્યકિતઓ શિક્ષિત હતી. આમ શિક્ષણના પ્રમાણમાં ખાસ વધારો થયો નહોતો. ૧૯૬૪માં ૬ થી ૧૪ વર્ષની વયના બાળકોની સંખ્યા ૭૧ હતી જેમાંથી માત્ર ૫ બાળકો ( ૨ છોકરા અને ૩ છોકરીઓ ) ભણવા જતાં હતાં જ્યારે ૧૯૭૯માં ૬૪ બાળકો ૬ થી ૧૪ વર્ષની ઉંમરનાં હતાં જેમાંથી માત્ર ૧ છોકરો ભણવા જતો હતો. આ આંકડાઓ પરથી જણાય છે કે ગામની શાળા કેવી ચાલતી હશે? અને ગામમાં શિક્ષણનું કેટલું મહત્વ હશે? અને આદિવાસીઓ શિક્ષણને કઇ રીતે જુએ છે તેનો ખ્યાલ આવે છે. તપાસેલ કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ કોઠા ૪ માં આપવામાં આવ્યું છે.

<u>કોઠો – ૩</u>

વૈવાહિક દરજ્જા પ્રમાણે કુટુંબના સભ્યોનું વર્ગીકરણ :-

| | ૧૯૬૯ | | | ૧૯૭૯ | | |
|---|---|---|---|---|---|---|
| વિગત | પુરૂષો | સ્ત્રી | કુલ | પુરૂષો | સ્ત્રી | કુલ |
| પરિણિત | ૫૩ | ૫૪ | ૧૦૭ (૪૨.૨૯) | ૭૦ | ૭૦ | ૧૪૦ (૫૦.૧૮) |
| અપરિણિત | ૭૩ | ૬૪ | ૧૩૭ (૫૪.૧૫) | ૭૫ | ૫૭ | ૧૩૨ (૪૭.૩૧) |
| વિધવા | ૫ | ૧ | ૬ (૨.૩૭) | ૨ | – | ૨ (૦.૭૨) |
| વિધુર | ૧ | – | ૧ (૦.૪૦) | ૪ | – | ૪ (૧.૪૩) |
| ત્યકતા છુટાછેડા | ૨ | – | ૨ (૦.૭૯) | ૧ | – | ૧ (૦.૩૬) |
| કુલ | ૧૩૪ | ૧૧૯ | ૨૫૩ (૧૦૦.૦૦) | ૧૫૨ | ૧૨૭ | ૨૭૯ (૧૦૦.૦૦) |

કૌંસમાં દર્શાવેલ ટકા છે.

<u>કોઠો – ૪</u>

તપાસેલ કુટુંબમાં શિક્ષણનું પ્રમાણ :-

| શિક્ષણ | ૧૯૬૯ | ટકા | ૧૯૭૯ | ટકા |
|---|---|---|---|---|
| શિક્ષિત | ૯ | ૩.૫૬ | ૧૫ | ૫.૩૭ |
| અભણ | ૧૯૮ | ૭૮.૨૬ | ૨૨૪ | ૭૮.૮૬ |
| ૫ થી ઓછી વયની-વસતિ | ૪૬ | ૧૮.૧૮ | ૪૪ | ૧૫.૭૭ |
| કુલ | ૨૫૩ | ૧૦૦.૦૦ | ૨૭૯ | ૧૦૦.૦૦ |



૧૯૬૯ માં તપાસેલ કુટુંબમાં કામ કરતી વસતિનું પ્રમાણ ૫૧ ટકા હતું જ્યારે ૧૯૭૯ માં તે પ્રમાણ ૫૩ ટકા હતું. કામ કરતી વસતિનું પ્રમાણ પુરૂષો અને સ્ત્રીઓ બન્નેમાં ૧૯૬૯ કરતાં ૧૯૭૯ માં વધ્યું હતું. આદિવાસી સમાજમાં સ્ત્રીઓ અને પુરૂષો બન્ને આર્થિક પ્રવૃત્તિમાં જોતરાયેલાં રહે છે. તેની પ્રતીતિ આ આંકડાઓ પરથી પણ જણાઇ આવે છે. સાથે સાથે એમ પણ જરૂરથી કહી શકાય કે જીવન જીવવા માટે સમાજનાં બધાં લોકોને મહેનત કરવી પડે છે. તપાસેલ કુટુંબમાં કામ કરતી વસતિની માહિતી કોઠા ૫ માં આપવામાં આવી છે.

<u>કોઠો – ૫</u>

તપાસેલ કુટુંબમાં જાતિવાર કામ કરતી વસતિનું પ્રમાણ :-

| | ૧૯૬૯ | | | ૧૯૭૯ | | |
|---|---|---|---|---|---|---|
| વિગત | પુરૂષો | સ્ત્રી | કુલ | પુરૂષો | સ્ત્રી | કુલ |
| કુલ વસતિ | ૧૩૪ | ૧૧૯ | ૨૫૩ | ૧૫૨ | ૧૨૭ | ૨૭૯ |
| કુલ કામ કરનાર | ૬૮ | ૬૦ | ૧૨૮ | ૭૯ | ૭૦ | ૧૪૯ |
| ટકાવારી | ૫૦.૭૫ | ૫૦.૪૨ | ૫૦.૫૯ | ૫૧.૯૭ | ૫૫.૧૨ | ૫૩.૪૧ |

<u>જમીન :</u>

તપાસેલ બધાં કુટુંબોનો મુખ્ય ધંધો ખેતી હતો. બન્ને તપાસ વર્ષોમાં તપાસેલ કુટુંબો જમીન ધરાવતા હતાં. ૧૯૬૯ માં સરેરાશ કુટુંબ દીઠ જમીનનું પ્રમાણ ૨ હેકટર જેટલું હતું જયારે ૧૯૭૯ માં કુટુંબ દીઠ પ્રમાણ ૨ હેકટર ૧૦ આર હતું. જમીનનાં કદ પ્રમાણે કુટુંબનું વર્ગીકરણ કોઠા ૬ માં આપવામાં આવ્યું છે. ૧૯૭૯ મા, ૧૯૬૯ કરતાં માત્ર ૨ હેકટર ૫૯ આર જમીનનો વધારો થયો હતો. જમીનનાં કદમાં દાયકા દરમ્યા નહિવત ફેરફાર થયો હતો તે આંકડાકીય માહિતી પરથી જણાઇ આવે છે.

કોઠો - ૬

જમીનના કદ પ્રમાણે કુટુંબોનું વર્ગીકરણ

| જમીનનું કદ (હેક્ટરમાં) | ૧૯૬૯ કુલ કુટુંબો | ૧૯૬૯ વિસ્તાર (હેક્ટરમાં) | ૧૯૬૯ કુલ કુટુંબના ટકા | ૧૯૭૯ કુલ કુટુંબો | ૧૯૭૯ વિસ્તાર (હેક્ટરમાં) | ૧૯૭૯ કુલ કુટુંબના ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧ હેક્ટર સુધી | ૭ | ૪.૭૬ | ૫.૧૯ | ૮ | ૪.૮૦ | ૫.૦૯ |
| ૧ થી ૨ | ૧૭ | ૨૫.૩૯ | ૨૭.૬૮ | ૧૬ | ૨૪.૧૯ | ૨૫.૬૫ |
| ૨ થી ૩ | ૧૪ | ૩૨.૨૨ | ૩૫.૧૩ | ૧૩ | ૨૯.૯૯ | ૩૧.૮૦ |
| ૩ થી ૪ | ૩ | ૧૦.૨૯ | ૧૧.૨૨ | ૩ | ૧૦.૨૯ | ૧૦.૯૧ |
| ૪ થી ૫ | ૩ | ૧૪.૦૦ | ૧૫.૨૬ | ૪ | ૧૮.૭૮ | ૧૦.૯૧ |
| ૫ થી વધુ | ૧ | ૫.૦૬ | ૫.૫૨ | ૧ | ૬.૨૬ | ૬.૬૪ |
| કુલ | ૪૫ | ૯૧.૭૨ | ૧૦૦.૦૦ | ૪૫ | ૯૪.૩૧ | ૧૦૦.૦૦ |
| સરેરાશ કુટુંબ દીઠ જમીન | - | ૨.૦૪ | -- | -- | ૨.૧૦ | -- |



પશુપાલન :

તપાસેલ કુટુંબો મુખ્યત્વે ખેતીમાંથી આવક મેળવતા હતાં. તેઓ ગાય, ભેંસ વગેરે રાખતા અને તેમાંથી પૂરક આવક મેળવતા. આમ તેઓ ખેતી અને પશુપાલન પર નિર્ભર હતાં. તેમની પાસે ઢોરોની સંખ્યા ઓછી અતી તેમજ તેની ઉત્પાદકતા ઓછી હોવાને લીધે ખાસ આવક મળતી નહોતી. બન્ને વર્ષોમાં કુટુંબ દીઠ ઢોરોની સંખ્યા કોઠા ૭ માં આપવામાં આવી છે. આ આંકડાઓ પરથી જોઇ શકાય છે કે ૧૯૭૯ માં ૧૯૬૯ કરતાં ગાય, ભેંસ અને બકરાંની સંખ્યા વધુ હતી.

કોઠો - ૭

કુટુંબ દીઠ પશુઓની સરેરાશ સંખ્યા :-

| પશુનું નામ | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ગાય | ૫૬ (૧.૨૪) | ૬૬ (૧.૪૭) |
| ભેંસ | ૬ (૦.૧૩) | ૧૦ (૦.૨૨) |
| બકરાં-ઘેટાં | ૭૦ (૧.૫૬) | ૯૮ (૨.૧૮) |
| બળદ | ૬૨ (૧.૩૮) | ૭૮ (૧.૭૩) |
| પાડા-પાડી | ૭ (૦.૧૬) | ૧૧ (૦.૨૪) |
| મરઘાં | ૧૨૮ (૨.૮૪) | ૯૯ (૨.૨૦) |
| વાછરડાં-વાછરડી | ૨૦ (૦.૪૪) | ૨૯ (૦.૬૪) |

કૌંસમાં દર્શાવેલ આંકડા કુટુંબ દીઠ સંખ્યા દર્શાવે છે.

## આવક :

તપાસેલ કુટુંબની ૧૯૬૯માં ૮૪ ટકા આવક ખેતી અને પશુપાલનમાંથી થતી હતી જયારે ૧૩ ટકા મજૂરીમાંથી અને જંગલ પેદાશની આવક નહિવત હતી. જયારે ૧૯૭૯માં ખેતી અને પશુ પાલનમાંથી થતી આવકનું પ્રમાણ ઘટતુ હતું જયારે પશુપાલનમાંથી થતી આવકનું પ્રમાણ વધ્યું હતું. જંગલ પેદાશમાંથી થતી આવક નહિવત હતી. ૧૯૬૯માં કોઇની નોકરી ધંધાની આવક નહોતી પરંતુ ૧૯૭૯માં કુટુંબ દીઠ નોકરી ધંધામાંથી રૂા.૭૫-૦૦ ની આવક થતી હતી. ૧૯૬૯ના ભાવે કુટુંબની વાર્ષિક આવક રૂા.૬૬૭ હતી જયારે ૧૯૭૯માં તે વધીને રૂા.૧૪૮૨ થઇ હતી. આવકમાં દસ વર્ષમાં ૧૩૩ ટકાનો વધારો થયો હતો. પરંતુ માથા દીઠ આવકનું માસિક પ્રમાણ જોઇએ તો રૂા.૧૧ હતું જે વધીને ૧૯૭૯માં રૂા.૨૪ જેટલું થયું હતું. આમ બન્ને વર્ષોની ભાવોની સપાટીને ધ્યાનમાં લેતાં તપાસેલ બધાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતિત કરતાં હતાં. આમ તેમની આર્થિક પરિસ્થિતિમાં કોઇ ખાસ ફેરફાર થયો નહોતો. આવકની વિગતવાર માહિતી કોઠા ૮માં આપી છે.

## વપરાશી ખર્ચ :

તપાસેલ બન્ને વર્ષોની વપરાશી ખર્ચની માહિતી કોઠા ૯માં આપવામાં આવી છે. કોઠા ૯ પરથી જણાય છે કે ૧૯૬૯માં કુટુંબ દીઠ માથા દીઠ ખર્ચ રૂા.૧૧૨ હતું જે વધીને ૧૯૭૯માં રૂા.૪૧૨ થયું હતું. તપાસેલ કુટુંબનું વપરાશી ખર્ચ માળખું જોતાં જણાય છે કે ૧૯૬૯માં કુલ વપરાશનાં ૬૪ ટકા ખોરાક પાછળ થતું હતું જે ઘટીને ૧૯૭૯માં પર ટકા થયું હતું. ૧૯૬૯માં દૂધ-ઘી પાછળ ખર્ચ થતું હતું જે ૧૯૭૯માં જોવા મળ્યુ નથી. ૧૯૬૯ કરતાં ૧૯૭૯માં બીડી-તમાકુ, દારૂ કપડાં-જોડાં અને ધાર્મિક-સામાજિક વિધિઓ પાછળનું ખર્ચ વધ્યું હતું. પરંતુ ખર્ચના આંકડાઓને ધ્યાનમાં લઇને જોઇએ તો પણ તપાસેલ બધાં કુટુંબો જે તે વર્ષના ભાવે ગરીબીની રેખા નીચે જીવતાં હતાં.



## કોઠો - ૮

ધંધા પ્રમાણે કુટુંબ દીઠ વાર્ષિક આવક ( રૂપિયામાં ) :-

| ધંધો | ૧૯૬૯ | ૧૯૭૯ | વધારો-ઘટાડો ( ટકામાં ) |
|---|---|---|---|
| ખેતી અને પશુપાલન | ૨૫૩૨૭<br>૫૬૨.૮૨<br>(૮૪.૩૬) | ૪૮૪૨૧<br>૧૦૭૬.૦૨<br>(૭૫.૩૬) | ૯૧.૧૮ |
| મજૂરી | ૩૬૪૪<br>(૮૦.૯૮)<br>(૧૨.૧૪) | ૧૧૨૬૩<br>૨૫૦.૨૯<br>(૧૭.૫૩) | ૨૦૯.૦૮ |
| જંગલ પેદાશ | ૮૩૩<br>૧૮.૫૧<br>(૨.૭૭) | ૭૮૫<br>૧૭.૪૪<br>(૧.૨૨) | - ૫.૭૬ |
| નોકરી-ધંધો | -<br>- | ૩૩૮૦<br>૭૫.૧૧<br>(૫.૨૩) | ૧૦૦.૦૦ |
| અન્ય | ૨૨૦<br>૪.૮૯<br>(૦.૭૩) | ૪૦૦<br>૮.૮૯<br>(૦.૬૩) | ૮૧.૮૨ |
| કુલ | ૩૦૦૨૪<br>૬૬૭.૨૦<br>(૧૦૦.૦૦) | ૬૪૨૪૯<br>૧૪૨૭.૭૬<br>(૧૦૦.૦૦) | ૧૧૩.૯૯ |

કૌંસમાં દર્શાવેલ આંકડાઓ કુલ આવકની ટકાવારી દર્શાવે છે

## કોઠો : ૯

### તપાસેલ કુટુંબોનું કુટુંબદીઠ અને માથાદીઠ વાર્ષિક વપરાશી ખર્ચ

(રૂપિયામાં)

| વિગત | ૧૯૬૯ | | ૧૯૭૯ | |
|---|---|---|---|---|
| | કુટુંબદીઠ ખર્ચ | માથાદીઠ ખર્ચ | કુટુંબદીઠ ખર્ચ | માથાદીઠ ખર્ચ |
| ખોરાક | ૧૭૯૬૨<br>૩૯૯.૧૬ | ૭૧.૦૦<br>(૬૩.૫૦) | ૫૮૪૯૨<br>૧૨૯૯.૮૨ | ૨૦૯.૬૫<br>(૫૦.૮૮) |
| શાકભાજી | ૫૧૧<br>૧૧.૩૬ | ૨.૦૨<br>(૧.૮૧) | ૧૪૯૬<br>૩૩.૨૪ | ૫.૩૬<br>(૧.૩૦) |
| માંસ-ઈંડા | ૯૬૪<br>૨૧.૪૨ | ૩.૮૧<br>(૩.૪૧) | ૨૧૩૬<br>૪૭.૪૭ | ૭.૬૬<br>(૧.૮૬) |
| દૂધ-ઘી | ૫૨૪<br>૧૧.૬૪ | ૨.૦૭<br>(૧.૮૫) | -<br>- | -<br>- |
| ખાંડ-ગોળ | ૩૯૪<br>૮.૭૬ | ૧.૫૬<br>(૧.૩૯) | ૫૦૭<br>૧૧.૨૭ | ૧.૮૨<br>(૦.૪૪) |
| તેલ | ૧૧૦૧<br>૨૪.૪૭ | ૪.૩૫<br>(૩.૮૯) | ૩૩૫૯<br>૭૪.૬૪ | ૧૨.૦૪<br>(૨.૯૨) |
| ચહા-કોફી | ૯૬<br>૨.૧૩ | ૦.૩૮<br>(૦.૩૪) | ૧૨૫<br>૨.૭૮ | ૦.૪૫<br>(૦.૧૧) |
| મસાલા | ૮૯૫<br>૧૯.૮૯ | ૩.૫૪<br>(૩.૧૩) | ૭૩૬૦<br>૧૬૩.૫૬ | ૨૬.૩૮<br>(૬.૪૦) |
| બીડી-તમાકુ અને દારૂ | ૧૯૧૬<br>૪૨.૫૮ | ૭.૫૭<br>(૬.૭૭) | ૯૯૧૫<br>૨૨૦.૩૩ | ૩૫.૫૪<br>(૮.૬૨) |
| બળતણ | ૪૩<br>૦.૯૬ | ૦.૧૭<br>(૦.૧૫) | ૫૭<br>૧.૨૭ | ૦.૨૦<br>(૦.૦૫) |
| કપડાં-જોડા | ૨૪૦૫<br>૫૩.૪૪ | ૯.૫૧<br>(૮.૫૦) | ૧૯૭૦૦<br>૪૩૭.૭૮ | ૭૦.૬૧<br>(૧૭.૧૪) |
| ધાર્મિક - સામાજિક | ૧૦૫૪<br>૨૩.૪૨ | ૪.૧૭<br>(૩.૭૩) | ૬૫૦૦<br>૧૪૪.૪૪ | ૨૩.૩૦<br>(૫.૬૫) |
| દવાદારૂ - મુસાફરી વિ | ૪૨૦<br>૯.૩૩ | ૧.૬૬<br>(૧.૫૦) | ૫૩૧૫<br>૧૧૮.૧૧ | ૧૯.૦૫<br>(૪.૬૨) |
| કુલ | ૨૮૨૮૫<br>૬૨૮.૫૬ | ૧૧૧.૮૦<br>(૧૦૦.૦૦) | ૧૧૪૯૬૨<br>૨૫૫૪.૭૧ | ૪૧૨.૦૫<br>(૧૦૦.૦૦) |

+ કૌંસમાં દર્શાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે

## દેવું :

૧૯૬૯માં તપાસેલ કુલ ૪૫ કુટુંબોમાંથી ૨૨ કુટુંબો દેવાદાર હતાં જયારે ૧૯૭૯માં માત્ર ૭ કુટુંબો દેવાદાર હતાં. ૧૯૬૯માં દેવાદાર કુટુંબ દીઠ દેવું રૂ.૧૫૩ હતું જયારે ૧૯૭૯માં રૂ.૨૭૧ હતું. આમ ૧૯૭૯માં દેવાદાર કુટુંબોની સંખ્યામાં ઘટાડો થયો હતો પરંતુ દેવું વધારે હતું. ૧૯૬૯માં કુલ દેવાના ૭૫ ટકા શાહુકાર – વેપારી અને ૨૫ ટકા સગાસંબંધીનું દેવું હતું જયારે ૧૯૭૯માં ૯૦ ટકા શાહુકાર – વેપારી અને ૧૦ ટકા સહકારી મંડળીનું હતું. દાયકા દરમ્યાન ગામમાં સહકારી મંડળી થવાને લીધે ૧૦ ટકા રકમ સહકારી મંડળી પાસેથી લીધી હતી. પરંતુ દેવાનો મોટો હિસ્સો શાહુકાર-વેપારીનો હતો. હેતુવાર દેવાની સ્થિતિ જોઈએ તો જણાય છે કે ૧૯૬૯માં કુલ દેવાનાં ૧૭ ટકા નિભાવ ખર્ચ માટે અને ૨૩ ટકા સામાજિક ખર્ચ પાછળ થયું હતું. જયારે ૧૯૭૯માં નિભાવ ખર્ચ પાછળનું દેવું ત્રણ ગણું વધ્યું હતું. સાધનવાર અને હેતુવાર દેવાની માહિતી કોઠા ૧૦(અ) અને (બ) માં આપવામાં આવી છે.

### કોઠો – ૧૦(અ)

સાધનવાર દેવું :-

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| શાહુકાર | ૨૫૧૦ ( ૭૪.૪૮ ) | ૧૭૦૦ ( ૮૯.૪૭ ) |
| સગા – સંબંધી | ૮૬૦ ( ૨૫.૫૨ ) | - |
| સહકારી મંડળી | - | ૨૦૦ ( ૧૦.૫૩ ) |
| કુલ | ૩૩૭૦ (૧૦૦.૦૦) | ૧૯૦૦ (૧૦૦.૦૦) |

કૌંસમાં દર્શાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.



### કોઠો – ૧૦(બ)

હેતુવાર દેવું :-

| હેતુ | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| ઘર નિર્વાહ ખર્ચ | ૫૮૦ ( ૧૭.૨૧ ) | ૧૦૦૦ ( ૫૨.૬૩ ) |
| સામાજિક ખર્ચ | ૮૦૦ ( ૨૩.૭૪ ) | ૫૦૦ ( ૨૬.૩૨ ) |
| ખેતી વિકાસ | ૬૦૦ ( ૧૭.૮૦ ) | - |
| ઢોર ખરીદી | ૪૯૦ ( ૧૪.૫૪ ) | ૪૦૦ ( ૨૧.૦૫ ) |
| ઘર બાંધકામ | ૯૦૦ ( ૨૬.૭૧ ) | - |
| કુલ | ૩૩૭૦ (૧૦૦.૦૦) | ૧૯૦૦ (૧૦૦.૦૦) |

કૌંસમાં દર્શાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.

## અસ્કયામત :

તપાસેલ કુટુંબની ૧૯૬૯માં કુટુંબ દીઠ રૂ.૪૦૩૪ ની અસ્કયામતો હતી જયારે ૧૯૭૯માં તે વધીને રૂ.૭૪૯૬ ની થઈ હતી. અસ્કયામતની વિગતવાર માહિતી કોઠા ૧૧ માં આપવામાં આવી છે.

## ઉપસંહાર :

ઉપર જણાવેલ તુલનાત્મક સ્થિતિ પરથી જણાય છે કે ગામનાં અર્થતંત્રમાં કોઈ ખાસ ફેરફાર થયો નથી. દાયકા દરમ્યાન તપાસેલ કુટુંબોની આર્થિક સ્થિતિમાં પણ ફરક પડયો નથી. બધાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવી રહયાં છે. શિક્ષણની બાબતમાં ગામની પરિસ્થિતિ ખરેખર દયાજનક લાગે છે. ગામમાં શાળા હોવા છતાં આદિવાસી લોકો પોતાના બાળકોને ભણાવવામાં રસ લેતા નથી, એ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. પાકનાં માળખામાં ખાસ ફરક પડયો નથી. ગામનાં લોકોને ગામમાં મજૂરી મળતી નથી તેમજ ખેતીમાંથી સારી આવકને અભાવે મજૂરી માટે બહારગામ જવું પડે છે. આમ એકંદરે દાયકા દરમ્યાન ગામની સ્થિતિમાં ખાસ ફેરફાર જોવા મળતો નથી.

કોઠો : ૧૧

કુટુંબ દીઠ અસ્કયામતો

| વિગત | ૧૯૬૯ | ૧૯૭૯ |
|---|---|---|
| જમીનની કિંમત | ૨૩૫૭.૭૮ (૫૮.૪૪) | ૩૩૯૩.૩૩ (૪૫.૨૭) |
| ઘરની કિંમત | ૭૧૧.૪૪ (૧૭.૬૩) | ૨૦૭૩.૩૩ (૨૭.૬૬) |
| ઝાડની કિંમત | ૧૧૨.૩૩ (૨.૭૮) | ૨૦૧.૮૯ (૨.૬૯) |
| ઢોરની કિંમત | ૬૧૯.૩૫ (૧૫.૩૫) | ૧૩૯૪.૨૨ (૧૮.૬૦) |
| ખેતીના ઓજારોની કિંમત | ૨૩.૫ (૦.૫૮) | ૧૪.૮૯ (૦.૨૦) |
| કૂવાની કિંમત | ૫૫.૫૫ (૧.૩૮) | -- |
| ઘરવખરીના સાધનોની કિંમત | ૮૬.૬૭ (૨.૧૫) | ૩૫૦.૪૭ (૪.૬૮) |
| ઘરેણાંની કિંમત | ૬૭.૬૭ (૧.૬૮) | ૬૭.૬૭ (૦.૯૦) |
| કુલ અસ્કયામતો | ૪૦૩૪.૪ (૧૦૦.૦૦) | ૭૪૯૫.૮ (૧૦૦.૦૦) |

+ કૌંસમાં જણાવેલ આંકડાઓ ટકાવારી દર્શાવે છે.



## પ્રકરણ : ૫

### સામાજિક સંરચના :

લવકર ગામનાં કોંકણાઓ પિતૃવંશીય કુટુંબ વ્યવસ્થાના છે. જોકે માતૃસત્તાક કુટુંબ વ્યવસ્થાનો ભ્રમ પ્રથમ નજરે આવે તેવો છે. કદાચ વર્ષો પહેલાં આ જાતિમાં માતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા પ્રવર્તતી હશે તેવું લાગે છે. માતૃસત્તાક હોવાનો સંશય એ રીતે લાગે છે કારણ કે અહીંના કોંકણાઓ મૂળ કોંકણપટ્ટીમાંથી આવેલાં છે. કોંકણપટ્ટીમાં મલબારનાં માતૃસ્થાનીય નાયરો વસે છે. કદાચ તેમની સાથે રહેવાથી આ વારસો તેમનામાં પણ ઉતરી આવ્યો હોય એવું બને. આ સિવાય પણ ગુજરાતના અન્ય આદિવાસી સમુદાયની સરખામણીએ કોંકણામાં લગ્ન સમયે છોકરીની જાન છોકરાને ત્યાં જાય છે અને ઘરજમાઈ (ખંધાડિયા) નું મહત્વ પણ વધારે જોવા મળે છે. ગુજરાતની અન્ય આદિવાસી જાતિઓ કરતાં કોંકણા સ્ત્રીઓ અને યુવાન છોકરાઓ બહારનાં માણસો સાથે અને અંદરો અંદર પણ છૂટછાટથી વર્તન કરતી જોવા મળે છે. ગુજરાતના અન્ય આદિવાસી વિસ્તારમાં વસતી સ્ત્રીઓ સામાન્ય રીતે પોતાનું ઘર છોડીને બીજાને ઘેર જાય અને બે-ત્રણ સ્ત્રીઓ ભેગી મળી ગપ્પાં મારે એવું ભાગ્યેજ જોવા મળે છે. જયારે અહીંની સ્ત્રીઓમાં એ વસ્તુ જોવા મળી હતી. આ સિવાય લગ્ન નક્કી થાય ત્યારે કન્યા કે મુરતિયો જોવા છોકરા કે છોકરીના પિતાની સાથે માતા પણ જાય છે.

હાલમાં કોંકણામાં પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા જોવા મળે છે. ઘરમાં પિતાની સત્તા અંતિમ છે. બહારનાં બધાજ વ્યવહારો પુરૂષો કરે છે તેમજ જીવન નિર્વાહની જવાબદારી પણ ઘરનાં પુરૂષો જ ઉપાડવાની હોય છે. સ્ત્રીઓ આર્થિક પ્રવૃત્તિમાં ભાગ લે છે અને મદદ કરે છે. લગ્નની બાબતમાં પણ પુરૂષોનો નિર્ણય છેવટનો ગણાય છે.

## ગોત્ર વ્યવસ્થા :

તપાસેલ કુટુંબોમાં કોંકણા જાતિમાં નીચેનાં ગોત્રો જોવા મળ્યાં હતાં ;

| | | |
|---|---|---|
| (૧) માહલા | (૬) ગાયકવાડ | (૧૧) ધુપ |
| (૨) ગવળી | (૭) વાઘેરા | (૧૨) અહેરિયા |
| (૩) ગાવીત | (૮) રાવુત | (૧૩) સવરા |
| (૪) ઠાકર્યા | (૯) ચપનાર | (૧૪) ભોળે |
| (૫) જાદવ | (૧૦) દળવી | (૧૫) કડકુ |
| | | (૧૬) ભુસારા |

તપાસેલ કુટુંબો જુદા જુદા ગોત્રમાં વહેંચાયેલા હોવા છતાં કોઇમાં ઉચનીચનો ભેદભાવ જોવા મળતો નથી એટલે કે તેમાં કોઇપણ પ્રકારના સ્તરીકરણને સ્થાન નથી. પોતાના ગોત્ર સિવાય બીજા ગોત્રમાં લગ્ન થઇ શકે છે જ્યારે એકજ ગોત્રમાં લગ્ન નિષેધ માનવામાં આવે છે.

ગામમાં "માહલા" ગોત્રનો પટેલ છે. આ પટલાઇ વારસાગત છે. એટલે આ ગામમાં માહલા કુટુંબનો વસવાટ પહેલો હશે એમ માની શકાય. કેટલાક ગામનાં વડીલોને પૂછતાં માહિતી મળી હતી કે માહલા ગોત્રના લોકો પહેલાં આવ્યાં હતાં. માહલા ગોત્રનો વસવાટ આ ગામમાં લગભગ ૬ પેઢીનો છે. આ સિવાય ગામમાં એક "કાઠીયો" હોય છે જે કોટવાળના અર્થમાં છે. આ કાઠીયો ગામના લોકોને એકત્ર કરવા, લગ્નમાં અગત્યનાં કામો કરવા, લોકોને ખબર આપવી વગેરે કાર્યો કરે છે. કોંકણા ગામોમાં "પાટીલ" અને "કાઠીયો" ખૂબજ અગત્યનાં અંગો છે. આ બન્નેને દરેક ઘરવાળા પોતાને ત્યાં પ્રસંગ હોય ત્યારે બોલાવે છે. ગામનો વડો પાટીલ ગણાય છે. આ સિવાય "ભગત" જે ગામની ધાર્મિક ક્રિયાઓમાં મહત્વનો ભાગ ભજવે છે.

ગામમાં વસતા કોંકણામાં સંયુકત અને કેન્દ્રીય (ન્યુકિલયર) કુટુંબ પ્રથા જોવા મળી હતી. આ કુટુંબ વ્યવસ્થા કેવા પ્રકારની છે અને કોણ કોણ સાથે રહે છે તેને ધ્યાનમાં રાખીને તેનાં પ્રકારો પાડીએ તો નીચે પ્રમાણે પાડી શકાય :-



(૧) પતિ, પત્ની

(૨) પતિ, પત્ની, અવિવાહિત બાળકો

(૩) પતિ, પત્ની, પુત્રી, ઘરજમાઇ

(૪) પતિ, પત્ની, પુત્રી, ઘરજમાઇ અને તેનાં અવિવાહિત બાળકો

(૫) પતિ, પત્ની, પુત્ર, પુત્રવધૂ તેનાં બાળકો

(૬) પિતા, (વિધુર) પુત્ર, પુત્રીઓ, પુત્રવધૂ, પુત્રનાં બાળકો

(૭) માતા (વિધવા) તેનાં બાળકો

(૮) સાસુ, જમાઇ, છોકરી અને છોકરીનાં બાળકો

(૯) પતિ, પત્ની, ભાઇ, બહેન, ભાભી

(૧૦) પતિ, પત્ની, પુત્ર, ઘરજમાઇ, છોકરી.

ગામમાં વસતાં કુટુંબો એક બીજાને ત્યાં જાય છે, વાતચીત કરે છે અને કામમાં જેવા કે ઘરકામમાં, લગ્ન પ્રસંગે વગેરે વખતે મદદ કરે છે. તદુપરાંત મુશ્કેલીનાં સમયે પણ એક બીજાને સહાય કરતાં હોય છે.

## ચોરાપંચો :

૧૯૫૪માં કોંકણા જાતિનું સર્વ પ્રથમ બંધારણીય જાતિપંચ અમલમાં આવ્યું. કુંકણા કોમની વસતિ વાંસદા, બારડોલી, વ્યારા, ધરમપુર અને મહુવા તાલુકામાં છે. જાતિ પંચ આ બધાં વિસ્તારોને આવરી લે તે પ્રમાણે ગોઠવાયું હતું. પરંતુ વિશાળ વિસ્તાર અને અલ્પ સાધનોને કારણે સુદૃઢ સંપર્ક જાળવી શકાતો નહોતો, પરિણામે ૧૯૬૬ પછી તાલુકા દીઠ અલગ જાતિ પંચ બનાવવામાં આવ્યાં. ૧૯૬૬ પછી ૧૨ ને બદલે ૨૨ ચોરા પંચ બનાવવામાં આવ્યાં.

દરેક ચોરા દીઠ એક મંત્રી, એક પ્રમુખ, એક ખજાનચી અને ગામ પ્રમાણે કારોબારીનાં સભ્યો નકકી કરવામાં આવે છે. ચોરાપંચમાં ગામ પ્રમુખો ઉપરાંત ગ્રામપંચાયતનાં એકાદ બે આગેવાન સભ્યો પણ બેસે છે. બિન-આદિવાસી સભ્ય યા અન્ય સભ્યને પ્રવેશ નિષેધ છે. ચોરામાં નિમેલા પ્રમુખ, ઉપ-પ્રમુખ અને મંત્રી કામકાજનો નિકાલ કરે છે. ચોરો જેટલાં ગામનો હોય તેટલાંજ ગામોનો નિકાલ ચોરાપંચને કરવાનો હોય છે. ચોરાપંચથી

અરજદારને સંતોષ ન થાય તો તે ઇસપે મુખ્ય પ્રમુખને અરજી કરવાની રહે છે. અરજી સાથે રૂ. સવા ભરવાનો હોય છે.

કુંકણા જાતિના આગેવાન અને હોશિયાર તેમજ ભણેલા પુરુષોનું કારોબારી મંડળ બનાવવામાં આવ્યું છે. જે મંડળ વર્ષમાં એકાદ વખત મળે છે અને જરૂરી સુધારા વધારા અને કાર્યવાહી કરે છે. જાતિ મંડળના પ્રમુખ, ગ્રામપંચ, ચોરાપંચની દર વર્ષે ચૂંટણી કરવામાં આવે છે.

પરંપરાગત પંચમાં અને નવા પંચની સંરચનામાં ઘણોજ ફરક રહેલો છે. પરંપરાગત પંચમાં નેતૃત્વ નક્કી કરેલ હોતું નથી. પરંતુ ખાસ કરીને જુવાન માણસ નેતૃત્વ લઇ શકતો નથી. તે જ રીતે પરંપરાગત પંચમાં કોઇજ કાર્યસીમા નક્કી નથી, તેનું કોઇ લેખિત બંધારણ નથી. દરેક ગામમાં માત્ર સુધરેલ કે નવું પંચ કામ કરે છે, એવું માનવું પણ યથાર્થ નથી. પરંપરાગત પંચમાં કોઇજ નિશ્ચિતતા નહિ હોવાથી તેનું ઝાઝું પીઠબળ નહિ હોય તેવું માનવામાં આવે છે. પરંતુ હકીકતમાં આ કુંકણા સમાજમાં સુધરેલ અને નિશ્ચિત જન-સંખ્યા અલ્પ છે. આથી સામાન્ય સમજ અને જન સાધારણની પૂર્વ સંમતીથી આ પંચનું અસ્તિત્વ ટકી રહ્યું છે.

૧૯૫૪ પછી અસ્તિત્વમાં આવેલ નવા પંચમાં ૧૯૬૪ સુધી કેટલાંક ફેરફાર થયા છે.

પરંપરાગત પંચના સભ્યો અને આગેવાનો મોટા પ્રમાણમાં ૐ કાર ધર્મની અસર હેઠળ આવતા થયા છે. એમનાં જુના દેવ-દેવીઓ એટલી ઝડપથી જ ભૂલાતા જાય છે. ધાર્મિક પરિવર્તન પણ રૂઢિઓ પર ખૂબજ પ્રભાવ પાડે છે. રૂઢિગત પરિવર્તન, સામાજિક વ્યવસ્થા ઉપર પણ અસર કરે છે. પરંપરાગત અને નવું પંચ બન્ને પરિવર્તનની અસર હેઠળ તો છે જ. છતાં કેટલીય રૂઢિ પ્રણાલિઓ અને વિધિઓ એ જ અવસ્થામાં સચવાઇ રહી છે. લગ્નમાં વય મર્યાદા કઇ હોવી જોઇએ એ પરંપરાગત પંચમાં નક્કી નથી. પરંતુ નવા પંચે આ અંગે બે સુધારા કર્યા છે. પુરુષની ઉંમર ૨૧ વર્ષ અને સ્ત્રી માટે ૧૮ વર્ષ છે.

બીજી એવી બાબત વિવાહ અંગેની છે. આ જાતિમાં જેટલું મહત્વ લગ્નનું નથી એથી વધુ મહત્વ વિવાહ અંગેનું છે. વિવાહ થયા પછી તેઓ પતિ-પત્ની તરીકે રહી શકે છે.



એટલે વિવાહ ફોક થાય તો લગ્ન ફોક થાય એવું જ માનવામાં આવે છે.

વિવાહ નક્કી કરતી વખતે પહેલાં જે ધૂમ ખર્ચો થતો તેને રદ કરી તેઓએ નવો ધારો ઘડયો કે વિવાહ નક્કી થાય તે દિવસે માત્ર સવા રૂપિયાના ચ્હા પાણી કરાવવા. વિવાહ વખતે સંખ્યાબંધ માણસોએ ન આવતાં બે થી પાંચ માણસોએ સગાઇ નક્કી કરવા આવવું. તે વખતે માત્ર સવા રૂપિયો, એક નાળિયેર અને સવા શેર સાકર કન્યાનાં હાથમાં મૂકવા તેમજ કન્યાને ચોળી, સાડી અને ઓઢણી આપવા અથવા સવા રૂપિયાના ચ્હા-પાણી કરાવવા અને નાની મોટી મળીને કુલ સવા નવ રૂ.ની "પીણી" (સગાઇ) ભરવી. આ નિયમનો ભંગ કરતાં પકડાય તો નવું જાતિપંચ તેનો રૂ.૧૦ દંડ કરે છે.

સગાઇ કરતી વખતે સાથે અનાજ લઇ જવાનું. ઘર જોવાનો તથા બારણું પકડયાનો રિવાજ હતો તે રિવાજને રદ કરતા જાતિપંચ બંધારણમાં લખ્યું છે કે ઉપરનાં નિયમનો ભંગ કરનારનો રૂ.૫ દંડ કરવો. સગાઇ નક્કી થયા પછી બને ત્યાં સુધી કોઇપણ પક્ષે સગાઇ ફોક કરવી નહિ એવું નવા જાતિપંચ બંધારણનું સ્પષ્ટ ફરમાન છે. પરંતુ કદાચ કોઇ એવી ઘટનાને કારણે સગાઇ તોડવાનો પ્રસંગ ઉભો થાય તો તે વખતે જાતિપંચની સંમતિ લઇ આગેવાનો ઠરાવે તે અનુસાર રૂ.૨૫-૨૫ (સવા પચ્ચીસ) ના પાડનાર પક્ષ તરફથી લેવામાં આવે છે અને રૂ.૧૦ ચોરા પંચનો દંડ ભરવો પડે છે. રૂ.સવા પચ્ચીસ વળતર તરીકે નુકશાન પામેલ પક્ષને આપવામાં આવે છે.

ધાન આપવાનો રિવાજ બંધ કરવામાં આવે છે. અપવાદ રૂપે આપવાની જરૂર પડે તો પુરતી સવા બે મણ અનાજ તથા દશ શેર કઠોળ આપવું અને દહેજ રૂ.સવા એકાવન પુરા આપવા. આ નિયમનો ભંગ કરનારને રૂ.૫ દંડ ચોરા પંચ કરે છે.

પરંપરાગત પંચમાં વધુ અનાજ અને વધુ દહેજ આપનારની પ્રશંસા થતી હતી અને આજે પણ થાય છે

લગ્ન પ્રસંગે "રરમલી" પર નિયમન :
---------------------------------------

લગ્ન પ્રસંગે નૃત્ય કરનાર લોકોને રરમલી તરીકે ઓળખવામાં આવે છે. લગ્ન પ્રસંગે રરમલી નાચે એ એક પ્રણાલિ છે. પ્રણાલિગત જીવન જીવતાં કુટુંબોમાં આજે પણ રરમલી

નાચે છે. અત્યાર સુધી લગ્ન વિધિ રરમલી દ્વારા થાય છે. ત્યાં નવા જાતિપંચે બંધારણમાં બ્રાહ્મણ વિધિનો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે "લગ્ન વિધિ જે રરમલી કરે છે તે ચાલુ રાખવામાં આવે છે અથવા કોઇપણ વ્યક્તિ બ્રાહ્મણ વિધિથી લગ્ન કરી શકશે".

કન્યાને ત્યાં રરમલીની પ્રથા બંધ કરવામાં આવે છે. પરંતુ વરની જાન કન્યાને ત્યાં આવે અને ધણીની મરજી હોય તો જ રરમલી રાત્રિ પૂરતા નાચી શકશે.

વરને ત્યાં રરમલી પરજ્યાત ધોરણે રાત્રે દસ વાગ્યાથી સવાર છ વાગ્યા સુધી નાચી શકશે. સવારે છ વાગ્યા પછી રરમલીઓએ ચ્હા-પાણી કર્યા બાદ પોતપોતાને ઘેર ચાલ્યા જવું. રરમલીને કોઇપણ દિવસે નચાવી શકશે નહિ.

વરને ત્યાં રરમલી નાચે તો તેમને દાપ રૂા.૧૦ રોકડા આપવા અને ચ્હા-પાણી કરાવવા. વર કન્યાની સંખ્યા ગમે તેટલી હશે પણ દસ રૂપિયા આપવામાં આવશે. આ નિયમનો ભંગ કરનારને રૂા.૨૫ દંડ કરવામાં આવશે.

જાનૈયા આવે ત્યારે સાંજે જાનૈયાને ફક્ત ચ્હા-પાણી કરાવવા. જમાડવાની પ્રથા બંધ કરવામાં આવે છે. ખૂબ દૂરથી જાન આવી હોય તો ગામનાં આગેવાન ભાઇઓની સંમતિ લઇ જમાડવાની યોગ્ય વ્યવસ્થા કરવી. આ નિયમનો ભંગ કરનારની પાસેથી રૂા.૧૫ દંડના લેવામાં આવશે.

કન્યાના મા-બાપને કપડાં આપવા અને કન્યાપક્ષથી વરને કપડાં આપવામાં, સગા સંબંધીઓને કપડાં ભેટ આપવાનો જે રિવાજ હતો તે બંધ કરવાનો પ્રયત્ન થઇ રહયો છે. ભંગ બદલ રૂા.૨૫ દંડ આપવો.

કાહલિયાનો રિવાજ ચાલુ રાખવો પરંતુ બહેનોએ નાચવાની પ્રથા સદંતર બંધ કરવી. કાહળિયાવાળાને પાંચ રૂા. આપવા.

છૂટાછેડા અંગે કુંકણા પરંપરાગત પંચ બહુધા છૂટાછેડાના કિસ્સાઓનો ફેંસલો આપવા માટે વિશેષત: છે. આજ સુધી મળેલી બેઠકનું તારણ જોતાં એ સ્પષ્ટ થાય એમ છે મહદ અંશે તે ફારગતી માટે મળ્યા હતાં.



પરંપરાગત પંચમાં છૂટાછેડા આપતાં પહેલાં બન્ને પક્ષનાં લગ્ન અંગેના ખર્ચ તપાસવામાં આવે છે. લગ્ન અંગે થયેલ ખર્ચની રકમ નક્કી કર્યા બાદ લગભગ પચાસ ટકા જેટલો ખર્ચ નુકશાન ભોગવનાર પક્ષને બીજો પક્ષ આપે છે. આ અંગે નવા જાતિપંચના બંધારણમાં ધારો નીચે પ્રમાણે ઘડયો છે.

લગ્ન થયા બાદ વર તથા કન્યાને કોઇપણ જાતનો વાંધો પડવાથી છૂટાછેડા કે ફારગતી કરવાની જરૂર પડે ત્યારે અથવા છોકરી રહેવા માંગતી ન હોય તો છોકરી પાસે રૂા.૩૫૧ રોકડા વરપક્ષે લેવા. છોકરો રાખવા માંગતો ન હોય અગર મા-બાપ વાંધો ઉઠાવતા હોય તો છોકરાપક્ષનાં માણસોએ કન્યાપક્ષને રૂા.૨૫૧ રોકડા આપવાના રહેશે.

બોળવ્યું કરવા અંગે નિયમન :
-----------------------

કન્યાને લગ્ન કર્યા વગર પણ વળાવવામાં આવે છે. લગ્નની વિધિ પોતાના પુત્રના લગ્નપ્રસંગ સાથે પણ ઉજવવામાં આવે છે. નવું જાતિપંચ બોળવ્યું પ્રથાને નાબૂદ કરવા ઇચ્છે છે.

"બોળવ્યું કરવાનો રિવાજ બંધ કરવામાં આવે છે. પરંતુ અપવાદ રૂપે બોળવ્યું કરવું પડે તો જે રીતે વિવાહનો વ્યવહાર થાય છે એજ રીતે વ્યવહાર કરવો".

બોળવ્યું કરતી વખતે છોકરીને મૂકવા જાય છે તે દિવસે ફક્ત ચ્હા-પાણીથી વ્યવહાર કરવો. જમાડવાની પ્રથા નાબૂદ કરવામાં આવે છે.

બોળવ્યું કરેલી બાઇના છૂટાછેડા કરતી વખતે ફારગતી રૂા.સવા પચ્ચીસ કસૂર પક્ષ પાસેથી લેવા. બોળવ્યાને પાંચ વર્ષ ઉપર થયાં હોયતો જાતિપંચના નિર્ણય ઉપર ફારગતી આપવી. છૂટાછેડા કરતી વેળાએ બન્ને પક્ષે રૂા.૧૦ ચોરાપંચને ભરવાના રહેશે.

ઘર જમાઇ લાવવા અંગે :

નવા પંચે લેખિત બંધારણમાં નીચે પ્રમાણે ધારો ઘડયો છે.

"બને ત્યાં સુધી કોઇએ ઘર જમાઇ લાવવો નહિ. જો લાવવાનો પ્રસંગ જણાય તો જાતિપંચની સંમતિ લઇ તથા નિયમોને આધીન રહી લાવી શકાશે".

આ નિયમનાં ભંગ બદલ રૂા.૨૫ શિક્ષા કરવામાં આવશે.

ઘર જમાઇનો હિસ્સો લાવનાર વ્યકિતીની મિલ્કતમાં તેના દીકરા જેટલો જ રહેશે. ઘર જમાઇ લાવતી વખતે આપવાની મિલ્કતનો દસ્તાવેજ છોકરાને કરી આપવાનો ત્યાર બાદ જ લગ્ન કરવા.

બે થી ચાર પુત્રો હોય તો ઘર જમાઇ મૂકવો નહિ. છોકરી અગર છોકરાના માં-બાપ ઘર જમાઇ લાવ્યા પછી તેને રાખવા માંગતા ન હોય તો ઘર જમાઇને માસિક રૂા.૫ લેખે આપી છૂટો કરવો.

ઘર જમાઇ રહેવા માંગતો ન હોય તો માસિક રૂા.૫ પ્રમાણે આપી છૂટો થઇ શકશે. જો કન્યાને સંતાન થયાં હોય તો સંતાન કમાતા થાય ત્યાં સુધી રૂા.૧૦ પ્રમાણે માસિક આપવા.

વ્યભિચાર કર્મ અંગે :

જો કુંકણા સ્ત્રીએ હલકી જાતિનાં પુરૂષ સાથે વ્યભિચાર અથવા સંબંધ બાંધ્યા હોય તો પંચ પ્રથમ સ્ત્રીની શુધ્ધિ કરાવે છે. શુધ્ધિકરણ કર્યા પછી પંચ હલકી વર્ણના પુરૂષનો દંડ કરે છે. એ દંડની રકમમાંથી મિજબાની જેવું ગોઠવે છે. જયાં સુધી આ શુધ્ધિકરણની પ્રક્રિયા ન થાય ત્યાં સુધી તે સ્ત્રી ત્યાજય ગણવામાં આવે છે. તે જ રીતે કુંકણા પુરૂષાનું શુધ્ધિકરણ કરવામાં આવે છે.

સમાજમાં કોઇપણ પરપુરૂષ પરસ્ત્રી સાથે ખરાબ કામ કરનાર વ્યકિતઓ (બન્ને પાસે) સવાપાંત્રીસ પચે લેવા".



કોઇપણ વ્યકિત એક પર બીજી બાઇ (પત્ની) લાવી શકશે નહિ. છતાં સંજોગો પ્રમાણે લાવવાની જરૂર પડે તો જાતિપંચની સંમતિ લઇ લાવવાની છૂટ રહેશે.

જન્મ પ્રસંગે છઠ્ઠી પૂજવા માટે ફકત દાયણથી છઠ્ઠી પૂજી લેવી. ફળિયાના કે ગામનાં માણસોને ખવડાવવાનો ખોટો ખર્ચ કરવામાં આવે તે સદંતર બંધ કરવામાં આવે છે. છોકરાનો જન્મ થયો હોય તો રૂા.૩ અને છોકરીનો જન્મ થયો હોય તો રૂા.અઢી પ્રમાણે દાયણને આપવા.

હાલના તબકકે એ કહેવું મુશ્કેલ છે કે કયા પંચનો પ્રભાવ વધુ છે. બન્નેની હસ્તી તો છે જ. એ નિર્વિવાદ કથન છે.

સગાઇ સંબંધ :

સગાઇ સંબંધો "લવકર" ગામનાં કોંકણાઓમાં ત્રણ પ્રકારનાં જોવા મળ્યા છે.

(૧) લોહી પર આધારિત : ભાઇ, બહેન, કાકા, ભત્રીજા તેમજ કુટુંબીજનો તેમનાં સંતાનો જે વર્ષોથી એક બાપનો વસ્તાર છે એમ માને છે તે બધાય લોહીપર આધારી સંબંધીઓ છે. જે એક કુળનાં ગણાય છે. જે અંદરો અંદર લગ્ન વ્યવહાર કરતાં નથી. પોતાના જ ગામમાં લગ્ન કરવું તેનો નિષેધ છે. કારણ કે તેઓ એકજ લોહીના સંતાન છે. એમ માને છે. કોઇ કોઇનાં ઘેરે કોઇ નાનો મોટો પ્રસંગ હોય તો સર્વ કુટુંબીજનો સાથે મળીને ઉજવે છે.

(૨) લગ્ન પર આધારિત સગાઇ-સંબંધ :

જેમાં લગ્ન કરવાથી નવા સગાઓ થાય છે. પતિ પત્ની, સાસુ સસરા, સાળા, સાળીઓ, દીયર ભાભી, નણંદ, જેઠ, કાકાજી, મામા મામી, માસા માસી. આવી રીતે લગ્ન કરવાથી સગાઇ-સંબંધનું ક્ષેત્ર વધારે વિકસે છે. જેથી બે ગોત્રો વચ્ચે સંબંધ બંધાય છે. તે કરતાં વધુ તો માના જે ગોત્રથી હોય તે જ ગોત્રમાં મામાની છોકરી સાથે લગ્ન કરવું તેને પ્રથમ પસંદગી આપવામાં આવે છે.

### (૩) એક સ્થળ પર રહેવાથી થયેલ સંબંધ :

લવકર ગામમાં ભલે ને ચારે પાડામાં જુદા જુદા ગોત્ર અને કોંકણા સિવાયનાં કુટુંબો હોય છતાં પ્રસંગ ઉપર તે દરેકને પોતાના ઘેર બોલાવે. પોતે પણ જાય અને ગામનાં પ્રસંગોમાં બધાં સાથે મળીને પ્રસંગ ઉજવે. એક ગામનાં હોવાથી એકતા દેખાય છે. અને એક ગામનાં છીએ તેવી ભાવનાથી એક બીજા સાથે સંબંધ રાખે છે. તેથી કોઇપણ વડીલ હોય તેમને દાદા કહે. કાકા, ભાઉસ, બેનુસ વગેરે સંબંધો પર ઉભા થાય છે. એક સ્થળ પર વસવાટ કરતાં હોવાથી.

### મશ્કરીના સંબંધો :

સરખા પુરૂષો કે સરખી સ્ત્રીઓ એક બીજાની મશ્કરી કરે છે. મશ્કરીમાં બોલે, જવાન છોકરા છોકરીઓ પણ એક બીજાની મશ્કરી કરે છે. લગ્ન થયે સ્ત્રીઓ જવાન છોકરીઓની મશ્કરીઓ કરે જેમકે, અમારા જેવો કોઇ જાય અને તેમની સાથે ભળી ગયા હોય તો કહે કે "આ તમારી નવરી છે" તેને લઇ જાવ. આમ મશ્કરી દ્વારા મજાક કરી મનોરંજન કરે છે.



## પ્રકરણ : ૬

## સામાજિક રીતરિવાજ

### રજસ્વલા સ્ત્રી :

કોંકણા જાતિમાં સ્ત્રીને અટકાવ આવે તેને "માથું" ધોવું કહે છે. માથું ધોવાનો સમય પાંચ દિવસ સુધીનો પાળે છે. આ સમય દરમ્યાન તે સ્ત્રી ઘરનું કોઇપણ પ્રકારનું કામ જેમકે રાંધવાનું, પાણી ભરવાનું કરતી નથી. અટકાવવાળી સ્ત્રી ઘરમાં દેવની જગ્યાએ તેમજ રસોડામાં જઇ શકતી નથી. પાંચ દિવસ પછી માથું ધોયા બાદ બધું કામ કરવાની છૂટ મળે છે. સ્ત્રીને અટકાવ બંધ થાય ત્યારે ગર્ભ રહયો એમ માનવામાં આવે છે. કેટલાંક પુરૂષોને પૂછતાં એમ જાણવા મળ્યું કે ગર્ભ કયારે રહયો તેની ખબર પડે નહિ પરંતુ પેટ ઉંચુ આવે ત્યારે ખબર પડે.

ગર્ભાવસ્થામાં હોય ત્યારે સ્ત્રીને કોઇ વિશિષ્ટ ખોરાક આપવામાં આવતો નથી. અન્ય આદિવાસી સ્ત્રીઓની જેમ કોંકણા આદિવાસી સ્ત્રી આ અવસ્થામાં પણ છેવટ સુધી કામ કરતી હોય છે. ગર્ભાવસ્થા બાદ બાળકના જન્મ સુધી કોઇ ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. જેમ ગુજરાતમાં કેટલાંક આદિવાસીઓ "ખોળો" ભરવાની વિધિ થાય છે તેમ તેઓ કરતાં નથી. સામાન્ય રીતે ઘરમાં જ પ્રસૂતિ કરવામાં આવે છે. જો કેસ ગંભીર જણાય તો જ દવાખાનામાં લઇ જવામાં આવે છે.

### પ્રસૂતિ :

બાળકોનો જન્મ થાય ત્યારે ગામમાંથી જ જાતિમાંથી જે સ્ત્રીઓ દાયણ (સુવેરીન) નું કામ કરતી હોય તેને બોલાવવામાં આવે છે. બાળકના પ્રસવ વખતે પુરૂષો હાજર રહેતાં નથી. સુવેરીન બે ત્રણ અન્ય સ્ત્રીઓની મદદ લઇ પ્રસવ કરાવે છે. બાળકના જન્મ સમયે "વળ" (નાળ) પડે તેને સુવેરીન ઘરની પાછળ ઢોર બાંધવાની જગ્યાએ ખાડો

કરી દાટી દે છે. બાળક અને સુવાવડી સ્ત્રીને ખોરાકમાં વરઈની ભગર (રાબ જેમ) બનાવીને પીવડાવે છે. દારૂ પાંચ દિવસ સુધી આપતાં નથી. છોકરી કરતાં છોકરો આવે તે સારું ગણે છે. છોકરો આવે તો સુવારીનને રૂ.૨.૫૦ અને છોકરી આવે તો તેમાંથી અડધા (૧.૨૫) અને ૫ કિલો નાગલી અને શેર ભાત આપે છે. "સુવેરીન" બાળકના જન્મ પછી પાંચ દિવસ સુધી દરરોજ આવે છે અને બાળકને નવડાવે છે.

પાંચોરા :

બાળકના જન્મ બાદ પાંચમાં દિવસે "પાંચોરા" કરવા કુટુંબના માણસો તેમજ ગામનાં કેટલાંક ઓળખીતા મિત્રોને ઘેર બોલાવે છે. આ દિવસે સુવેરીન આવે છે અને નાની તપેલીમાં થોડાક ભાત રાંધે છે. તે સિવાય બીજી મોટી તપેલીમાં પણ રાંધે છે અને જે જગ્યાએ "વળ" દાટી હોય ત્યાં ટીલા કરે છે. પછી એક નવી માટલી અને નવું ગાડવું લઈ મોટામાં નાગલી અને નાનામાં ભાત ભરે છે. એક સુપડામાં ૨ કિલો ભાત, સવા રૂપિયો, કંકુ, ગુલાબ, સીંદુર, અગરબત્તી, લોબાન, નાળિયેર કોપરાની કાચલી લે છે. અને ત્યારબાદ દીવો સળગાવી જ્યાં નાળ દાટી હોય ત્યાં જઈને દારૂ માંગે છે. અહીં બે ત્રણ સ્ત્રીઓ અને પાંચ નાની છોકરીઓને બોલાવવામાં આવે છે. જન્મેલ બાળકને અને તેની માને પણ ત્યાં બોલાવે છે. એક મોટું કપડું લઈ બે નાની છોકરીઓને પકડાવે છે અને સુવેરીન બાળકને પોતાના હાથમાં લઈને ઝોળીમાં સુવાડી અને હાથમાં નાળી અને દસ પૈસાનો સિક્કો લઈને ઝોળી એક હાથે ઝુલાવે અને પછી નાળી ૧૦ પૈસાના સિક્કાની લગાડે છે. એમ પાંચ વખત કરે છે અને બોલે છે:

"કોઈની સાથે તકરાર કરીશ નહિ અને બજારમાં બે રૂપિયા લઈને જાય તો બધાં પૈસાને બરાબર વાપરજે, ખોટો ખર્ચ કરીશ નહિ, બગાડીશ નહિ, પેટીમાં મૂકી રાખજે"

ત્યારબાદ ઝોળીમાંથી બાળકને કાઢીને તેની માતાના હાથમાં આપીને કહે છે કે :

"બાળકની બરાબર ચાકરી કરજે, મહેનત કરીને સારી રીતે મોટાં કરજે પછી છોકરાને ઘરમાં લઈ જાય છે. સાથે સુવેરીન પણ જાય છે. પછી ઘરમાંથી નીકળી નાની તપેલીમાં રાંધેલા ભાત ત્યાં મંગાવે છે. તે ભાત અને પાંચ નાની છોકરીઓને લઈને કૂવા ઉપર જાય ત્યાં સાથે નાગલી, ભાત, અડદ, તુવર, વરીના થોડાક થોડાક



દાણાં પણ લઈ જાય છે. આ દાણાં તે બાળકનાં નામનાં વાવી દે છે અને કહે છે કે "તેનું સારું થાય તો જલ્દી જલ્દી આ દાણા સારી રીતે ઊગી નીકળે. પછી તેના ઉપર પાણી છાંટી છે. ત્યાર બાદ રાંધેલ ભાત પાંચ નાની છોકરીઓને ખવડાવી દે છે અને પછી ઘેર આવે છે.

ઘેર જે સંબંધીઓ અને કુટુંબના માણસો હોય છે તેમને રાંધેલા ભાત અને દારૂ કે ચહા પીવડાવવામાં આવે છે. બે માટલાંના નાગલી અને ભાત તેમજ સવા રૂપિયો સુવેરીન લઈ જાય છે.

નામકરણ વિધિ :

અહીંના કોંકણાઓને પૂછતાં તેઓ બતાવે છે કે કેટલાંક અત્યારે તો "બામણ" (બ્રાહ્મણ) પાસે નામ જોવડાવે છે તો કેટલાંક "પાટીલ" પાસે જઈને નામ પડાવે છે.

આ સિવાય બાળક જો જન્મ બાદ ખૂબ રડતું હોય તો તે વખતે ઘરમાં દેવનો દીવો કરી મૃત્યુ પામેલ ઘરનાં વડીલોના નામ લેવામાં આવે છે અને જેનું નામ બોલાય તે વખતે જો તે રડતું બંધ થાય તો એમ માનવામાં આવે છે કે આ બાળક તે વડીલનાં રૂપમાં જન્મ લઈને આવેલ છે. એટલે કે તે વડીલે જન્મ લીધો છે તેથી તેનું નામ જે હોય તે જ નામ બાળકનું પાડે છે.

ડોકીના વાળ કાપવા : (ચુડાકર્મ સંસ્કાર)

બાળક જયારે પાંચ છ મહિનાનું કે એક વર્ષનું થાય ત્યારે તેના માથાના વાળ ઉતારવાની વિધિ કરવામાં આવે છે જેમાં તે બાળકનો મામો આવે અને તે બાળકના વાળ કાપે છે. તે વાળને નદીમાં નાખવામાં આવે છે. વાળ કાપ્યા બાદ બાળકને મામો ચાર આપે છે. આ દિવસે મામાને ખવડાવે છે અને દારૂ આપે છે.

આ દિવસે તુવરની ઘુઘરી કે ભાત રાંધે છે. કુટુંબનાં બે ત્રણ માણસોને પણ બોલાવે છે અને બે ત્રણ નાના છોકરાંને પણ ખાવા માટે બોલાવે છે. પછી ચહા-પાણી અને દારૂ ભેગા થઈને પીએ છે.

આ સિવાય બાળકનું લગ્ન થાય ત્યાં સુધી કોઇ પ્રકારની ધાર્મિક વિધિ કરવામાં આવતી નથી. બાળક નાનું હોય ત્યારે તેને ઘોડિયાના બદલે ઘરની બહાર જે માંડવો હોય ત્યાં દોરી બાંધી અંદર કપડું મુકી ખોયા જેવું બનાવી સુવાડે છે. ઘોડિયાં વાપરતાં નથી.

લગ્ન :
-----

લવકર ગામનાં કોંકણાઓ લગ્નને આવશ્યક ગણે છે. તેઓ કહે છે કે લગ્ન તો કરવું જ પડે. લગ્ન ન થાય તેની પ્રતિષ્ઠા કોઇ પ્રકારની રહેતી નથી એટલે બને ત્યાં સુધી લગ્ન વગરનું ભાગ્યેજ કોઇ જોવા મળે. ખોડખાંપણ વાળી વ્યકિત હોય તો તેનું પણ લગ્ન તો કરી નાખે પછી ભલે તેની પત્ની બીજાને લઇને જતી રહે કે તેનું ઘર ન માંડે. આવા દાખલાઓ જોવા મલ્યા છે.

ગુજરાતના બીજા આદિવાસીઓ કરતાં અહીંના કોંકણા નાની ઉંમરે લગ્ન કરે છે. ૯ થી માંડી ૧૭ વર્ષ સુધીમાં લગભગ લગ્નો થઇ જાય છે.

લગ્નોમાં ખાસ કરીને તો એક પત્ની લગ્નો જ જોવા મળે છે. ભાગ્યેજ બહુપત્નીત્વ જોવા મલ્યું છે. લગ્ન પ્રકારોમાં વધારેમાં વધારે લગ્નો:

૧) માતા-પિતાની પસંદગીનાં હોય છે. જેકે તેમાં છોકરો છોકરીને જોવા જાય છે. છતાં મા-બાપની પસંદગીનો આધાર વધારે હોય છે. કારણ કે ખાસ કરીને બાળ લગ્નો થતાં હોવાથી પસંદગીનું મહત્વ બાળકોમાં ઓછું હોય છે અને પસંદગીનો સવાલ ખાસ ઉભો થતો નથી કારણ કે તેની ઉંમર નાની હોય છે. માટે માતા-પિતાની પસંદગીનો આધાર વધારે છે.

૨) પસંદગીનાં લગ્નો:- આ લગ્નોનું પ્રમાણ બહુજ ઓછું છે. બન્નેમાં અરસપરસ પ્રેમ હોય અને માં-બાપ સંમતિ આપે તો પસંદગીના લગ્ન થાય. તે સિવાય ભાગી જઇને લગ્ન કરવાનું ભાગ્યેજ બને છે પણ કેટલીક વખત આમાં કન્યા જોવા જતાં છોકરો પોતાની પસંદગીબતાવે છે. નાપસંદ હોય તો ના પાડી દે છે જેમકે બાળ-લગ્નો થતાં હોવાથી કેટલાંક લગ્નોમાં લગ્ન થયા બાદ છોકરાને છોકરી કે છોકરીને છોકરો પસંદ ન હોય તો તે તેને ઘેર ન જાય અથવા છોકરીને કાઢી મુકે છે.



૩) ખંધાડિયા પ્રથા :- લગ્નમાં ખર્ચ વધારે થતું હોવાથી અને લગ્ન માટે છોકરીના બાપને દહેજ ૧૫૦ થી ૨૦૦ રૂા. અને ૭ મણ અનાજ તેમજ દાગીનાનું ખર્ચ (લગભગ ૮૦૦ રૂા.) જેટલું થતું હોવાથી આર્થિક સ્થિતિ સારી ન હોય તો આ ખર્ચ કરીને લગ્ન કરવાં એ મુશ્કેલ છે. માટે છોકરો છોકરીના બાપને ત્યાં "ખંધાડિયો" રહે કે જેમાં બે ત્રણ કે પાંચ વર્ષ તે તેનાં સસરાને ત્યાં રહીને તેની ખેતી કે મજૂરી કરી દહેજનાં પૈસા વાળી આપે છે. આ મુદત બાદ તે તેની પત્નીને લઇને જુદો રહી શકે છે. આ ને ખંધાડિયા પ્રથા કહે છે.

તે સિવાય ખંધાડિયામાંથી કેટલાંક ત્યાં ઘરજમાઇ તરીકે પણ રહી જાય છે. કેટલાંકને છોકરો ન હોય તો તે ઘરજમાઇ લાવીને પોતાને ઘેર રાખે છે. આવા લગ્નો પણ વિધિસરનાં લગ્નની જેમ થાય છે.

લગ્ન :
-----

લગ્ન લાયક છોકરો કે છોકરી થાય ત્યારથી મા-બાપ, સગા-સંબંધી કન્યા કે મુરતીયાની શોધમાં રહે છે અને ધ્યાનમાં રાખી લે છે. કારણ કે સામાજિક પ્રસંગે પણ છોકરા-છોકરીની પસંદગી થતી હોય છે. ખાસ કરીને લગ્ન મામાના કુળમાં થતાં હોવાથી કન્યાનું ધ્યાન હોય છે, છતાં કોઇ સંબંધી વાત લાવે અથવા જે પંચ હોય તે ધ્યાન ખેંચે ત્યારે છોકરા વાળા છોકરી જોવા માટે જાય છે. છોકરા-છોકરીની ઉંમર ૧૬ થી ૧૮ વર્ષની થતાં લગ્ન કરી દેવામાં આવે છે.

બોલપેન :
--------

છોકરાને ઘેરથી છોકરી નકકી કરવા અને છોકરી જોવા માટે પંચ સાથે છોકરાના માતા-પિતા પણ જાય છે. ત્યાં જઇ છોકરી જોઇ વાતચીત કરી અને સારું લાગે તો નકકી કરે છે. છોકરી પક્ષ વાળા તેમને દાળ-ભાત ખવડાવે છે અને દારૂ આપે છે. સગાઇ નકકી થાય એટલે છોકરા પક્ષવાળા અમુક દિવસે મોટીબેન આવશે એમ નકકી કરીને આવે છે. ખાસ કરીને સાતમાં દિવસે મોટીબેન જાય છે.

મોટીપેન :

જયારે છોકરાની મોટીપેન જવાની હોય ત્યારે ગામમાં સંબંધીઓને પાટીલ કાઠીયા વગેરે ખબર આપે કે આ દિવસે મોટીપેન જવાની છે. નકકી કરેલા દિવસે નવરી (વધૂ) ને ઘેર જવા નીકળે, સાથે લગભગ ૫૦ માણસો જાય, નવરો પણ સાથે જાય, જતાં પહેલાં નવરાને ઘરમાં બેસાડી દેવ–પૂજા કરે અને તેને એક કપડામાં વરી મુકી અંદર ચારે બાજુ ખારેક, કોપરું પૈસા મુકી બીજું કપડું ઉપર મુકી બેસાડે પછી તેના પરથી નવરાને ઉભા કર્યા બાદ તે કપડામાં મૂકેલ વસ્તુઓનું સ્થાન જુએ કયાં છે તે. નવરીના ઘેર જઇને નવરો તેમજ અહીંથી ગયેલ બધાં બેસે છે. પંચ પોતાની સાથે એક ફડકી, લુગડૂ, ચોળી લઇ જાય છે. આ કપડાં ત્યાંનું પંચ પણ જુએ છે પછી તે કપડાં નવરીને આપે અને નવરી આ કપડાં પહેરીને પંચવાળાઓને અને વડીલોને પગે પડે ત્યારે તેઓ ૧૦ પૈસા કે ચાર આના નવરીને આપે. નવરી આ સમયે ઘુંઘટો કાઢે છે, પછી નવરી ત્યાંથી છોકરાઓ સાથે નાચે છે. છોકરાઓ પણ નાચે. આ વખતે પંચમાં દહેજ જે આપવાનું હોય તે નકકી કરવામાં આવે છે. આ વખતે નવરાનો બાપ અહીં બેઠેલ સર્વને દારૂ પીવા માટે ૩૦ રૂપિયા આપે જેનો દારૂ મંગાવી ત્યાં પીએ છે. દરેકને દાળ–ભાત નવરીવાળા ખવડાવે. સાંજનાં જાનના બધાં માણસો પોતાના ઘેર આવવા નીકળે છે.

દહેજ કરવા જવું :

પાંચ–છ જણા નવરાનો બાપ, કાઠીયો, પાટીલ વગેરે દહેજની નકકી કરેલ રકમ પાંચમાં દિવસે લઇને જાય છે. ત્યાં ૧૦ કે ૧૫ વડીલો ભેગા મળે અને તેમની રૂબરૂમાં નવરીના બાપને દહેજ અપાય છે. (૧૧૫ થી ૨૦૦ રૂા. સુધી) આ લોકો આ સમયે કહે કે અઠવાડિયા પછી "ધાણ" આપી જઇશું.

ધાણ આપવા જવું :

નાગલી, ભાત, વરાઇ, તુવર વગેરે અનાજ લગભગ ૭ મણ જેટલું સાત જવાન પુરૂષો ઉપાડીને આપવા જાય છે. નવરીનો બાપ આ લોકોને ખવડાવીને તે જ દિવસે મોકલે છે. ૧૦–૧૨ દિવસ સુધી સીધા અને લગનની તૈયારી કરવામાં આવે છે. પછી નવરીનો બાપ



એક માણસ મોકલીને કહેવડાવે છે કે અમુક દિવસે હળદળમાં બેસવાનું છે.

હળદળમાં બેસવું :

હળદળમાં નવરો અને નવરી પોતપોતાના ઘેર બેસે છે. હળદળમાં બેસે તેના ત્રીજા દિવસે નવરી વાળા જાન લઇને નવરાને ઘેર જાય છે.

જે દિવસે હળદળ દેવાની હોય ત્યારે પ્રથમ ગામદેવની પૂજા કરવા જાય, નવરા કે નવરીને નદીએ નવડાવીને એક લોટો પાણી ભરી લઇ જાય છે. એક બાટલી દારૂ લઇ જાય, એક નાળિયેર અને વાજાં સાથે ગીત ગાતાં ગાતાં જાય છે. દેવ આગળ જઇને પગે લાગી દેવ આગળ પાંચ વખત દારૂ ચડાવે, નાળિયેર વધેરે પછી વાજાં વગાડતાં વગાડતાં પટેલ, કાઠિયા, ગામના વડીલો અને મુખ્ય માણસોને ઘેર આમંત્રણ આપવા જાય અને બીજા સામાન્ય લોકોને ઘેર એક માણસ જઇને કહી આવે કે આજે હળદળમાં બેસવાનું છે. એટલે સવારે દસેક વાગે સંબંધીઓ, પટેલ, કાઠિયો, વડીલો અને મુખ્ય માણસો ભેગા થાય છે. પોતપોતાના પાડાની સ્ત્રીઓ પણ આવે છે અને તે ગાણાં ગાય છે.

પહેલાં કાઠિયો, પાટીલ અને વડીલો ઘરમાં રસોડામાં જે ઘરનાં દેવ હોય તેની પૂજા કરે છે. ત્યાં ચોખા અને દારૂની બાટલી મૂકી રાખે છે. નવરા કે નવરીને ઉખળ (ખાણીયા) પર બેસાડે છે. હળદળનું પડીકું છોડીને બે ત્રણ હળદળના ગાંગડાઓ લઇને ઓલાના પાનમાં પડીકાં બાધે છે અને જેના ઘરમાં દેવનું સ્થાનક હોય તેને ઘેર આ પડીકું મોકલાવે છે. અને ગામમાં જે દેવોનું સ્થાનક હોય ત્યાં પણ પડીકાં મોકલાવે છે. ત્યારબાદ વધેલ હળદળ મગ વગેરે ભેગા કરીને, દળીને એક થાળીમાં ભેગા કરી પાણી રેડી પટેલ પ્રથમ લગાવે છે પછી કાઠિયો અને ગામનાં વડીલો હળદળ લગાવે છે. સંબંધીઓ પણ હળદળ લગાવે. બેન, ભાઇ વગેરે હળદળ લગાવે, હળદળ લગાવ્યા બાદ નવરા કે નવરીને ૧૦ પૈસા કે ૨૫ પૈસા દરેક આપે છે. હળદળ લગાવતાં ઉખળની બાજુની ભીંતે બારણાથી નજીક જયાં નવરો કે નવરી બેસે તે ભીંતે હળદળવાળા હાથ કરીને છાપા મારે છે. આ છાપા મારેલી જગ્યાએ જાન જાય ત્યાં સુધી દરરોજ બેસવું પડે છે. ગામના લોકો પણ હળદળ દેવા આવે છે. આમ હળદળ દેવા આવવું એ એક રિવાજ છે. ગામમાંથી જેને આવવું હોય તેની પાસે ૧૦ કે ૨૫ પૈસા ન હોય તો તે ન આવે. પણ લગભગ સંબંધીઓ તો આવે છે. ગામનાં પણ લગભગ ઘેરથી હળદળ લઇ જાય છે.

હળદળ આપે ત્યારે એક લોટામાં પાણી ભરે છે અને તેની ઉપર એક છોલેલું નાળિયેર મુકી રાખે છે. આ લોટાના કાને ચારે બાજુ આકડાના ફૂલની એક બે પાળા જેવું બનાવી બાંધે છે. આ લોટો એક નાની છોકરી પોતાની પાસે રાખે છે. લગ્ન થાય ત્યાં સુધી આ છોકરી લોટા સાથે નવરા કે નવરીની સાથે જા રહે છે. તેને "કુરણી" કે "સવાસની" કહે છે. હળદળ દેતી વખતે નવરા કે નવરીને શેરો બાંધે છે. (ખંડળિયા કહે છે) દરરોજ સાંજે નાચમાં ખભે બેસાડી નાચે છે. સાથે છોકરા છોકરીઓ નાચે. સ્ત્રીઓ અને પુરૂષો બરાબર દારૂ પીને નાચે છે. આમાં સંબંધીઓ પણ નાચવા આવે. ખાસ પાડાના જ હોય છે. રાતના બાર એક વાગ્યા સુધી નાચે છે.

જાન જવાની હોય તે દિવસે :
---------------------------

જાન છોકરીની છોકરાને ઘેર જાય છે. જે દિવસે જાન જવાની હોય તે દિવસે બપોર પછી સગા તેમજ પાડાનાં કુટુંબી જનો આવે. બહાર-ગામથી પણ સગા-વ્હાલાં આવે છે. સ્ત્રી-પુરૂષો જાન જાય તે પહેલાંથી જ માંડવા નીચે નાચે છે, વાજાં વગાડે છે. પ્રથમ જે માંડવો હોય ત્યાં આંબાના ડાળા લાવી જે ઘાસનો માંડવો ઘર આગળ હોય ત્યાં પડેલાં બે થાંભલે ઉપર ઉભાં બે ડાળાં ઉભા કરે છે. અને તોરણ બાંધે છે (જયારે છોકરાનો માંડવો હોય તો કેટલીકવાર કેળનાં ડાળાં થાંભલે ઉભા કરે, કમાન બનાવી દરવાજા જેવું પણ માંડવામાં બનાવે છે). તે પછી આંબાનાં પાનનાં નાના તોરણો બનાવી ગામમાં જેને ઘેર ઘર-દેવ હોય તેને ઘેર નાનાં તોરણો આપે અને ગામદેવને તોરણ બાંધવા કાઠિયો અને બીજાં બે જાય અને સાથે દારૂની બાટલી લઇ જાય છે અને ત્યાં તોરણ બાંધી દારૂ પીને આવે. સ્ત્રીઓ ગીત ગાતી હોય છે. પછી પાંચ છ સ્ત્રીઓ એક થાળીમાં ચોખા, કંકુ, કાચા સૂતરનાં દોરા અને આંબાનાં પાન લઇને માંડવામાં આવે. ગાણાં ગાતાં ગાતાં આવીને માંડવાનાં ચાર થાંભલા હોય ત્યાંથી ઘર બાજુના એક થાંભલા આગળ ઉભા રહીને આંબાનાં પાંચ પાન તે થાંભલાની ચારે બાજુ રાખી ઉપર કાચો દોરો બાંધે છે. આ વખતે પાંચ જણ તે પાનાં પકડી રાખે પછી દોરો બાંધી સીંદુરનાં ચાંલ્લા કરે ત્યારબાદ આગળના બે થાંભલે પણ આવી રીતે પાંચ પાંચ પાના બાંધે છે. આમ ત્રણ થાંભલાને પાનાં બાંધી ઘરમાં જાય છે. ત્યારબાદ નવરીનો બાપ ભાત રાંધીને દરેકને ખવડાવે અને દારૂ પીવડાવે. ત્યારબાદ નવરીને ખવડાવે અને તેની હળદળ તેની બહેન કે મા ધોઇ નાખે પછી ફરીથી ઉખળ આગળ બેસાડી તેની



તેની બહેન, કાકો કે ભાઇ, મા વગેરે હળદળ લગાવે. જે ભાઇ હળદળ લગાવે તેને પણ નવરીના બહેન માં ઉપર હળદળ લગાવ છે. હળદળ લગાવનાર હળદળ લગાવી ભીંત ઉપર હાથનાં પંજા પાડે છે )યાં પહેલાં પાડેલાં હોય ત્યાં; ત્યારબાદ નવરીને ૧૦ કે ૧૫ પૈસા આપે છે.

નવરીને ઘરમાં લઇ જઇ દેવ આગળ બેસાડી પગે પડાવે ત્યારબાદ તેને જે શેરો હળદળ દેતા બાંધેલ તે જ શેરો બરાબર બાંધે છે. તેનાં કપડાં પણ તે જ ચાલુ પહેરેલ રાખવામાં આવે છે. એક થાળીમાં લોટમાંથી કુલડું બનાવી તેમાં તેલ નાખી દીવો કરે છે. થાળીમાં ચોખા અને પાંચ પૈસા મુકે છે. પછી નવરીને ઘરમાંથી પાછા પગે (એટલે કે દેવની જગ્યા રસોડામાં હોય છે તે અંદરનો રૂમ કહેવાય છે જયાંથી તેને પાછા પગે લાવે છે) બારમાંથી કાઢી ઓસરીમાં લાવીને પાછા પગે જ ઘરની બહાર લઇ જવામાં આવે છે. પાછા પગે ઘરનાં નેવા સુધી પહોંચ્યા બાદ એક પુરૂષ તેને કેડે ઉંચકી લે છે, સાથે દીવાવાળી થાળી અને પાણી ભરેલ અને ઉપર નાળિયેર મુકેલ લોટો પણ સાથે રાખે છે સ્ત્રીઓ ગાણા ગાય છે. ધીરે ધીરે માંડવાની નીચે મધ્યમાં ગયા બાદ એક થાળીમાં ગોળ, કોપરાના ટુકડાઓ, કાઇ વગેરે લાવવામાં આવે. નવરીની માં, બેન, બાપ, ભાઇ અને સગા-સંબંધીઓ વગેરે વારા ફરતી થાળીમાંથી લઇને નવરીને મોં આગળ ત્રણ વખત ખવડાવવાનો અભિનય કરે છે. નવરી પણ ખાતી હોય તેવો અભિનય કરે. વાસ્તવમાં મોંમાં મુકતા નથી. ખાલી હોઠ સુધી લઇ જાય છે. ત્યારબાદ પાણીનો લોટો પણ આશરે ત્રણ વાર મોં આગળ દરેક જણ ધરે છે. આ વખતે નવરીએ ખોબો ધરેલ હોય છે. (નવરી હળદળ દે ત્યાંથી જ ઘુંઘટો કાઢી નાખે છે). ખવડાવનાર નવરીને પાંચ-દસ પૈસા આપે છે. ત્યાર પછી નવરીને માંડવા આગળ નીચે ઉતારે છે. આ સમયે મા-બાપ, બેન, ભાઇ અને સંબંધી સ્ત્રી પુરૂષો નવરીને ભેટે છે અને રડે છે. ભેટનાર નવરીને પાંચ-દસ પૈસા આપે છે.

તે વખતે કોઇ બહારની વ્યકિત હોય તો નવરી તે વખતે તેને પગે પડે છે ભેટતી નથી. પગે પડયા બાદ બે-ચાર આના તેને આપવામાં આવે છે. પછી નવરીને એક માણસ પોતાના ખાંધે ઉંચકી લે છે અને નચાવે છે. બીજા છોકરા-છોકરીઓ પણ નાચે છે. (જાન જાય ત્યાંથી જ એક "દેવની લાકડી" સાથે રાખવામાં આવે છે. જેથી ભુત કે કોઇની નજર નવરીને ન લાગે. આ લાકડી દિવાળીમાં જયારે દેવની પૂજા થાય ત્યારે મતેલી

હોય છે. દરેકનાં લગ્નમાં આવી લાકડી સાથે રાખી એક માણસ પોતાનાં હાથમાં તે પકડી રાખે છે. આ લાકડી ચાર-પાંચ ફૂટ લાંબી અને ઉપરનાં છેડે લોખંડની ખોળ હોય છે. અને લોખંડની બે ચાર પાન જેવી ફુદડીઓ પણ લગાવેલ હોય છે) આમ નાચતાં નાચતાં અને વાજાં વગાડતાં સંબંધીઓ અને પોતાના પાડાનાં સ્ત્રી-પુરૂષો જાનમાં જાનમાં જાય છે. જાન ચાલતી જાય છે. નવરીને ખાંધે ઉંચકીને લઇ જવામાં આવે છે. સાથે નવરીનો બાપ બીજા દિવસે જાનને ખવડાવવા માટે વરી લઇ જાય છે. આમ જાન રાત્રિના ૮ થી ૧૦ વાગે નવરીને ગામ પહોંચે છે.

ત્યાં પહોંચ્યા બાદ નવરાના ઘેરથી થોડેક દૂર જાનનો ઉતારો આપવામાં આવે છે. જાન આવી જાય એટલે નવરાને ઘેરથી બે ત્રણ જુવાન પુરૂષો બીડીનાં પાન, અને તમાકુ તેમજ પાણી પીવાનું માટલું લઇને આવે છે. દરેકને બીડીનાં પાન અને તમાકુ આપવામાં આવે છે. નવરીવાળા છોકરા છોકરીઓ ત્યાં નાચે છે - ખૂબ નાચતા હોય છે. નવરીને ખભે ઉંચકીને નચાવ્યા કરે છે. આ વખતે ફટાકડાનો ઉપયોગ પણ કરવામાં આવે છે. તારામંડળ સળગાવીને ઉપર નાચતી નવરીના હાથમાં વારંવાર પકડાવી નચાવે છે,આમ તેમનામાં પરિવર્તન જોવા મળ્યું છે. આજુ બાજુ લાકડાં સળગાવી સ્ત્રી-પુરૂષો બેસે અને વચ્ચે વાજાં વગાડી નાચ્યા કરે છે.

નવરાને ઘેર :
---

આ સમયે નવરાને ઘેર પણ માંડવા આગળ છોકરાં-છોકરીઓ નાચતાં હોય છે. આ વખતે બન્ને પક્ષે સ્ત્રી-પુરૂષોએ ખૂબજ દારૂ પીધેલ હોય છે . નવરાનાં ઘરમાં દેવ આગળ દીવો સળગાવેલ હોય છે અને ત્યાં દારૂની માટલી મુકી રાખેલ હોય છે. (લગ્ન સમયે દારૂની વધુ જરૂર પડતી હોવાથી દારૂ ઘરમાં જ તૈયાર કરવામાં આવે છે. ઓસરીમાંજ ખુલ્લી રીતે દેવતા સળગાવી પાંણી અને ગોળ ઉકાળીને તેનો દારૂ બનાવે છે.) ઘરમાં તુવરની ઘુઘરી રાંધી રાખેલ હોય છે. સાથે વરીના લોટના ગોળ નાના લાડવા જેવું બનાવે છે. નવરો ઉખળ આગળ બેઠો હોય છે. પાટીલ, કાઠિયો, વડીલ સ્ત્રી-પુરૂષો ઘરમાં ભેગાં થઇ ખાણીયા ઉપર એક મોટું કપડું પાથરી તેનાં ઉપર લગભગ ત્રણ ચોરસ ફૂટમાં વરીના દાણાં પાથરીદે તેમાં ચારે બાજુ ચાર ખૂંણે કોપરાં, ખારેક, પૈસા મુકે અને વચ્ચે પણ મુકી રાખે.



ત્યારબાદ તે જ કપડાનો અડધો ભાગ આની ઉપર બરાબર ઢાંકી દે છે. એક ખૂંણે જે લોટો પહેલેથી જ સાથે હોય છે તે લોટા ઉપર નાળિયેર મુકે છે. બીજા ત્રણ ત્રણ ખૂણે કોરાં નાનાં નાનાં વાડવાં મુકે છે. પછી ચારેયને સૂતરનાં દોરાથી બાંધી રાખે, એટલે ચોરી બનાવે છે. નવરાને ઉભો કરી તેની માં અને એક નાની છોકરી નવરાને હાથ પકડી નવરાને આગળ રાખી આ ચોરીના ત્રણ આંટા ફેરવે છે. ત્યારબાદ નવરાને પાછા પગે ચોરીમાં લઇ જઇને પાથરેલ કપડાં ઉપર બેસાડવામાં આવે છે. નવરાને હાથે સોપારી બાંધવામાં આવે છે. તેની સામે ચોરી બહાર તેની માં બેસે અને બન્ને એક લાલ કપડું ઓઢે અને અંદર તુવરની ઘુઘરી અને વરીના લોટના નાના ગોળા એ કપડામાં મુકી નવરાની મા વારા ફરતી ખોબા ભરી ત્યાં બેઠેલ કુટુંબીજન સ્ત્રીઓને, કાઠિયાને અને પાટીલને, તેમજ માંડવા આગળ વગાડનારને આપવામાં આવે છે.

ત્યારબાદ એક સ્ત્રી અને એક પુરૂષ નવરાની બન્ને બાજુ વાંકા વળીને કાનમાં કંઇક કહે છે. પછી નવરા પર રહેલું કપડું લઇ લઇ લેવામાં આવે છે. ત્યાર પછી નવરો બાર સિંગ બાંધે છે શેરોવાળો અને નવરાને ત્યાંથી ઉઠાડી ઘરમાં દેવ આગળ લઇ જાય છે. તે પછી જે કપડાં ઉપર નવરો બેઠો હોય તેનું એક પડ લઇ વરીના દાણામાં મુકેલ કોપરું, ખારેક, પૈસા વગેરેનું સ્થાન જોવામાં આવે છે. સ્થાન જોયા બાદ કંઇક નકકી કરે છે.

નવરીનું મોં જોવા જવું :
---

માંડવેથી સ્ત્રીઓ એક થાળીમાં ખાવાનું લઇને નવરીનો ઉતારો હોય ત્યાં જાય છે. ત્યાં જઇને નવરીને માંડવાવાળી સ્ત્રીઓ ખવડાવવાનો અભિનય કરે છે. પછી તે થાળી જાન વાળા છોકરાને ખાવા આપી દે છે. અને નવરીને જુએ છે. સાથે ભીંડી કે શણની થોડીક સોટીઓ લાવે છે જેને સળગાવી અજવાળું કરવામાં આવે છે. પછી માંડવેથી વાજાવાળાં અને પીપુડીવાળાં સાથે છોકરા-છોકરીઓ નાચતાં-નાચતાં જાનને લેવા માટે આવે છે. આ વખતે અજવાળું કરવા વાંસની ખાપટોની ભારી જેવું બનાવી તેને સળગાવી અધ્ધર પકડી રાખે છે જેનાંથી અજવાળું થાય. બન્ને પક્ષો નાચતાં-નાચતાં ભેગાં થાય છે. ત્યારબાદ માડવે આવે છે. માંડવે આવ્યા બાદ માંડવા પક્ષનાં (નવરો, તેની માં, બાપ, બધાં સગા) ઘરમાંથી નીકળી જાનની જગ્યાએ જાય છે અને નવરાને ઘરમાં લઇ જઇ બેસાડે છે. જે વિધિ

નવરાને બેસાડી કરી હતી તે જ વિધિ ઘરમાં ચોરીમાં બેસાડી નવરીપણ વાળા કરે છે. અને તુવરની ઘુઘરી નવરીના સંબંધીઓને અપાય છે. વિધિ પુરી થયા બાદ નવરી ઘરમાં બેસી રહે અને બીજા બધાં નાચતાં-નાચતાં નવરાને લેવા જાય. તે બધાં નવરાને લઇને નાચતાં-નાચતાં માંડવે પાછાં આવે ત્યારે નવરીને પણ ઘરની બહાર લાવી બન્નેને ખાંધે ઉંચકી ખૂબ નચાડે. ત્યારબાદ બન્નેને નીચે ઉતારી મંડપમાં સામસામા ઉભાં રાખીને સૂતરની માળા પહેરાવી પાંચ ફેરા ફરે અને તે સૂતરની માળા નવરાના ગળામાં પછી પહેરાવી દે. બન્નેને સામસામા ઉભા રાખીને વચ્ચે એક કપડું પકડી રાખી અને નારગુલ ઝાડની ડાળીઓ એક બીજાને પાંચ વખત મારે છે. અને બન્નેને સાથે મંડપમાં બેસાડે પછી આ વિધિ આખી રાત સવારનાં પાચ વાગ્યા સુધી ચાલે છે.

## શુંગાડીયા :

સવારે શુંગાડીયા આવી જાય છે પછી શુંગાડીયા દરેકનું મનોરંજન કરે છે. તેમાં બે ત્રણ જણાં ઉભા ઉભા જ મંજીરા વગાડે, એક જણ મોટું ઢોલક કેડે બાંધીને વગાડયા કરે અને તેઓજ ગાય. વચ્ચે વચ્ચે શુંગાડીયા આવીને મનોરંજન કરતા રહે. આમાં જે શુંગાડીયા હોય તે નીચે પાટલૂન પહેરી ઉપર દોરી બાંધે, મોટા મોટા ઘુઘરા બાંધે, શરીર ઉઘાડાં, માથે જુદા જુદા પ્રકારની ટોપી કે ચામડું વગેરે બાંધે છે અને તે મંડપમાં ઢોલક વગાડનાર વચ્ચે રહે અને તેઓ તેની આસપાસ ફરે છે અને ગમે તેવું બોલીને લોકોનું મનોરંજન કરાવે છે. એક માણસ ઝાડુ જેવું રાખે (જે જાડા વાંસમાંથી નાની નાની સળીઓ જેવું રાખીને બનાવેલ હોય - એક હાથ જેવડુ) તે આ શુંગાડીયાઓને મારે અને જુદા જુદા ખેલ કર્યા કરે. છોકરાને ઉંચકીને લઇ જાય અને રેતમાં મૂકી ઉપર કચરો નાખે. પેલો ઝાડુવાળો બચાવવા જાય, વળી ઝાડ પર ચડી જાય, ઘર પર ચડી જાય, સ્ત્રીઓ બેઠી હોય તો તેમના ઉપર પડે વગેરે જાત જાતનાં નખરાં કરી લોકોને હસાવે છે. (દરેક લગ્નમાં આવા શુંગાડીયા આવે છે. તેમને નવરાનો બાપ ૧૦ કે ૧૫ રૂપિયા આપે છે.) સાંજનાં પાંચ વાગ્યા સુધી આવી રીતે શુંગાડીયા મનોરંજન કર્યા કરે છે.



## હળદળ ધોઇ પાડવી : (સાંજનાં)

હળદળ ધોવા પાણી ગરમ કરવામાં આવે છે. પ્રથમ નવરી અને નવરાની બેન મળીને નવરાની હળદળ ધોવે છે. પહેલાં નવરાને માટી લગાવી ધોવે છે. પછી નવરાના માથે કાંસકી ફેરવે અને નવરી અને નવરાની બેન ગરમ પાણીથી નવરાની હળદળ ધોઇ નાખે. ત્યારબાદ નવરો નવરીની પીઠમાં ઉભો થઇ પાંચ વખત પગ ફેરવે. ત્યારબાદ નવરી સાથે રહેતી છોકરી નવરીની હળદળ ધોઇ નાખે છે.

## માંડવ બાંટવે :

નાહયા બાદ બન્નેને માંડવાના તોરણ નીચે ઉભા રાખીને બે મરઘીઓ લાવવામાં આવે છે. એક મરઘીની પાંખો પહોળી કરી એ પાંખો પર નવરો પગ મુકીને ઉભો રહે. બીજી મરઘીની પાંખો પર નવરી પગ મુકીને ઉભી રહે. ત્યારબાદ કાઠિયો તે બન્ને મરઘીની ડોક કાપી નાખે અને લોહીના છાંટાથી બન્નેનાં પગ ધોવે. પછી તે મરઘીને રાંધવા ઘરમાં લઇ જાય. નવરી અને બીજી સ્ત્રીઓ મળી ૪૦-૫૦ જેટલાં નાગલીના રોટલા બનાવે. ચાર પાંચ ચોખાના લોટનાં પણ રોટલા બનાવે. પછી નવરી વાળાને બેસાડીને થોડોક રોટલો અને પેલી મરઘીનું થોડુંક શાક આપે છે.

નવરાને માંડવા નીચે પંચમાં બેસાડે છે અને નવરી ઘરમાં સ્ત્રીઓ પાસે જાય. બે થાળીમાં એક એક ચોખાનો અને એક એક નાગલીનો રોટલો અને મરઘીનું શાક મુકે. એક થાળી નવરાને આપે પછી નવરી ઘરમાંથી થાળી લઇને માંડવા નીચે આવે. ત્યાં નવરો અને નવરી થાળીઓ અદલા બદલી કરે. નવરી નવરાનું નામ લઇને રોટલો આપે. પછી નવરો નવરીનું નામ લઇને રોટલો આપે. ત્યારબાદ નવરી ઘરમાં જઇને ખાય. નવરો ત્યાંજ બેસે. માંડવાવાળાઓને રોટલા અને શાક થોડુંક થોડુંક પીરસવામાં આવે છે.

સીમ ઉડે :

ચોખાના લોટનાં ચાળીસ થી પચાસ લાડુ બનાવે. તેમાંથી નવરો પોતાના સંબંધીઓને અને નવરી પોતાના કુટુંબીઓને આપે. તે નવરા નવરીને પૈસા આપે ત્યારબાદ ખાખરાના ડાળા લાવી આઠ ડાળા ઉભા કરી દરેક નીચે એક લાડુ મુકે અને એક માણસ કુદે (ઉડે) અને તે લાડે લઇ જાય. પછી બીજા લાડુ છોકરાને ખાવા આપી દે છે. તે પછી તે ખાખરાના ડાળાને ભાગીને નાના નાના કકડા કરી ત્યાં મુકે અને નવરા નવરીને ત્યાં બોલાવી પાટીલ હાથમાં લોટો પાણી ભરેલ લઇને ઉભો રહે અને હાથમાં લોટો રાખીને નવરીને કહે " નવરો તને લડે-ઝગડે તો તારે નાસી નહિ જવાનું" એમ કહીને ત્યાં પાણી ઢોળી દે. આ સરહદથી નાસભાગ નહિ કરવાની અને શાંતિથી ઘરમાં રહેવાનું એમ કહેવાનો અર્થ છે. આને "બાટવા" કહે છે.

રાત ત્યાં પસાર કરી બીજે દિવસે નવરી તેનાં ઘેર જાય છે. (લવકર ગામમાં એવો રિવાજ છે કે લવકર ગામની છોકરીની જાન બીજે ગઇ હોય તો તેઓ પાછી જાન સાથે છોકરી લેતા આવે છે. જયારે બીજા ગામની છોકરીની જાન ગામમાં આવે તો તેઓ છોકરીને પાંચ દિવસ માટે મુકીને જાય છે).

પાંચ દિવસ બાદ નવરો નવરીને લેવા આવે. (જયાં છોકરીને જાનની સાથે ઘેર લાવે ત્યાં અને મુકીને જાય તો તેના બાપ વાળા છોકરીને લેવા જાય) ૧૦ થી ૧૨ માણસો જાય - માં, બાપ, બેન, કુટુંબના નજીકના જાય ત્યારે સામાવાળો દાળ ભાત, મરઘું ખવડાવે, દારૂ પીવડાવે અને નવરીને લઇ જાય.

ફરી પાંચ દિવસ બાદ નવરીને લેવા તેનાં કુટુંબીજનો આવે. તેમને નવરા વાળા ખવડાવે અને તેઓ નવરીને પીયર લઇ જાય. નવરીને જયારે નવરો પોતાના ઘેર તેડી લાવે તે રાત્રે ઘરમાં બીજું કોઇ સુઇ રહેતું નથી અને માત્ર નવરી જ સુએ છે. નવરાને ત્યાં જવાનું હોય છે. જો નવરો શરમાય તો તેનો બાપ તેને મોકલે છે.

આ રીતે વિધિસરનાં લગ્નો કરવામાં આવે છે.



પુનર્લગ્ન :

વિધવાને રાંડકી કહે છે. વિધવાનું સ્થાન ઉતરતું માનવામાં આવે છે. કોઇ વિધવા સ્ત્રીની સાથે વિધિસરનાં લગ્ન થતાં નથી. તેમજ વિધવાનું લગ્ન કોઇ કુંવારા પુરૂષ જોડે કરવામાં આવતું નથી. પણ તેનું લગ્ન કોઇ વિધુર સાથે જ થાય છે. એટલેકે તે વિધુરનાં ઘરમાં જઇને બેસે છે.

આ સિવાય પણ નાપસંદગીના લગ્ન થયા હોય તો જેને પસંદ ન હોય તે છૂટું થઇ બીજું લગ્ન કરી શકે છે. જે દહેજ હોય તે આપે છે.

સાળીવટુ :

કોંકણાઓમાં સાળીવટુ થઇ શકે છે. પણ "દીયરવટુ" થતું નથી. જો કે સાળીવટુ પણ પ્રચલિત નથી. છતાં કોઇને સાળીને લાવવી હોય તો તે લાવી તેની સાથે લગ્ન કરી શકે. કે પોતાના ઘરમાં રાખી શકે પણ દીયરવટુ થતું નથી.

છૂટાછેડા :

અહીંના કોંકણાઓમાં છૂટાછેડાનો પ્રશ્ન મહત્વનો નથી. કારણ કે ખૂબજ સહેલાઇથી છૂટાછેડા મળી શકે છે. કોઇને પોતાની સ્ત્રી પસંદ ન હોય કે તેની સાથે બનતું ન હોય તો તેને કાઢી મુકે અને બીજી લાવે. આમાં પંચની રૂબરુ વિધિ કરવી પડે. પંચ યોગ્ય દંડ કરી છૂટા કરે. જો કોઇ પત્નીને કાઢી મુકે તો દહેજ લેવાનું નહિ. અને સ્ત્રી પોતાની મરજીથી જતી રહે તો દહેજ ડબલ આપવું પડે. જો સ્ત્રી પોતાનાં પતિ સિવાય અન્યનાં પ્રેમમાં પડી જતી રહેવા માંગે તો જે દહેજ હોય તેનું બમણું આપીને જઇ શકે, આમ છૂટાછેડા સહેલાઇથી મળી શકે છે.

## જાતિય સંબંધ :

કોંકણાઓમાં જાતિય સંબંધમાં નિયંત્રણો જોવા મળે છે. એકની સાથે બીજો કોઇ જાતિય સંબંધ બાંધી શકે નહિ. જો તેની જોડે જાતિય સંબંધ બાંધવાની વાત બહાર આવે તો ઝગડા થાય અને પંચ તેનો દંડ કરે છે. આ સિવાય કુંવારા છોકરાં છોકરીઓ જાતિય સંબંધ બાંધી શકે છે. તેમનાં સંબંધમાં આંખ આડા કાન કરી ચલાવી લેવામાં આવે છતાં અહીં નાની ઉંમરે લગ્નો થતાં હોવાથી આવા કિસ્સાઓ ઓછા બને છે. અને કદાચ જાતિય સંબંધ બાંધે તો બે જણ લગ્ન કરી લે અથવા દંડ ભરી દે એટલે એ માટે ખૂબજ મોટા નિયંત્રણો નથી. તેમજ સમાજ તેને ખરાબ નજરે જોતો નથી. પણ સ્વાભાવિક રીતે જ જુએ છે.

## લગ્નક્ષેત્રની મર્યાદાઓ :

(૧) 'Clean exogamy' (પોતાના ગોત્રમાં લગ્ન થઇ શકે નહિ) પોતાના ગોત્ર સિવાય ગમે તે ગોત્રમાં પોતાની જાતિમાં લગ્ન થાય.

(૨) પ્રથમ પસંદગી લગ્નમાં મામાના ઘરને અને મામાના ગોત્રને આપવી. (ગામમાં અને પોતાના ફળિયામાં પણ લગ્ન થઇ શકે છે.)

(૩) વિધવા સ્ત્રીથી કુંવારા પુરૂષ સાથે લગ્ન ન થઇ શકે તેમજ વિધુરનાં લગ્ન થતાં નથી.

(૪) દીયરવટું થઇ શકે નહિ.

(૫) જાન છોકરીની પ્રથમ જાય, છોકરાની નહિ.

લગ્ન બાળવયમાં થતાં હોવાથી જાતિય સંબંધોમાં આપમેળે થોડાક પ્રમાણમાં નિયંત્રિત બને છે. લગ્નમાં દહેજની રકમ વધારે હોવાથી અને લગ્નમાં ખર્ચ વધારે થતો હોવાથી આર્થિક સ્થિતિને કારણે બહુપત્નીત્વ ખાસ જોવા મળતું નથી. બાળલગ્નો થતાં હોવાથી કેટલીક વાર છોકરા છોકરીઓમાં પસંદગીનો સવાલ આવે છે; જેમાંથી છોકરી છોકરાને નાપસંદ કરી એના સાસરે ન જાય અથવા છોકરો છોકરીને લાવે નહિ. આ ઉપરાંત આર્થિક સ્થિતિને લીધે લગ્નોમાં ખંધાડિયા પ્રથાનું પ્રમાણ પણ વધારે જોવા મળે છે.



## મૃત્યુ :

કોંકણાઓ મૃત્યુ પામેલ વ્યક્તિને બાળે છે. નાની ઉંમરનું બાળક હોય તો તેને દાટવામાં આવે છે. માણસ કેમ મરી જાય એવું પૂછતાં તેઓ બતાવે છે કે દુઃખ પડે એટલે મરી જાય. મરીને કયાં જાય? એવું મૃત્યુ પછી શું થાય? વગેરે પ્રશ્નોનાં જવાબ આપી શકતા નથી. કહે છે કે અમને શું ખબર પડે. એટલે કે તેમની વિચારશક્તિ બહારનું હોય કે પછી કયાં જાય છે તે વિષે કંઇ માન્યતા નથી.

કોઇ મરી જાય એટલે ગામમાંથી વડીલોને અને પાટીલને બોલાવવામાં આવે છે. કુટુંબીજનો આવે અને આવનાર પૂછે કે શું થયું? શુ દઃખ હતું? વગેરે પૂછે છે. ઘરમાં થોડોક ભાત ખાંડવામાં આવે છે પછી તે રાંધવા મુકે. થોડીક હળદળ કાઢે, તવાની મેશ ભેગી કરે. ત્યારબાદ મૃત દેહને નવડાવવામાં આવે છે. નવડાવ્યા બાદ હળદળ લગાવે અને ઉપર મેશ લગાવે છે. વાંસની ઠાઠડી બાંધે છે. (મીડી બનાવે). તેમાં મૃત દેહને મુકે ઉપર સફેદ કપડું (સ્ત્રી કે પુરૂષ ગમે તેને સફેદ કપડું) ઓઢાડે છે. ચાર જણા ઉપાડી ચાલે. રાંધેલ ભાત મરનાર જે વાસણો ખાવામાં વાપરતો હોય તે કુહાડી, દાતરડું વગેરે સાથે લે છે. તેની સાથે પુરૂષો અને સ્ત્રીઓ રડતી રડતી પાછળ ચાલે. વચ્ચે વિસામો કરે છે. (ઇસાવા કહે છે) અહીં ઠાઠડીને ઉતારીને તેને વાપરવાના વાસણો ભાંગી નાખે છે. પછી કુટુંબીજનો તેના મો આગળ પૈસા મુકે. ગામવાળા દારૂ ચડાવે. બીડી પીતો હોય તો બીડી ચડાવે, ફૂલ નાખી અહીંથી સ્ત્રીઓ પાછી વળે અને પુરૂષો તેને લઇને સ્મશાને જાય છે. ત્યાં લાકડાં ગોઠવીને ચિતા બનાવી તેના પર મૃત દેહ મૂકવામાં આવે છે. પછી ફરીતી લાકડાં તેના પર ગોઠવે છે. વિધિ કરવામાં આવે છે. ખાવાના દાણાં મૂકે ત્યાર-બાદ ભગત સળગાવે છે. સળગી ગયા બાદ બધાં નદીએ ન્હાવા જાય છે.

બીજા દિવસે ગામનાં ભેગા મળીને સ્મશાને જાય. ત્યાં જઇને ભગત બે હાંડા પાણીના લાવે જે રખ્યા હોય તેનો ઢગલો કરે અને શરીરનાં હાડકાં ભેગાં કરી એક વાંસની ટોપલીમાં મૂકે અને તેની વિધિ કરે, પૈસા મૂકે, દારૂ મૂકે, ફૂલ ચડાવે, છોકરો કે ભાઇને ટોપલી ઉપાડીને બધાં સાથે નદીએ જાય છે. નદીએ ગયા પછી તે ટોપલી પાણીમાં નાખી દે છે. તે બાદ બધાં નાહીને મરનારને ઘેર આવે અને દારૂ કે ચ્હા-પાણી કરે છે. (આ સિવાય કંઇ ખાવાની વિધિ કરતાં નથી. મરી ગયેલ પાછળ અનાજ તેનાં

ઘરનું ખાવું તેને સારું માનતા નથી.) બારમાનો રિવાજ આ સમાજમાં નથી. પણ મરણ બાદ ઉત્તર ક્રિયાનો રિવાજ છે. તેને તેઓ સરાવવું ના નામથી ઓળખે છે. માણસનાં મૃત્યુ બાદ બારમે કે તેરમે દિવસે કેટલાંક સરાવવાનિ વિધિ કરે છે. આ દિવસે પુરૂષો બધાં નાહી નદીએ જાય છે ત્યાં પીપળાના પાંદડાનાં નવ પડીયા અને નવ બાજ બનાવે છે. તેમાં જુવારના તારણા, કંકુ વગેરે બાજમાં મૂકવામાં આવે છે. અને પછી પાણીમાં ડૂબાડવામાં આવે છે. તેઓ બાજ પડિયા વારાફરતી ડૂબાડતા જાય છે. સાથે કેટલાક મંત્રો ઉચ્ચારતા જાય છે. સ્નાન કરી ચ્હા કે દારૂનો ઉપયોગ કરે છે.

જો કદાચ મૃત દેહને દાટવામાં આવ્યો હોય ત્યારે તેની સરાવવાની થોડી જુદી રીતે ક્રિયા કરવામાં આવે છે. આ વિધિ પણ ૧૨ થી ૧૩ દિવસે કરવામાં આવે છે. આ દિવસે નદીએ જઈને ગુંદરડાની માણસ જેવા આકારની આકૃતિ બનાવવામાં આવે છે. માથા તરફ સોપારી મૂકવામાં આવે છે. અને માથાનો આકાર બનાવવામાં આવે છે. મૂર્તિ બનાવ્યા પછી તેને અગ્નિદાહ દેવામાં આવે છે. તે સરાવવાની વિધિ પ્રમાણે કરવામાં આવે છે. આ મરણ પ્રસંગે ૩૦ થી ૪૦ રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે.



## પ્રકરણ : ૭

### ધાર્મિક જીવન :

જીવનના દરેક ક્ષેત્રે ધાર્મિક ભાવના જોવા મળે છે. પછી તે ખેતીનું, સામાજિક કે કોઈપણ કાર્ય કરે તો તે કાર્યની શુભ કામના માટે ધાર્મિક વિધિઓ જોડાયેલ જોવા મળે છે. જીવન કષ્ટમય અને વારંવાર આવી જગ્યાએ રહેવાથી કંઈનું કંઈ દુઃખ આવે ને દુઃખની સામે ટકવા કે તે દુઃખમાંથી મુક્તિ મેળવવાની મોટી દવા તે માનસિક શાંતિ છે. આ માનસિક શાંતિ માટે જે ભય ઉભો થયો છે તેને ઓછો કરે તેવી એક માત્ર ધાર્મિક શ્રધ્ધા છે. આ ધાર્મિક શ્રધ્ધા અને વિશ્વાસ એ એટલો બધો અડગ નિશ્ચયવાળો છે કે તેમાંથી ડગવું તેમના માટે ખૂબજ મુશ્કેલ છે.

ગમે તેવી બાબતમાં દેવને સમજાવવા માટે પૂજા વિધિ કરે છે. કોઈપણ પ્રકારની મુશ્કેલી આવે કે તુરત તેને દૂર કરવા કે શાંતિ મેળવવા માટે "ભગત" પાસે દોડી જાય અને બાધાઓ રાખે. "ભગતાઈ" કરાવે. આ ધર્મનું સ્વરૂપ એ શરૂઆતનું છે જેને "આત્મવાદ" કહી શકીશું કે જેમાં વધારેમાં વધારે આત્મવાદ દેખાય છે. કારણ કે આવા ધર્મમાં દાર્શનિકતા હોતી નથી. કે પછી દરેક વસ્તુ વિચારપૂર્વક નથી કરતાં તેમજ હું કાર્ય કરું છું આ કારણ માટે એવું નથી. મોટા ભાગનાંને કારણની જ ખબર હોતી નથી. જેમકે "હોળી" નો તહેવાર કેમ કરો છો? ક્યારથી કરો છો? શા માટે કરો છો? તો તેના જવાબમાં તે કહે છે કે પહેલાં કરતાં હતાં એટલે કરીએ છીએ. એટલે પરંપરાગત રીતે જે આવે છે તેને ટકાવી રાખવા પ્રયત્નશીલ રહે છે. અહીંના ધાર્મિક જીવનમાં તાત્વીકતાનો અભાવ હોય છે અને જો કે ચેતનમાં આત્માનું કે સજીવતાનું આરોપણ કરી અખૂટ શ્રધ્ધાપૂર્વક પૂજા વિધિઓ અને બલિદાનો આપે છે.

ઉત્સવોમાં દિવાળી, હોળી, નવરાત્રિ, અખાત્રીજ વગેરે ઉત્સવો છે. માટે એનું એટલું બધું મહત્વ નથી. પણ તે ઉત્સવ કરતાં ગામનાં અને ઘરનાં કે પછી જુદા જુદા દેવોની પૂજા આ ઉત્સવોમાં થાય છે. માટે તેનું મહત્વ તેમનાં મને વધારે છે. બિનઆદિવાસીઓ

(હિંદુઓ) જે રીતે દિવાળી ઉજવે છે તે રીતે અહીંના આદિવાસીઓ નથી ઉજવતા. પણ તે દિવસે દેવની પૂજા કરે છે. માટે તેને શ્રધ્ધાપૂર્વક સારી રીતે ઉજવે છે. તેવી રીતે હોળી કે જેમાં હોળી અમારા બધાંના દુઃખો દૂર કરે અને બધાંને સારા રાખે. માટે તેની પૂજા કરવામાં આવે છે. આ ભય દુઃખનો છે. જેને માટે હોળીના ઉત્સવનું મહત્વ છે. એટલે કે અહીંના કોંકણા જુદા જુદા ઉત્સવોએ ધાર્મિક વિધિઓ કરે છે. તેમાં ત્યાંના સ્થાનિક દેવોની પૂજા કરવામાં આવે છે. (અહીં તહેવારો જુદા આવતા નથી કારણ કે તેનું મહત્વ જુદા જુદા દેવોની પૂજામાં જ છે અને તે દિવસે દેવોની પૂજા એ જ તેમને મન મહત્વ છે, ઉત્સવ તરીકે નહિં).

<u>ઘરદેવ</u> : (ભવાની, મુજયા, ખંડોબા, બહરી, મહાદેવ) આ પાંચ દેવ-દેવીઓ સિવાય <u>હીરવા</u> અને <u>કનસરી</u> પણ ઘરદેવ તરીકે ગણાય છે. આ દેવોનું સ્થાનક ઘરમાં જે રસોડાનો ઓરડો હોય છે તેમાં માળિયા નીચે સ્થાનક હોય છે. જયારે કનસરીનું સ્થાનક માળિયા ઉપર મૂકેલ અનાજની કોઠીઓ પર છે. જેને અનાજની દેવી તરીકે ગણવામાં આવે છે. જયારે પાંચ દેવ અને હીરવાનું સ્થાનક માળિયા નીચે હોય છે. તેમાં એક લાકડાનું નાનું સિંહાસન બનાવેલ હોય છે. ચાર પાયા વાળું તેના પર પાંચ દેવનું સ્થાનક છે. જેમાં ભવાની, મુજયા, ખંડોબા, બહરી અને મહાદેવ, આ પાંચે દેવની પાંચ ચાંદીનાં પતરાં પર પાંચ દેવોના ચિત્ર પાડેલ હોય છે. જેને અધ્ધર મૂકી રાખે. જયારે આ સ્ટેન્ડની આગળ માળિયાની સાથે પાંચ નાની કુલડીઓ દોરીથી બાંધી રાખે છે જેને હીરવા કહે છે. આ માળિયું જમીનથી ત્રણ ફૂટથી વધારે ઉંચાઈએ હોતું નથી.

આ ઘરદેવ લગભગ બધાં કુટુંબોમાં હોય છે. જે કોઇના ઘેર ન હોય તો ઉત્સવોમાં કે પ્રસંગ પર બીજાના ઘેરથી વિધિ કરીને દેવ પોતાને ઘેર લાવે છે અને પ્રસંગ પુરો થયા બાદ મૂકી આવે છે. કોઇના ઘેર લગ્ન હોય તો આ ઘર દેવને એક તોરણ (નાનું) આંબાનું મોકલવું પડે છે.

દર વરસે હીરવાને મરઘું ચડાવવામાં આવે છે. જયારે કોઇ ખુશીનો પ્રસંગ કે ઉત્સવ હોય અને દિવાળીમાં દિવસે મરઘું ચડાવવામાં આવે છે. દર પાંચમાં વરસે આ દેવને બકરાનો ભોગ અપાયછે. આ સિવાય કંઇ દુઃખ પડે અને માનતા રાખે તો તે પ્રમાણે



તેને ભોગ ધરાવવામાં આવે છે. બકરાનો ભોગ આપે તો તેને રાંધીને કુટુંબીજનોને અને ગામનાં માણસોને વહેંચી આપે છે.

પાંચમાં વરસે ભગતને બોલાવે અને આખી રાત 'ડાક' વગાડે. ઢોલક વાગે તેમજ ઘુઘરા બાંધીને નાચે. સવારે વિધિ કર્યા બાદ બકરાના વાળ દેવને ભગત ચડાવે ત્યારબાદ તેનો વધ થાય છે. જેની પ્રસાદી ગામમાં આપવામાં આવે છે. આ પ્રસાદ સ્ત્રીને આપવામાં આવતો નથી.

<u>કનસરી</u> : (આ દેવનું સ્થાન રસોડામાં અનાજની કોઠી પર હોય છે.) આ દેવી અનાજની દેવી ગણાય છે. જેમાં ખેતીનો પાક આવ્યા પહેલાં બાધા રાખે છે. કનસરીની કે સારો પાક થશે તો હું તને બકરું ચડાવીશ. પાક સારો થાય કે તુરત ભગતને બોલાવી વિધિ કર્યા બાદ બકરું અને બે ત્રણ મરઘાં કાપી બધાને પ્રસાદી આપે છે (રાંધીને). તેની સાથે ભાત પણ આપે. ભગતને દારૂ પાય છે.

<u>ઈમાપ</u> : ઈમાપ અને કનસરીની પૂજા સાથે જ કરવામાં આવે છે. દિવાળી ઉપર આની પણ પૂજા કરવામાં આવે છે.

<u>ગામદેવ</u> : લવકરમાં ગામદેવનું સ્થાનક હાટસરી ફળિયામાં જયાં હાટ ભરાય છે તેની બાજુમાં છે. એક મોટા ઝાડ નીચે જયાં નાનાં પાંચ છ પત્થરો સીંદુરવાળા કરેલા પડયા છે. આ અહીંના ગામદેવ છે.

આ દેવની પૂજા દિવાળીના દિવસે કરવામાં આવે છે. આખા પુરૂષો ભેગા મળી દરેકની પાસેથી એક રૂપિયો લેવામાં આવે છે. જે પૈસામાંથી દારૂ, બકરું, ભાત વગેરે લાવવામાં આવે છે. આ પૂજામાં થતું ખર્ચ દરેકનું સહીયારૂં ગણવામાં આવે છે.

આ પૂજા ભગત કરે છે. આ પૂજા વખતે માત્ર પુરૂષો જ હાજર રહે. સ્ત્રીઓ આવતી નથી. પૂજા કરી, બકરો વધેરવામાં આવે છે. બકરાનું કાળજુ કાઢી લઇ તેને એક લાકડાથી ભીડાવી શેકવામાં આવે છે. શેકયા બાદ તેને ગામદેવને ચડાવે છે.

જયારે પૂજા કરવાની હોય ત્યારે ગામવાળા ભેગા થઇ આખી રાત જાગે છે અને ધુણે છે. જેને દેવ આવે તે બહાય ધુણે છે. ઢોલક, તાડયું વગેરે વગાડવામાં આવે છે. આખી રાત ધુણે છે. અને સવારે બકરો અને પાંચ છ મરઘાં વધેરી ત્યાંજ રાંધીને ખાય છે.

આ દેવની પૂજા દરેક જણ પ્રસંગ પર કરે છે. જેને ઘેર લગ્ન હોય તે પણ તોરણ અને દારૂ ચડાવી જાય. દર પાંચમાં મંગળવારે થતી પૂજામાં પણ ગામદેવની આશિષા માંગે એટલે દરેક બાબતમાં ગામદેવનું મહત્વ વધારે છે.

<u>મખર દેવ :</u> (ગામનો ધણી) ગામમાં આનું સ્થાન ગામદેવથી થોડેક દૂર છે. આ દેવને પણ ગામનો દેવ ગણવામાં આવે છે. તેના સ્થાનકે બે મોટા થાંભલા ઉભા કરી રાખે છે. તેની પૂજા માગશરમાં થાય છે. ખાસ કરીને જે નવી તુવરની દાળ કે શાક-ભાજી આવે તે આ દેવની પૂજા કર્યા સિવાય રાંધીને ખાઇ શકાય નહિ. માટે જયારે નવી તુવરની દાળ અને શાકભાજી થાય ત્યારે આ મખર દેવની પૂજા કરે છે. તેમાં દેવ આગળ તુવરની દાળ અને દીવો મૂકી જાય. પછી ઘેર આવીને મરઘું વધેરે છે. તેને ઘરનાં માણસો ખાય. તે દિવસથી તુવરની દાળ બનાવીને ખાવામાં આવે છે.

<u>વાઘ દેવ :</u> વાઘ બારસના દિવસે વાઘ દેવની પૂજા કરવામાં આવે છે. આ નાના લાકડામાં ચાંદીના પતરામાં વાઘ બનાવી નાની ડગળી કાઢી લાકડામાં મૂકીને તેના પર આ લાકડાની ડગળી મારી દેવામાં આવે છે. અને તેના પર સિંદુર લગાવે છે.

આ દેવની પૂજામાં પૂજારી પૂજા કરે અને ચોખામાં દૂધ નાખીને રાંધવામાં આવે છે. થોડાક દેવને ચડાવે, બાકીના દરેકને ઘેર આપવામાં આવે છે.

<u>માવલી :</u> (ડુંગરની માવલી) આ દેવને ડુંગર દેવ કે ડુગરની માવલી કહે છે. ખાસ બધાં તેને "માવલી" થી ઓળખે છે. તેનું સ્થાનક ગામની ચારે બાજુનાં ડુંગરો પર હોય છે.

દર વરસે થયા પ્રમાણે જે ડુગરનો વારો આવે ત્યાંનાં સ્થાનકે પૂજા કરવા જાય અને ભોગ ત્યાં આપવામાં આવે છે.



દિવાળી ઉપર આ દેવની પૂજા થાય છે. દિવાળી આગળ પાંચ દિવસથી ગામનાં મુખ્ય માણસો ગામમાં એક ઝુંપડુ બાંધે તેમાં બાધાવાળા પણ આવે. આ લોકો પાંચ ગામમાંથી નાગલી, ભાત વગેરે અનાજ ઉઘરાવી લાવે તે ખાય. ઘેર જવાનું નહિ. પાંચ દિવસ સુધી રાત દિવસ ધુણે. ત્યાંજ રહીને પાંચમાં દિવસે સવારે નદીએ ન્હાવા જાય. ન્હાયા બાદ ડુંગર પર ચડે. આખી રાત ત્યાં ધુણે અને સવારે બકરા અને મરઘા વધેરી નીચે લાવીને રાધીને ખાય.

<u>જોગડા :</u> ની પૂજા પણ દિવાળીમાં થાય. અને દિવાળીમાં શિદુર ચડાવે છે. તેનું સ્થાનક જંગલમાં હોય છે.

<u>રાનવા :</u> માગશર માસમાં લાકડાના "મોં" જેવા આકારો બનાવે (દેવનાં બનાવે) અને તેને એક ઝાડીમાં મૂકે. ત્યાં એક મરઘું વધેરે અને નાળિયેર તથા કોપરું, ગોળ, કંકુ, ગુલાલ વગેરે ચડાવે. ત્યાં રાંધીને ખાય.

ગામમાં જુદા જુદા દેવોની પૂજા કરવામાં આવે. ને ખાસ કરીને દશેરા કે દિવાળીમાં પૂજા વિધિ કરે છે. તે સિવાયનાં ઉત્સવો પણ તેઓ ઉજવે છે. આ દેવોની પૂજામાં તેઓ અખૂટ શ્રધ્ધા સાથે પૂજા કરે છે. તેમાં બધાં એક બનીને દરેકનું છે એમ માનીને આ પૂજાઓમાં ભાગ લે છે. જયાં આપણને સામાજિક એકતાનો અનુભવ થાય છે.

ઉત્સવો અહીંના આદિવાસીઓ ઉજવે છે. જેમાં હિંદુઓ જે દૃષ્ટિથી ઉજવે છે અને જેની પાછળનો હેતુ છે તે અને અહીંના આદિવાસીજનો ઉજવે છે તે બન્નેનાં હેતુંમાં ફર્ક દેખાય છે. અહીં ખાસ કરીને દેવોની પૂજા કે આવનાર દુઃખોને દેવ દૂર કરે તેની આરાધના અને તેને ખુશ કરવા બલિદાનોનું મહત્વ મહદ પ્રમાણમાં જોવા મળે છે.

<u>નાગપાંચમ :</u> શ્રાવણ વદ પાંચમનાં દિવસે નાગપાંચમનો તહેવાર પાળે છે. જેમાં દરેક જણ પોતાનાં ઘરમાં ભીંત પર માણસ, બળદ, નાગ, વાઘ ના ચિત્ર દોરે છે. (બળેલા ઝાડની રખ્યાથી) અને તેની પૂજા કરે છે.

<u>આઠમ : (પોળા)</u> બળદનાં શિંગડાં પર કપાસ ઝાડનાં છાલમાંથી સમરાં બનાવીને બાંધે છે. શિંગડાં રંગે, બીજા બધાં ઢોરનાં પણ શિંગડાં રંગવામાં આવે છે. ત્યારબાદ બધાં ગામવાળા ઢોર મેદાનમાં લાવીને દોડાવે છે. (ઘુઘરા પણ બાંધે છે.) બે ત્રણ વાર દોડાવીને ઢોરને જંગલમાં આખો દિવસ લઇ જાય.

ઘેરથી ઢોર નીકળે તે પહેલાં ચોખા રાંધીને ઢોરનાં કપાળમાં ચોડવામાં આવે છે.

<u>પિતરા :</u> મૃત્યુ પામેલ પિતૃઓની શાંતિ માટે તેમની પૂજા કરવામાં આવે છે. ચોખા રાંધે, ઘી, વરા (ફળ આવે છે) આણું (જમીનમાં રોપેલ હોય છે) અને માછલી એક થાળીમાં મૂકે. પછી આ મરી ગયેલ વડીલનું નામ લઇને થાળીમાં બધું ભેગું કરી દેવના પર નાખતા જાય. (ઘરમાં જ વિધિ કરવામાં આવે છે) દીવો સળગાવે છે.

<u>અખાત્રીજ :</u> પાદલાં પકડીને છોકરાં ચોખા અને માછલીઓ લઇને ભૂતિયા પર ચડાવા જાય. ત્યાં ચડાવીને ખાઇને ઘેર આવે. ઘેર આવીને ઘરનાં મરઘું વધેરીને ખાય છે.

<u>હોળી :</u> હોળીનો ઉત્સવ ફાગણ સુદ પૂનમને દિવસે મનાવે છે. હોળી પહેલાં બે ત્રણ દિવસે છોકરાં કે થોડાંક જુવાનો વાજીંત્રો વગાડી થોડુંક નાચે છે. જો કે ખાસ પ્રમાણમાં નહિ, હોળી ઉપર બીજા આદિવાસીઓ (બનાસ કાંઠા, પંચમહાલ, સાબર કાંઠા) જેટલા પ્રમાણમાં નાચે છે તેટલા પ્રમાણમાં નહિ. પણ આ લોકો હોળીના દિવસથી પાંચ દિવસ સુધી હોળીનો ઉત્સવ મનાવે છે.

હોળી સાંજનાં આઠેક વાગે સળગાવવામાં આવે છે. ગામમાં ચાર પાડા છે. ચારેય પાડાવાળા પોત પોતાની હોળી જુદી સળગાવે છે. પોત પોતાના પાડામાં જ હોળી સળગાવવામાં આવે છે. અને તેમાં ભાગ લેનાર પોતાના પાડાવાળા જ હોય છે. હોળી સળગાવ્યા પહેલાં ઘેર વિધિ કરવામાં આવે છે. અને ઘેર વિધિ કર્યા બાદ હોળી સળગાવાની હોય ત્યાં જાય છે. ત્યાં જ્યાં સાથે આંબાના પાન, પાણીના ભરેલાં છ સાત લોટા, દારૂ, રાંધેલો ભાત, અને થોડાંક ચોખા (રાંધ્યા સિવાયનાં) વરી, દીવો કરવા માટે, હોળી સળગાવાનાં જગ્યાએ એક ખાડો બનાવી તેમાં લાકડાં ઉભા કરી રાખેલ હોય છે. ત્યાં પાડા



વાળા પુરૂષો, છોકરા છોકરીઓ (નાનાં તેમજ જુવાન) વૃધ્ધ સ્ત્રીઓ (પરણિત સ્ત્રીઓ આવતી નથી). આવે છે.

પ્રથમ એક હાથ જેટલાં નાનાં બે લાકડાં ઉભાં કરી આંબાનું તોરણ બાંધી ત્યાં દીવો સળગાવે છે. અને ખાખરાનાં પાનમાં રાંધેલ ભાત અને વરી મૂકી રાખે છે. દારૂની બાટલી ત્યાં મૂકે છે અને પાણી ભરેલાં લોટા પણ ત્યાં મૂકે છે. વળી ત્યાં લોટમાંથી કોઇ આકારનું બનાવી તેને શેકી નાની વાંસની ડાળીએ બાંધી રાખે છે જેને પ્રસાદ તરીકે લેવામાં આવે છે. ત્યાર બાદ હોળી સળગાવે છે. છોકરાઓ હોળીના ગીતો ગાય છે. હોળી સળગાવ્યા બાદ એક લીલો વાંસ સળગાવે છે. પછી તેના નાનાં નાનાં કકડા કરી છોકરા લઇ લે છે. એક કકડો જે સળગાવેલ હોય તેને ઓલવીને એક માણસ પોતાની પાસે રાખે છે. ત્યારબાદ છોકરા હોળીની ચારે બાજુ દોડે છે. પેલો માણસ તેમની પાછળ પડે. છોકરાઓ દોડીને પૂજા આગળ જે ખાવાનું મુકી રાખ્યું હોય તે લઇને નદીએ જતા રહે. અહીં રહેલ મોટા માણસો ત્યાં બેસીને થોડોક થોડોક દારૂ પીએ. છોકરાઓ ત્યાં બેસીને ખાવાનું ખાધા બાદ સાથે કાદવ લેતા આવે અને હોળી ઉપર રહેલ માણસોને છાંટા નાખે. હોળીની ચારે બાજુ ફરે અને હોળીમાં પણ છાંટા નાખે. ત્યાં રહેલ સર્વ હોળીની ચારે બાજુ ગોળાકારમાં બેસી જાય. દરેકનાં હાથમાં ચોખાના દાણાં આપવામાં આવે છે. અને એ બે જણ બોલે છે કે " હે હોળી અમે પાંચ છોકરાં ખવડાવ્યા છે. તુ અમારા છોકરા, બૈરા, ઢોર અમને બધાંને સારા રાખે છે. દુ:ખ આવવા દઇશ નહિ. અમે તારી પૂજા કરીએ છીએ. તુ દેવ છે. નહિતર આવા દેવતા તો ઘણાંય સળગે છે. પણ તારી પૂજા કરીએ છીએ. કારણ કે તુ દેવ છે. માટે તુ અમને બધાંને સારા રાખજે. ગામનું રક્ષણ કરજે. એમ બોલીને ઉભા થાય છે. ચોખા એક માણસ લઇ લે. ત્યારબાદ હોળીમાં સળગાવેલ એક લાકડાની મેશથી દરેકને ચાંલ્લા કરવામાં આવે છે. અને એક બીજાને ભેટે છે. (ખભા મીલાવીને)

ત્યારબાદ હોળી આગળથી બધાં છોકરાં ફળિયામાં જાય છે. ખાવાનું માંગવા ત્યાં જઇને દરેક ઘેર ખાવાનું લેવા જાય. અહીં ઘરવાળી સ્ત્રીઓ અને છોકરીઓ ધૂળ નાખે કે પાણી નાખે છે. ત્યારે છોકરાઓ તેમને ખેંચી લાવી તેમનાં પર ધૂળ નાખે છે. આમ થોડીક વાર રમીને હોળી પર જઇને ખાવાનું ખાય છે.

બીજા દિવસથી એક બીજાના પાડામાં જુદા જુદા વેશ પહેરીને ફાગ માંગવા જાય છે. જેમાં સ્ત્રીઓનો વેશ પણ પુરુષો પહેરીને નાચતાં નાચતાં જાય છે.

આ રીતે દેવ દેવીઓની પૂજા અને ઉત્સવો ઉજવે છે. જેમાં ગામનાં લોકો એક બનીને ભાગ લે છે. અને ગામનાં માટે દુઃખ ન આવે તે માટેની મંગળ ભાવનાઓને અર્થે વિધ વિધ પૂજાઓ સર્વ મળીને શ્રધ્ધાપૂર્વક કરે છે.

આ સિવાય પણ અહીંનાં કોંકણાઓમાં ધાર્મિક નિષેધો પણ જોવા મળે છે. જેવા કે સ્ત્રીઓ ધાર્મિક પૂજામાં ભાગ ન લઇ શકે તે ઉપરાંત આ ગામમાં એક નિષેધ પાળવામાં આવે છે કે દર મંગળવારે કોઇ પણ પ્રકારનું કામ કરવું નહિ ને તે દિવસે આરામ રાખવો. ફકત માછલી પકડવા બધાં ભેગાં મળીને નદીએ જાય અને દર પાંચમાં મંગળવારે ગામનાં પુરુષો ભેગાં મળીને પૂજા કરે અને ગામનાં ભલા માટે શુભકામનાઓ માટે દેવને રીઝવે, પૂજા કરીને.

અહીંનાં કોંકણાં એક બાજુ દેવ દેવીઓની પૂજા કરી ગામનાં લોકોની સુખાકારી માટે પૂજા અને બલિદાનો આપી દેવોને ખુશ રાખે છે ત્યારે બીજી બાજુ નુકશાન કર્તા શક્તિઓમાં પણ વિશ્વાસ ધરાવે છે. જેમાં ડાકણ, ભૂત અને જાદુ-મંત્ર છે. તેનાંથી પણ લોકો ડરતા હોય છે. ખાસ કરીને ભય પમાડે તેવી "ડાકણ" થી લોકો વધારે ડરે છે. કારણ કે તેઓ માને છે કે ડાકણ એ જાદુ મંત્ર જાણતી હોવાથી ગમે ત્યારે ગમે તેનો જીવ થોડીક વારમાં જ લઇ લે છે. ડાકણો જીવતી સ્ત્રીઓને માનવામાં આવે છે. મેલી વિદ્યા શીખેલ સ્ત્રીઓ હોય તેને ડાકણ કહે છે. પણ આવી સ્ત્રીઓને બધાં જાણતા નથી કે અમુક સ્ત્રી ડાકણ છે કારણ કે મંત્ર તંત્ર શીખેલ સ્ત્રી હોવાથી તે જલદી ખબર ન પડવા દે તેમ માને છે. આ સ્ત્રી ઢોર, ઝાડ, મનુષ્ય ગમે તેનો વિનાશ કરે છે.

એવી માન્યતા છે કે જયારે બીજી કોઇ સ્ત્રીને "ડાકણ" બનવું હોય તો આવી જાણકાર સ્ત્રી પાસે જઇને મંત્ર તંત્ર શીખે છે. પણ તે સ્ત્રી કોકને જ આવી વિદ્યા શીખવાડે છે. અને તે વિદ્યા શીખનારે પોતાના પતિનો કે ગમે તે માણસનો ભોગ આપવો પડે છે. એવું માને છે કે ભોગ આપેલ પુરુષ લાકડા જેવો થઇ જાય છે. (લાકડું હોય પણ આપણને મનુષ્ય લાગે). તેનું લોહી ચૂસી લેવામાં આવેલું હોય છે.



કદાચ ભગતના કહેવાથી ખબર પડે કે અમુક સ્ત્રી ડાકણ છે અને મને આમ કર્યું છે તો તે સ્ત્રીને ગામવાળા ભેગા મળીને એક ઝાડે ઊંધે માથે બાંધીને મારે છે.

<u>મંગળવાર</u> : મંગળવારના દિવસે ગામનાં લોકો ખેતી કે મજૂરી વગેરેનું કામ કરતાં નથી અને માછલી પકડવા માટે નદીએ જાય છે અને દર પાંચમાં મંગળવારે ગામનાં પુરુષો ભેગાં મળીને "આહવન" અને "મરહી" ની પૂજા કરે છે. સવારનાં આઠેક વાગે ગામદેવનાં સ્થાનકે આવી ત્યાં ઝાડનીચે બેસે છે. આવનાર દરેક ૧૦ પૈસા આપે. ચોખાનો લોટ લાવે, સિંદૂર, ગુલાબ, નાળિયેર, કોપરાની કડકીઓ, એક જુનું સુપડું લાવે છે. પૈસામાંથી ચહા, ખાંડ, બીડી મંગાવે. ચોખા લાવે, એક નાની તપેલીમાં બનાવે અને બીજા મોટા તપેલામાં બનાવે છે.

ત્યાં પૂજા કરવા વાળા બે જણ ચોખાના લોટમાંથી નાનાં નાનાં દેવો બનાવીને સુપડામાં મૂકતા જાય. સુપડામાં જે દેવો મૂકે છે તે માથું અને હાથ જેવું બનાવી કુલ સાત લાઇનમાં મૂકે છે. પહેલાં ચાર અને પછી ત્રણ લાઇનમાં મૂકે છે. ઉપરની ચારમાં દરેકમાં આઠ દેવ મૂકે છે અને નીચેની ત્રણમાંથી એકમાં આઠ અને બેમાં સાત, સાત દેવો મૂકી લાઇનોમાં ગોઠવે છે. ત્યારબાદ બીજા સાત દેવો બનાવે જેમાં એકનાં ચાર હાથ, ત્રણ હાથ, બે હાથ, એક એક હાથવાળા એમ બનાવી ઉપર ત્રણ અને નીચે ચાર ગોઠવી દે છે પછી તેની આસપાસ કંકુ, ગુલાબ અને ચોખાનાં લોટમાંથી આંગળી વડે પુરે છે અને વધેલ કંકુ ગુલાબ વગેરે દરેક દેવ પર નાખી દે છે. વચ્ચેની લાઇનોમાં પુરું નાખે. ત્યારબાદ કોપરાંની કડકીઓ, થોડાંક ચોખા, ખજુર, તુવરની દાળ વગેરે અંદર મૂકે છે. દીવો સળગાવે છે. તે પછી નાળિયેર વધેરે, તેનું પાણી સુપડામાં થોડુંક નાખે અને એક થાળીમાં થોડાંક ચોખા રાખે તેનાં ભેગું નાળિયેરનું પાણી રાખે પછી નાળિયેર ફોડીને અડધી કાચલી સુપડામાં મૂકે, અડધી પ્રસાદી તરીકે પેલી થાળીમાં મૂકે છે. પડીકાનાં કાગળ, નાળિયેરનાં છોતરાં પણ સુપડામાં મૂકી રાખે છે. દેવ બનાવનાર બે જણ હોય તેમાંથી એક જણ પોતાનાં હાથમાં ચોખા લઇને મંત્ર બોલે છે અને સુપડામાં થોડાંક નાખે. બીજા ચોખા એક માણસનાં હાથમાં આપે ને ગામદેવ આગળ લઇ જાય ત્યાં સાત પુરુષોને ચોખા આપી તેઓ બેસીને ચોખા દેવ પર નાખે અને બોલે છે કે "અમારાં બાળકો, ઢોર અમને બધાંને સારાં રાખજે" એમ કહી બધાં, હાથ નીચા કરી, નમન કરી થોડાંક ચોખા દેવ પર નાખે છે.

અને બાકીનાં નાળિયેર વાળી થાળીમાં મૂકે છે. ત્યારબાદ નાની તપેલીમાં જે ચોખા રાંધ્યા હોય તે લાવવામાં આવે છે અને તેને એક પાન પર મૂકે છે. પછી સુપડાને ચાંલ્લા કરી, અગરબત્તી સળગાવે છે. પછી એક માણસ સુપડું પકડે અને બીજો માણસ પાનમાં ચોખા મૂકેલ હોય તે લે છે. સુપડાવાળો આગળ અને ચોખાવાળો પાછળ એમ ગામની હદ સુધી જાય છે અને ત્યાં મૂકીને પાછા આવે છે. અહીં દરેકને બીડી પીવા આપે છે, પછી ચ્હા મૂકે છે અને જે ચોખાનો લોટ વધેલ હોય તેમાંથી એક રોટલો બનાવી દેવના પર સેકવામાં આવે છે. નાળિયેરનાં પાણી વાળા ચોખા અને કોપરું પ્રસાદીમાં દરેકને આપે છે. દરેક પોતાની પાસેનાં કપડામાં કે માથે વિંટાળેલા કપડામાં છેડે બાંધે છે - ઘરનાંને ખાવા માટેની પ્રસાદી. ચ્હા બની ગયા પછી દેવ બનાવનારને ખાખરાનાં પાનમાં ચ્હા આપવામાં આવે છે. તેઓ ચ્હા હાથમાં રાખીને મંત્રો બોલે છે અને ત્રણ વખત જમીન પર થોડીક પડવા દે છે, પછી પીવાનું શરૂ કરે છે, પછી દરેકને ચ્હા આપવામાં આવે છે. ખાખરાનાં પાનમાં પછી દરેકને રોટલાનો થોડોક કકડો અને થોડા થોડાક ચોખા પણ આપે છે. પ્રસાદી તરીકે ખાય છે. પછી ત્યાંથી છુટા પડીને પોતપોતાનાં ઘેર જાય છે.

આ સિવાય ગામમાં કોઇના ઘેર કોઇને કંઇ દુઃખ થાય કે પછી ઢોર મરતાં હોય કે માંદા પડે ત્યારે "ભગતાઇ" કરાવવામાં આવે છે. કોઇને માથું દુઃખે - બે ત્રણ દિવસ તો પણ ભગતાઇ કરાવે છે. "ભગત" ને પોતાને ઘેર બોલાવી ભગતાઇ માટે બેસાડે છે. આ વખતે બીજા પુરુષો ભેગા થાય (એમ માને છે કે ડાકણનાં લીધે બિમારી આવે છે) ભગત પૂજા વિધિ કરે છે અને ડાકણને કહે કે "હવે માફ કર ખૂબ હેરાન કર્યા" ત્યારબાદ જંગલમાં જઇને વિધિ કરે, બધાં સાથે જઇને અને મરઘું કે બકરું અને દારૂ ચડાવે અને ત્યાંજ રાંધીને ખાય છે.

આ રીતે અહીંના કોંકણા ધાર્મિક જીવન જીવે છે જેમનાં હૃદયનાં દરેક ધબકારમાં અપૂર્વ શ્રધ્ધા હોય છે. ધાર્મિક ક્ષેત્રે "ભગત" નું મહત્વ ઘણું છે. ગામનાં દેવોની પૂજામાં, ઉત્સવમાં તેમજ કોઇનાં દુઃખમાં મોખરે રહીને તેની પૂજા વિધિઓ કરે છે. ધાર્મિક ક્ષેત્રે અગત્યનું સ્થાન ભોગવે છે. કોઇને દુઃખ આવે તો તે તુરત ભગત પાસે પહોંચી જાય છે અને તે જેમ કરવાનું કહે તેમ કરે છે. કેટલાંકને પેટમાં સખત દુખતું હોય તો પણ ભગત પાસે



દોડી જાય છે, ભગત પેટ પર "ડામ" દે છે.

આ રીતે ભગતનું સ્થાન ડોક્ટર જેવું પણ ગણી શકાય. લોકો ડોક્ટરની દવા લેવા ન જતાં, ભગત પાસે પહેલાં જાય છે અને ડોક્ટર તેમજ ડોક્ટરની દવા કરતાં ભગત અને ભગતની ભગતાઇમાં બેહદ શ્રધ્ધા અને વિશ્વાસ રાખે છે.

પ્રકરણ : ૮

સારાંશ :

સમગ્ર રીતે જોઇએ તો બન્ને તપાસ સમયનાં ગાળામાં લવકર ગામનાં કુંકણા કુટુંબોની સ્થિતિ સુધરી નથી એ સ્પષ્ટપણે જણાઇ આવે છે. બન્ને તપાસ સમયે ગામમાં નીચે પ્રમાણેની સ્થિતિ જોવા મળી હતી :

( આંકડાકીય ચિત્ર પરિશિષ્ટ ૧ માં આપ્યું છે )

(૧) લવકર ગામમાં કુંકણા આદિવાસીઓની આર્થિક પરિસ્થિતિ પહેલાંનાં જેવી જ છે. પહેલાંની જેમ તેમને આજેપણ ભૂખમરાની પરિસ્થિતિમાં જીવવું પડે છે. ગામનાં લોકોની માથાદીઠ માસિક આવક ૧૯૬૯ માં રૂ.૧૦ હતી તે વધીને ૧૯૭૯ માં રૂ.૧૯ ની થઇ હતી. તે જ રીતે તેમનો વપરાશ ૧૯૬૯ માં માથાદીઠ રૂ.૯ નો હતો જે વધીને રૂ.૩૪ થયો હતો. દાયકા દરમ્યાન થયેલ ભાવ વધારાને ધ્યાનમાં લઇએ તો તેમની નાણાકીય આવકમાં વધારો થયો હતો પરંતુ વાસ્તવિક આવકમાં વધારો થયો નથી. બન્ને વર્ષ દરમ્યાન જે તે વર્ષના ભાવે તપાસમાં આવરી લીધેલ બધાં કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન વ્યતીત કરતાં હતાં. ૧૯૭૫ માં ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવેલ ધરમપુર તાલુકાના અભ્યાસમાં પણ કુલ ૧૦૬ કુટુંબમાંથી ૮૨ ટકા કુટુંબો ગરીબીની રેખા નીચે જીવન જીવતાં હતાં એ હકીકત છતી થતી હતી.

(૨) દાયકા દરમ્યાન દેવાદાર કુટુંબોની સંખ્યામાં ઘટાડો થયો હતો. પરંતુ દેવાદાર કુટુંબદીઠ દેવાનું પ્રમાણ વધ્યું હતું. એમણે મોટા ભાગનું દેવું શાહુકાર પાસેથી કરેલું હતું. સહકારી મંડળીનું દેવું નહિવત હતું. આમ દસ વર્ષ પછી પણ ગામનાં લોકોનો આધાર બિન સંસ્થાકીય એજન્સી પર હતો. આ સૂચવે છે કે હજી પણ અહીંના આદિવાસી લોકો સહકારી મંડળી દ્વારા ધીરાણ મેળવી શકતા નથી. મોટા ભાગનું દેવું ઉત્પાદકીય હતું. ખેતીના વિકાસ પાછળ નહિવત રકમ ખર્ચાતી હતી.

(૩) દાયકા દરમ્યાન તપાસેલ કુટુંબોની જમીનનાં પ્રમાણમાં નહિવત વધારો થયો હતો. પરંતુ વસતિ વધવાની સાથે માથાદીઠ જમીનનું પ્રમાણ જે પહેલાં ૩૬ ગૂંઠા હતું તે ઘટીને ૩૩ ગૂંઠા થયું હતું. તદુપરાંત જમીનની ઉત્પાદકતામાં ખાસ કોઇ ફેરફાર થયો નહોતો. નદી પાસે હોવા છતાં નદીના પાણીની સિંચાઇ માટે ઉપયોગ થઇ શકે તે માટેની કોઇ સગવડ ઊભી થઇ શકી ન હતી.

(૪) દાયકા દરમ્યાન તપાસેલ કુટુંબોની વસતિમાં ૧૦.૨ ટકાનો વધારો થયો હતો. આમ વસતિ વધારાનો દર ઓછો હતો. સંયુકત કુટુંબની સંખ્યામાં વધારો થયો હતો. જયારે વિભકત કુટુંબમાં ઘટાડો થયો હતો.

(૫) શિક્ષણનું પ્રમાણ વસતિ વધવાના સાથે ઘટયું હતું. પહેલાં નવ વ્યકિતઓ શિક્ષિત હતી, જયારે દસ વર્ષ પછી શિક્ષિતની સંખ્યામાં ઘટાડો થયો હતો. આમ અહીંના કોંકણામાં શિક્ષણ પ્રત્યેની સભાનતા જોવા મળી ન હતી. આ સૂચવે છે કે શિક્ષણની દિશામાં હજી ઘણું કરવાનું બાકી રહે છે.

આમ એકંદરે ગામની સ્થિતિ જોતાં તેમાં ખાસ ફેરફાર જોવા મળતો નથી. ગામનાં લોકો પશુઓ રાખે છે જો તેમને પશુપાલનનો ધંધો સારી રીતે કરી શકે તે માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવે તો તેમની આર્થિક સ્થિતિમાં સુધારો થઇ શકે. આ સિવાય ગામમાં કેટલીક જગ્યાએલીફટ ઇરીગેશન દ્વારા પાણી પૂરું પાડવામાં આવે તો તેમની ખેતીની આવક વધતાં જીવન ધોરણ સુધારી શકાય. તદુપરાંત ગામમાં વધુ જ ખેડૂતો છે તેથી વધુને વધુ લોકોને સહકારી મંડળી હેઠળ આવરી લઇ ધીરાણની સગવડ આપવી જોઇએ. તેમનાં બાળકોને ભણવા માટે નિશાળે મૂકે તે માટે તેમને સમજાવવા જોઇએ. આમ આવા કેટલાંક અગત્યનાં પગલાંઓ લઇ ગામના લોકોની આર્થિક સ્થિતિ અને ગામનું કલેવર બદલી શકાશે.



## પરિશિષ્ટ - ૧

**આર્થિક સ્થિતિનો તુલનાત્મક કોઠો**

| | ૧૯૬૯ | ૧૯૭૯ | વધારો ઘટાડો (ટકામાં) |
|---|---|---|---|
| ૧: કુલ કુટુંબો | ૪૫ | ૪૫ | |
| ૨: કુલ વસતિ | ૨૫૩ | ૨૭૯ | + ૧૦.૨૭ |
| ૩: કુલ કામ કરનારા | ૧૨૮ | ૧૪૯ | + ૧૬.૪૦ |
| ૪: કુટુંબદીઠ જમીન (હેકટરમાં) | ૨.૦૪ | ૨.૧૦ | + ૨.૯૪ |
| ૫: માથાદીઠ જમીન | ૦.૩૬ | ૦.૩૪ | - ૬.૭૬ |
| ૬: કુટુંબનું કદ | ૫.૬ | ૬.૨ | + ૧૦.૭૧ |
| ૭: સંયુકત કુટુંબ | ૩૨ | ૪૨ | + ૩૧.૨૫ |
| ૮: વિભકત કુટુંબ | ૧૩ | ૩ | - ૭૬.૯૨ |
| ૯: કુલ વસતિમાં શિક્ષણ | ૯ | ૫ | - ૪૪.૪૪ |
| ૧૦: કુટુંબદીઠ વાર્ષિક આવક | ૬૬૭ | ૧૪૨૮ | + ૧૧૪.૦૯ |
| ૧૧: માથાદીઠ વાર્ષિક આવક | ૧૧૯ | ૨૩૦ | + ૯૩.૨૮ |
| ૧૨: કુટુંબદીઠ માસિક આવક | ૫૬ | ૧૧૯ | + ૧૧૨.૫ |
| ૧૩: માથાદીઠ માસિક આવક | ૧૦ | ૧૯ | + ૯૦.૦ |
| ૧૪: કુટુંબદીઠ વાર્ષિક ખર્ચ | ૬૨૯ | ૨૫૫૫ | + ૩૦૬.૨૦ |
| ૧૫: માથાદીઠ વાર્ષિક ખર્ચ | ૧૧૨ | ૪૫૨ | + ૨૬૭.૮૬ |
| ૧૬: કુટુંબદીઠ માસિક ખર્ચ | ૫૨ | ૨૧૩ | + ૩૦૯.૬૨ |
| ૧૭: માથાદીઠ માસિક ખર્ચ | ૯ | ૩૪ | + ૨૭૭.૭૮ |
| ૧૮: કુટુંબદીઠ અસ્કયામત | ૪૦૩૪ | ૭૪૯૫ | + ૮૫.૭૯ |
| ૧૯: કુલ દેવાદાર કુટુંબ | ૨૨ | ૭ | - ૬૮.૧૮ |
| ૨૦: કુટુંબદીઠ દેવું | ૮૭૫ | ૪૨ | - ૪૪.૦ |
| ૨૧: દેવાદાર કુટુંબ દીઠ દેવું | ૧૫૩ | ૨૭૧ | + ૭૭.૧૨ |
| ૨૨: ગરીબાઇની રેખા નીચે જીવતાં કુટુંબો | ૪૫ | ૪૫ | યથાવત ૧૦૦.૦૦ |